કુમાર

૩૭૨

આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ
ડિસેમ્બર · ૧૯૫૪



'ગામડાનાં ઘર' · કલાકાર ભાનુ સ્માર્ત · સીધું પતરા ઉપર કોતરેલું ડ્રાઈ પૉઇન્ટ આલેખન

તંત્રી · બચુભાઈ રાવત



ભગવાન શંકરનું 'ચન્દ્રશેખર' સ્વરૂપ · (ચિત્રકાર · શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય) ૨૫ વર્ષ પહેલાંનું મુખચિત્ર

કુમાર

ડિસેમ્બર ૧૯૫૪

અંક ૩૭૨

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

આપ જાણીને ખુશી થશો કે મારા બે પુત્રો – એક ૧૭ વર્ષનો અને બીજો ૧૧ વર્ષનો–યૉક પબ્લિક સ્કૂલ લુડહાઉસ ગ્રવમાં ભણે છે. તેમને 'કુમાર' નિયમિત મોકલાય છે, અને ત્યાંના હેડમાસ્ટર મિ. પ્રીચાર્ડ તથા કલાશિક્ષક બંને રસપૂર્વક, 'કુમાર'નાં ચિત્રોને સમજવા પ્રયત્ન કરે છે. મોટો પુત્ર જનરલ સ્કૂલ સર્ટિફિકેટ ચાલુ સાલે પસાર કરશે. 'કુમાર'ના વાચન ઉપરથી તેણે લિટરરી સોસાએટીના નિબંધ 'હિંદી અને અંગ્રેજની સરખામણી'માં પ્રથમ નંબરે ઇનામ મેળવ્યું છે (અંગ્રેજીમાં લખાણ). આ વસ્તુ તો આપના 'કુમાર'ને અંગે હોવાથી સહજ લખાઇ જવાય છે.

(જિંજા-યુગાન્ડા) —નિર્મળા ભટ્ટ

અંક ૩૬૯માં 'સૌરાષ્ટ્રનાં પંચરત્નો'ની ગણના કરી છે એ જ રીતે મારા કચ્છના વાસ્તવ્યના અનુભવ બાદ કચ્છનાં 'પંચરત્નો' નીચે પ્રમાણે મેં શ્લોકબદ્ધ કર્યાં છે:

श्रीकच्छे पञ्चरत्नानि जलं वातं च खर्जुरम् ।
चतुर्थं धेनुबन्धं च अन्यत्नाराणसरः ॥

(કચ્છનાં હવાપાણી ખૂબ સારાં છે. કચ્છની મીઠી ખારેકો દૂર દેશાવર જાય છે. ઘેરઘેર ગાય બંધાય છે ને કચ્છનું નારાયણ સરોવર આર્યાવર્તનાં પાંચ પવિત્ર સરોવરમાંનું એક છે.)

ભુજ (કચ્છ) —રાજારામ પં. કાટદરે

૩૭૦મા અંકમાં છેલ્લે પાને લખેલું "ઝાડ પોતાનું ૯૦ % પોષણ હવામાંથી મેળવે છે" એ વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ તદ્દન બિનપાયાદાર છે; કારણ કે ઝાડના બંધારણમાં ૭૦-૯૦ ટકા તો માત્ર પાણી જ હોય છે. તદુપરાંત ઝાડને હવામાંથી માત્ર પ્રાણવાયુ ને કાર્બન ડાયૉક્સાઈડ મળે છે. અને તેમાં કાર્બન ડાયૉક્સાઈડ તો દિવસના સમયે જ સૂર્યના પ્રકાશમાં વાપરી શકાય. વળી ઝાડને જે વિના ન ચાલે તેવા ક્ષારો (salts) કેલ્સ્યમ, પૉટાશ્યમ, ફૉસ્ફરસ વગેરે તો હવામાંથી મળવા સંભવિત નથી. હવામાં ૭૮% જેટલો નાઇટ્રોજન છે, પણ ઝાડ તે વાપરી શકતાં નથી. તેને માટે તેમણે જમીનમાંના નત્રક્ષારો પર જ આધાર રાખવો પડે છે. હવામાંથી માત્ર કાર્બોહાઇડ્રેટ્સ મળી શકે પણ તેમાં યે ૫૦% તો પાણી જ થયું ને? માટે એ કથન ખોટું છે.

(કલકત્તા) —પ્રાણશંકર સી. દવે

નવેમ્બર અંકમાં શ્રી ઉમાકાન્ત શાહના 'ભારતીય કલાનો સુવર્ણ યુગ' લેખમાં 'क्षणे क्षणे यन्नवतामुपैति तदेवरूपं रमणीयतायाः।' એ ઉક્તિ સાથેના લખાણનો સંદર્ભ તે કવિકુલગુરુ કાલિદાસની ઉક્તિ હોવાનો ભ્રમ પેદા કરે છે. સાચી રીતે આ અતિ પ્રસિદ્ધ ઉક્તિ મહાકવિ શ્રી માઘરચિત શિશુપાલવધના મહાકાવ્યમાં આવે છે.

(લાડોલ) —લક્ષ્મીશંકર જોષી

'કુમાર'ના ૩૬૧મા અંકમાં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના 'પ્રજનન'ના લેખમાં એમણે લખ્યું છે કે 'જે સ્થિતિ સ્ત્રીઓમાં રજોદર્શન તરીકે લેખાય છે તે સ્થિતિ ઈતર પ્રાણીમાં પ્રાણી-ગરમી (rutting) તરીકે ઓળખાય છે.'

વેટરીઅરીના અભ્યાસી તરીકે હું કહી શકું, કે એ શબ્દ ભૂલભરેલો છે. જ્યારે નર હાથીના કપાળમાં ગ્રંથીઓ ઉપસી આવે છે અને તે ફૂટે છે ત્યારે હાથી 'ગાંડો થયો' એમ કહેવાય છે તેને માટે 'elephant is in rut' એમ વપરાય છે; ને માદા પ્રાણી માટે 'તે oestrum માં છે' એ શબ્દ વપરાય છે.

(મુંબાઇ) —શશાંક યશશ્ચન્દ્ર

જીવનને સ્પર્શતા ઘણા પ્રશ્નોની વિસ્તૃત છણાવટ 'કુમાર'માં કરવામાં આવે છે, પરંતુ મને એક વિભાગની ખામી જણાય છે અને તે કાયદાને લગતી. એ માહિતી સરળ ને સહેલી ભાષામાં આપવાની શરૂઆત કરશો તો તે કેટલા ય વાચકોને ઉપયોગી થઈ પડશે.

(આણંદ) —ઠક્કર પુરુષોત્તમ ખટાઉભાઇ



ધ્રાંગધ્રાથી શ્રી ડાહ્યાભાઇ દેસાઇએ નૂતન વર્ષાભિનંદન નિમિત્તે સ્વહસ્તે બનાવી મોકલેલા એક સુંદર કાર્ડમાંની કાગળ-કાપ-કળા.



બે વર્ષ ઉપરના 'કુમાર'માં મહી નદી ઉપરના લેખમાં ગલિયાકોટ નામના નાના ગામડાનો ઉલ્લેખ આવ્યો છે. આ સ્થળ શિયા વહોરાઓનું મોટું જાત્રાનું સ્થળ છે. ત્યાં જૂનાં ખંડિયેર, વિશાળ મંદિરો તથા રસ્તામાં કેટલી યે ખાંભી આવેલી છે. મંદિરો પર ભવ્ય કળામય કોતરકામ છે અને મંદિરોના થાંભલાઓને સુંદર આકૃતિઓથી સજાવેલા છે. આ સાથે તેમાંનો એક ફોટો મોકલ્યો છે.

(અમદાવાદ) —એમ. એસ. લતીફ.

નીચેનો શ્લોક મારા પુરોહિત પાસેથી સાંભળવામાં આવ્યો છે:

'સારંગકુ સારંગ ગ્રહ્યો, ઉપર સારંગ ધાય;
મુખસે સારંગ ના કટે, તો કુઢકો સારંગ જાય.'

આમાં 'સારંગ'ના ત્રણ અર્થ થાય છે: સારંગ=મોર, સર્પ, સારંગ અને વરસાદ. એ ત્રણેને યોજી એ શ્લોક બનાવ્યો છે. તેનો અર્થ નીચે મુજબ થાય:

મોરે સર્પને પકડ્યો અને ઉપરથી વરસાદ આવ્યો. જો મુખમાંથી મોર ટહુકે નહિ તો મોરનું મોરપણું જાય; જો ટહુકે તો મુખમાંથી શિકાર જાય. આમાં મોર દ્વિધામાં પડી ગયો છે.

(ઘાટકોપર) –મનસુખલાલ ગુલાબચંદ ગાંધી

છેલ્લાં સાતેક મહિનાથી હું 'કુમાર' સંગાવું છું. તે પહેલાં મારી બેનપણી પાસેથી મેં છેલ્લા ૬-૭ વર્ષનાં 'કુમાર' વાંચ્યાં. એમાંથી મને રસ જાગ્રત થયો અને હું ગ્રાહક બની. હવે મારી ઈચ્છા, જો શક્ય હોય તો, 'કુમાર' જ્યારથી નીકળ્યું ત્યારથી ૧૯૪૭-૪૮ પહેલાંના બધા અંક વાંચવાની છે. તમારા કોઈ ગ્રાહક મને વાંચવા આપે તો હું બને તેટલા જલદી તેમને મૂળ સ્થિતિમાં પાછાં સુપ્રત કરીશ.

—મીનાક્ષી ખાંડવાલા

ડી.એસ. ખાંડવાલા ૧૬૮ ડી, બારડોલી હાઉસ વિન્સેન્ટ રોડ, વિકાસ વાડી, દાદર મુંબઈ-૧૪

કુમાર ડિસેમ્બર ઈ. ૧૯૫૪

ગલ, વાયસ

· વસંતતિલકા ·

ગલ, વાયસ: શ્વેત શ્યામ:
અંભોધિને તટપ્રદેશ રમે 'ભિરામ.
આ સંધિને સમય...
અંચલ શર્વરીનું
ઝીણું, વરેણ્યકિરણે ગ્રહી લીધ સ્હેજ.
–રે બે સલજ્જ ઉરનો મધુપર્ક-મેળો!–
અંકાય પેલી ક્ષિતિજે અરુણાઈ...કેવું
આનંદની લહર શું પ્રસરંત હેત!

આછો ઉઘાડ સમચિત્તની શાન્તિવંત:
પાંખો રમે ધવલ કૃષ્ણ હળીમળીને...
આંહી વ્યતીત-ભવિતવ્ય-મહીં વિહાર
ને સ્વપ્ન-જાગૃત-અવસ્થિતિ-એકસંગ:
હું અર્ધ પાંપણ ઢળેલ દગો ભરીને
છાયા–પ્રકાશમય વિશ્વ લહું લલામ.
છાયા...પ્રકાશ...
ગલ, વાયસ;
શ્વેત શ્યામ.

રાજેન્દ્ર શાહ

દરિયાકાંઠાનું સફેદ પંખી ગલ ને કાળો કાગડો, બંનેને સાગરતીરે અરુણોદય સમયે ઊડતાંરમતાં જોઇને, રાત્રિ-દિવસના એ સંધિને સમયે, છાયા-પ્રકાશ, ભૂત-ભવિષ્ય, સ્વપ્ન-જાગૃતિ, એકબીજામાં કેવાં ઓતપ્રોત છે તેના આવેલા વિચાર.

બદલે છે

· ગઝલ ·

યુગેયુગમાં નવેસરથી બધા વ્યવહાર બદલે છે,
અનાદિથી જુઓ કે ક્યાંય સાચો પ્યાર બદલે છે?
સપાટી શાંત જોઇને ભરોસો રાખ મા, નાવિક!
ડુબાવી દેવા નૌકાને કદી મઝધાર બદલે છે!
ખબર પડતી નથી હરરોજ કોનું થાય છે સ્વાગત,
ખુશીનાં અશ્રુઓ સાથે ઉષા શણગાર બદલે છે.
મરી જવાનો જીવનમાં કદી પણ રંજ કૈં ના છે,
મરણનો અર્થ માનું છું કે જીવ આગાર બદલે છે.
તમે નક્કી મનોમન કૈંક મનસૂબા વિચારો છો,
નહીંતર કાં પળેપળ મુખ ઉપર અણસાર બદલે છે?
તમારા દિલની શંકાઓ બધી યે રદ કરી નાખો,
બતાવો દાખલો અમને કે ગુલથી ખાર બદલે છે.

મુકબિલ કુરૈશી

· ઇન્દ્ર-સ્રગ્ધરા ·

ત્યજી મને તું ફરિયાદ છો ને
વિરુદ્ધ મારી કરતી, પ્રિયા રે!
વ્હાલી મને એ પણ સર્વ લાગશે
જો એવી રીતથી યે કરી રહીશ મને તું 'ફરી યાદ' ત્યારે.

ગીતા પરીખ

રાષ્ટ્રીય ચારિત્ર્ય

ગુજરાત વિદ્યાપીઠના કેટલાક વિદ્યાર્થીઓ મને મળવા આવેલા. તેમને મેં એક પ્રશ્ન પૂછ્યો. 'આપણા દેશનો ઉગ્રમાં ઉગ્ર પ્રશ્ન કયો?' 'અનાજ, કેળવણી ને શોષણ.' તેમણે કહ્યું. 'હા, એ તો ખરાં જ. પણ' મેં કહ્યું, 'મારા માટે આપણો સૌથી ઉગ્ર અને મુખ્ય પ્રશ્ન જો કોઈ હોય તો તે આપણા દેશના રાષ્ટ્રીય ચારિત્ર્યનો છે.'

૧૯૩૦નાં સ્મરણો તાજાં થાય છે ત્યારે મને એક જ વિચાર આવે છે. ૧૯૫૫ સુધીના આ પા સૈકામાં બુદ્ધિ અને ભાવનામાં આગળ વધ્યા હોઇએ છતાં જેને આપણે જીવનદર્શનની અખૂટ શ્રદ્ધા કહીએ છીએ તેની દઢતા અને ખુવાર થવાની તમન્નામાં જરૂર પાછા પડયા છીએ.

હમણાં ચર્ચિલનું બીજા વિશ્વયુદ્ધ ઉપરનું પુસ્તક વાંચતો હતો. તેમાં મને એક શીલવતી પ્રજાનું દર્શન થયું. એ પુસ્તકમાં જે નક્કર હકીકતો આપી છે તે રાષ્ટ્રીય ચારિત્ર્યથી છલકાતી લોકશાહીનું ચિત્ર ખડું કરે છે.

'ક્રીટના ટાપુઓ પર અંગ્રેજ કાફલો હલ્લો કરે છે. અંગ્રેજ કાફલો હારે છે. ૧૬ હજાર અંગ્રેજ યોદ્ધાઓ ઘેરાઈ જાય છે. ઘેરાએલા યોદ્ધાઓને છોડાવવા સમગ્ર નૌકાદળ મથી રહ્યું છે. અંગ્રેજ વહાણો એક પછી એક તળિયે બેસે છે. આ કટોકટીની પળે યુદ્ધ-પ્રધાન ચર્ચિલ સેનાપતિને સંદેશો મોકલે છે—પરિસ્થિતિ એવી છે કે બધાને છોડાવવા જતાં કાફલો ગુમાવી બેસીશું. માટે ચાલ્યા આવો.'

નૌકાસૈન્યનો વડો ઍડમિરલ જવાબ વાળે છે કે, એક મોટામાંમોટા બ્રિટિશ નૌકાસૈન્યનો કાફલો ફરી બાંધતાં ત્રણથી વધુ વર્ષ નહીં લાગે, પણ આપણે આપણી પ્રજામાં વિશ્વાસ ઊભો કર્યો છે કે એક પણ અંગ્રેજ યોદ્ધો ઘેરામાં બાકી હશે ત્યાં સુધી તેને છોડાવવા અંગ્રેજ કાફલો ગમે તે ખુવારી સહન કરીને પણ તેને માટે લડશે. આ વિશ્વાસ ફરી ઊભો કરતાં ૩૦૦ વર્ષ જશે! પ્રજાના વિશ્વાસ કરતાં દેશની કોઈ પણ સંપત્તિ વધુ નથી. પ્રજાનો વિશ્વાસ ગુમાવવા કરતાં મોતને વધુ પસંદ કરનાર પ્રજાના પ્રતિનિધિનો એ જવાબ હતો.

એવો જ બીજો દાખલો છે સિંગાપુરના યુદ્ધ વખતનો. અંગ્રેજ સૈન્ય હારવાની અણી ઉપર છે. તે જ વખતે લૉર્ડ વૅવલને મુખ્ય સેનાપતિ બનવાનું બહુમાન મળે છે. બધું તૂટતું હતું. હાર નિશ્ચિત હતી. તોપણ લૉર્ડ વૅવલ નોતરું ઝીલી લે છે. પણ તે કહે છે કે એક શરતે આ નોતરું સ્વીકારું છું કે હાર્યા પછી હું કહું તેમ કરવું. એટલે હું હાર સ્વીકારીશ, પણ નામોશી નહીં સ્વીકારું.

હાર અને નામોશી વચ્ચે એક પાતળી લીટી છે. અને એ લીટી જ મૂલ્યો ઉપરની વફાદારીનો આંક દર્શાવી દે છે. દરેક વખતે માણસ જીતે જ છે તેવું નથી બનતું. માણસ હારે પણ ખરો. પણ એ પીછેહઠમાં પણ હારની ખુમારી હશે. તેમાં નામોશીની નિરાશા નહીં હોય.

સ્વરાજ્યની સ્થિરતા અને વિકાસની બાંહેધરી આપે તેવું કામ કરવા માટે દેશમાં રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ આપણે સૌએ કરવાનું છે. એ વિના આપણી બધી સિદ્ધિઓ ઝાંખી પડવાની છે. ઉ. ન. ઢેબર

જગતના શ્રેષ્ઠ વ્યંગકલાકારોની હરોળમાં બેસતો કાર્ટૂનિસ્ટ વિકી

લેખક · જયંતીલાલ કાલિદાસ પટેલ



વિકીએ પોતે કરેલું પોતાનું કાર્ટૂન

જગતના શ્રેષ્ઠ વ્યંગકલાકારોની હરોળમાં બેસતો, જર્મનીમાં જન્મેલો હંગેરિયન, છતાં બ્રિટિશ પ્રજાની રગેરગ પારખનાર અને અંગ્રેજી સમાજ તથા રાજકારણમાં જીવંત રસ લેનાર પ્રખ્યાત વ્યંગચિત્રકાર 'વિકી' ગયા ડિસેમ્બરમાં પોતાની રજાના દિવસો ગાળવા માટે ભારતની ઊડતી મુલાકાતે આવી ગએલો. તે વખતે તેની રૂબરૂ મુલાકાતમાં કરેલા તેના પરિચયની રૂપરેખા આપવાનો આ પ્રયત્ન છે.

'વિકી' મુંબાઈમાં છે એ સમાચાર 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'માં વાંચતાં હું સીધો જ 'ટાઈમ્સ'ની ઈમારતનાં પગથિયાં ગણીને તંત્રીની ઑફિસમાં પહોંચ્યો. ત્યાંથી જાણવા મળ્યું કે 'વિકી' આગલા દિવસે 'ટાઇમ્સની' ઑફિસમાં આવી ગયો હતો અને 'ટાઈમ્સ'ના વ્યંગકલાકાર લક્ષ્મણ સાથે એકાદ કલાક ગાળ્યો હતો. તે તાજમહાલ હોટેલમાં ઊતર્યો છે એમ જાણતાં આપણે તો ત્યાં ટેલિફોન જોડ્યો! હું અને તમે જર્મની ગયા હોઇએ (જોકે એમ થવાના બહુ જ ઓછા ચાન્સ છે!) અને બે દિવસ જ ત્યાં રહેવાનું હોય તો આપણે કોને કોને મળીએ અને શું શું જોવા જઇએ? તેમાં યે વળી આ તો 'વિકી'! પરંતુ સારા (કે ખરાબ?) નસીબે આટલો મોટો માણસ હિંદુસ્તાનમાં ફરી રહ્યો છે એની ખબર બહુ ઓછાને હતી. ટેલિફોન ઉપર પ્રત્યુત્તર મળ્યો કે તમે મને મળી શકો છો.

આ એ જ 'વિકી' કે જેને માણસજાતની એકેએક નબળાઈ સતાવતી હતી, અને એ નબળાઇઓ જો સ્પષ્ટ કરવાથી દૂર થઈ શકતી હોય, –દૂર ન થતી હોય તો કંઇ નહિ, પરંતુ બધા જ સમભાવથી તેને હસી કાઢી જીવનને વધુ સુખી ને સાચું બનાવી શકાય તો યે ઘણું, એ દૃષ્ટિએ પોતાના જીવનની તમામ શક્તિઓ ખર્ચીને એણે વ્યંગચિત્રકલાની સાધના કરી હતી. વ્યંગચિત્રોની સાધના કરતાં કરતાં આજે 'વિકી' વ્યંગકલાનો યોગી બન્યો છે એમ કહી શકાય. બંગાળના દુષ્કાળ પરનાં એનાં ચિત્રો જોઇને અંગ્રેજ પ્રજા કકળી ઊઠેલી ને તંત્રીની ઑફિસમાં પત્રો આવ્યા હતા કે 'વિકી'નાં એ દુષ્કાળપીડિત બંગાળનાં મર્મવેધક કટાક્ષચિત્રો જોયા પછી જમવાનું અશકય થઈ પડે છે! જેનો જવાબ 'વિકી'એ એવો આપ્યો હતો કે 'મારાં ચિત્રોનો હેતુ એ જ હતો. જ્યારે બીજા સામાન્ય માણસોને જમવાનું મળતું નથી ત્યારે આપણા માટે તે અશક્ય બની જવું જોઇએ.' બંગાળના દુષ્કાળનાં એનાં ચિત્રોની પ્રસ્તાવનામાં આપણા જાણીતા લેખક મુલ્કરાજ આનંદે લખ્યું છે: He gathers the weakness, the ignorance, the filth, the squalor and the triviality of life into an aura of sympathy, which creates beauty out of insufferable putrescent ugliness, and thus transforms the spectator's emotion into a peculiar strength of thought. (નબળાઈ, અપમાન, ગલીચી, ભ્રષ્ટતા ને જીવનની તુચ્છતાઓને એકઠી કરીને તે સહાનુભૂતિની એવી હવા જમાવે છે કે એ અસહ્ય, કહોવાટભર્યા બેડોળપણામાંથી સૌંદર્યનું સર્જન થાય છે; અને આમ, એ જોનારના ભાવોદ્રેકને એક વિશિષ્ટ વિચારબળમાં પલટી નાખે છે.)

દેશની માનસિક સ્થિતિને શાહી તથા પીંછી દ્વારા ટૂંકી જગ્યામાં રજૂ કરવાની શક્તિ, તથા રાજકારણના કોઈ પણ બનાવની સામે અરીસો ધરવાની કુનેહને લીધે માત્ર બાવીસ વર્ષની ઉમરે તો સારા વ્યંગચિત્રકારોની હરોળમાં એણે પોતાનું સ્થાન મેળવી લીધું હતું. 'વિકી'નું આખું નામ વિકટર વાઈઝ (Victor Weisz). તેનો જન્મ ૧૯૧૩માં બર્લિનમાં થએલો. મૂળ હંગેરીનો વતની એનો પિતા એક સારો ઝવેરી હતો, પણ પોતાનો છોકરો આવો 'નંગ' પાકશે તેનો એને સ્વપ્ને ય ખયાલ ન હતો! તદ્દન બાળપણથી જ 'વિકી'ને ચિત્રકામનો શૉખ હતો, એટલે તેને બર્લિનની કળાશાળામાં મોકલવા માંડ્યો. પણ ચૌદ વર્ષની ઉમરે તો એના પિતા મૃત્યુ પામ્યા અને પૈસાના અભાવે 'વિકી'ને ભણતર છોડી કુટુંબને પોષવા માટે કમાવું પડ્યું. ચિત્રોના તો એટલા પૈસા ન મળે, એટલે વર્તમાનપત્રોને છૂટક વ્યંગચિત્રો આપી તે પોતાની કમાણી કરી લેતો. માત્ર પંદર વર્ષની ઉમરે તેણે કરેલું મશહૂર સિનેમા-નટી માર્લીન ડીટ્રીચનું રેખાંકન એટલું તો સ્પષ્ટ અને સચોટ હતું કે '12 Uhr Blatt (બારવાગ્યે)' નામના જર્મનીના વર્તમાનપત્રે તેને પગારદાર વ્યંગચિત્રકાર તરીકે એટલી નાની ઉમરે રાખી લીધો.

↓જગતના બળવાન રાજદ્વારી માણસોનો સામનો કરવા તેની એક માત્ર કલમ પૂરતી છે.



એમ દિવસો પસાર થતા ગયા. સાથેસાથે જર્મનીનો રાજકીય રંગ પણ પલટાતો ગયો અને હિટલર, ગોરીંગ તથા ગોબેલ્સની ટોળી સત્તા ઉપર આવી. એવા કાળમાં તો કોઈપણ બુદ્ધિશાળી માણસ પણ સાચા અર્થમાં કાર્ટૂનિસ્ટ–વ્યંગચિત્રકાર બની જાય, તો પછી જે આ-જન્મ વ્યંગચિત્રકાર હોય તેનું બીજું શું થાય? જર્મન સત્તાધીશોની કાળી નોંધપોથીમાં એનું નામ સુવર્ણ અક્ષરે લખાઈ ગયું! પણ પિતાએ પહેલેથી જ હંગેરીઅન તરીકે જાતને ઓળખાવેલી, એટલે જર્મનીના સાણસામાંથી કેટલાક મિત્રોની મદદથી તે છટકી નીકળ્યો અને ઘરબાર, નોકરી તથા ખાવાનાં સાંસાં વેઠતાં થોડો સમય યુરોપમાં ગાળીને અંતે ઈંગ્લંડમાં ઠરીઠામ થવાનો નિર્ણય કરી તે ઈ. ૧૯૩૫માં હેમખેમ ઇંગ્લંડ આવી પહોંચ્યો. ત્યારથી આજ સુધી તે ઇંગ્લંડમાં જ છે અને બ્રિટિશ નાગરિક તરીકેના તમામ હક્કો તેણે મેળવી લીધા છે; કેમકે અંગ્રેજ પ્રજા અને જીવન તેને ખૂબ ગમ્યાં છે, એટલું જ નહિ પણ ઇંગ્લંડ-માં રાજકીય વિચાર તથા વાણીનું સ્વાતંત્ર્ય હોવા સાથે લોકશાહી તેના સાચા સ્વરૂપમાં પ્રવર્તતી તેને લાગી છે.

ઇંગ્લંડમાં આવ્યા પછી તેને લાગ્યું કે કલાને કોઇ મર્યાદા નથી, પરંતુ વ્યંગચિત્રકારને તો તેની મર્યાદાઓ જરૂર છે. પોતે એ દેશનો તદ્દન જ અજાણ્યો હતો, એટલે માત્ર અંગ્રેજી ભાષા જ નહિ પરંતુ ત્યાંની પ્રજાનાં આચાર-વિચાર ઉપરાંત એ લોકો ક્યારે હસે છે અને કેવી રીતે હસે છે એ પણ તેણે જાણવું જ રહ્યું; વ્યંગચિત્રની હથોટી–શૈલી પણ અંગ્રેજ કલાકારોની વચ્ચે ઉત્તરોત્તર વિકાસને દર્શાવે તેવી ઘડવી જ રહી. આ ઉપરાંત અંગ્રેજી વર્તમાનપત્રોના તંત્રીઓને 'જાડો માણસ કેળાંની છાલ ઉપરથી લપસી પડે' એવા હાસ્યથી સંતોષવા એ અશક્ય હતું. ત્યાંના લોકોની બુદ્ધિને સંતોષે અને જીવનને હળવું બનાવે એવી ઊંચી કક્ષાનું હાસ્ય તેઓ માગતા હતા. 'વિકી'એ ધીમેધીમે એ બધી જ વસ્તુઓનો અભ્યાસ શરૂ કર્યો. જુદાંજુદાં ટ્રેઈડ યૂનિયનની કાર્યવાહી, બી.બી.સી. રેડિયોના કાર્યક્રમ, અને દરેક રાજકીય પક્ષનો ઇતિહાસ ઝીણવટથી તપાસવા માંડ્યો. અંગ્રેજી કહેવતો, રૂઢિપ્રયોગો, બાલ-સાહિત્યમાં લખાએલાં ત્યાંનાં ઉખાણાં, અને તેના શિષ્ટ સાહિત્ય, નાટકો તથા સિનેમામાંથી ત્યાંની પ્રજાની વિશિષ્ટતાઓ તારવવા માંડી. અને આ અવિરત ઉદ્યમને અંતે, જે માણસ ઈ. ૧૯૩૫માં ઇંગ્લંડ આવ્યો ત્યારે ચર્ચિલ, બાલ્ડવિન અને ચેમ્બરલેઈન સિવાય કોઇને ઓળખતો ન હતો તેણે છ વર્ષના ગાળામાં તો એ આખી પ્રજાની નાડ એવી પારખી લીધી કે ઈ. ૧૯૪૧માં તો લગભગ ઘણાખરા એને ઓળખવા માંડ્યા, અને ઈ. ૧૯૪૧માં ઇંગ્લંડના અગ્રણી અખબાર 'ન્યુસ ક્રૉનિકલ'ના સ્ટાફ ઉપર પગારદાર વ્યંગચિત્રકાર તરીકે તેની નિમણૂક થઈ. 'વિકી'ની પીંછીના આકરા કટાક્ષ ને જીવનમય હાસ્ય સાથે તેનું રાગ-દ્વેષરહિતપણું, નિર્દોષતા 'ન્યુસ ક્રૉનિકલ'ના તંત્રી શ્રી જિરાલ્ડ બૅરી બરાબર સમજી શક્યા હતા અને કોઈ સહૃદયીને એક નિખાલસ માણસ મળે એમ એ બંનેનો ભેટો થયો. પરિણામે 'વિકી'એ પોતાની વ્યંગ-કલાની ધૂણી 'ન્યુસ ક્રૉનિકલ'માં ૧૯૪૧થી ૧૯૫૩ સુધી અખંડ અને અસ્ખલિત રીતે જમાવી અને અનેક વિષયોને આવરી લેતાં વ્યંગચિત્રો આપ્યાં. ગયે વર્ષે રજા લઇ તે ભારતની મુસાફરીએ આવ્યો ત્યાર બાદ ઈંગ્લંડ ગયા પછી 'ન્યુસ ક્રૉનિકલ'ને તિલાંજલિ આપી ત્યાંના સૌથી વધુ ફેલાવો ધરાવતા દૈનિક 'ડેઈલી મિરર'માં તે જોડાયો છે. તે ઉપરાંત, પોતાની સ્વતંત્ર વિચારસરણી તથા વજનદાર રાજકીય વિચાર ધરાવતા શિષ્ટ અને સંસ્કારી અંગ્રેજી સાપ્તાહિક તરીકે આખી દુનિયામાં નામના પામેલા 'ન્યૂ સ્ટેટ્સમૅન ઍન્ડ નેશન'માં દર અઠવાડિયે પોતાનાં વ્યંગ-ચિત્રો આપવાં તેણે શરૂ કર્યાં છે.

'વિકી'નાં સો-બસો ચિત્રો જોનાર તેની શૈલીને તુરત જ સમજી

બંગાળના દુષ્કાળ પરનાં તેનાં આવાં ચિત્રો જોઇને અંગ્રેજ પ્રજાને જમવાનું અશક્ય થઈ પડેલું!



શકે તેમ છે. અંગ્રેજી સાહિત્યમાં ડિકન્સ, ટૅનિયલ ને હોગાર્થથી માંડીને 'ઍલીસ ઈન વન્ડરલૅન્ડ' કે ગિલબર્ટ સલિવાનની કૃતિઓનાં ટાંચણો એમાં નજરે પડશે. 'વિકી'ની ખૂબી વિષયનો શ્લેષ કરીને દર્શનાત્મક બનાવી તેને હાસ્યમાં વિલોપ કરી નાખવામાં રહેલી છે.

હું જેને મળવા જવાનો હતો એ જ આ 'વિકી.' રૂઢિચુસ્ત અંગ્રેજ પ્રજા અને વર્તમાનપત્રોનો પણ એ એટલો બધો લાડીલો છે કે 'ન્યુસ ક્રૉનિકલ' કે જે તેનાં થોડાંક વ્યંગચિત્રો પોતાના પત્રની નીતિને લીધે છાપી શક્યું ન હતું તે બધાં નહિ છપાએલાં વ્યંગચિત્રો માટે એણે 'The Editor Regrets' નામથી એક જુદું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. એણે 'ન્યુસ ક્રૉનિકલ' છોડ્યું ત્યારે એ પત્રે એને માટે લખ્યું કે "His brilliant gift ranging from sharp political satire to witty social observations have entertained our readers for many years. We wish Vicky a good and prosperous future.' (તીણા રાજકીય કટાક્ષથી માંડીને રમૂજી સામાજિક અવલોકનો સુધીની એની તેજસ્વી શક્તિએ અમારા વાચકોને વર્ષો સુધી રંજન આપ્યું છે. અમે વિકીને શુભ અને આબાદ ભાવિ ઇચ્છીએ છીએ.) અંગ્રેજી વર્તમાનપત્રો તેનાં ભારોભાર મુક્તકંઠે વખાણ કરે છે. જગપ્રતિષ્ઠ અંગ્રેજ અખબાર માન્ચેસ્ટર ગાર્ડિયન તેને 'One of the penetrating cartoonists in the world to-day, he has a line that states good humour, fancy, and high indignation. (આજની દુનિયાના વેધક કાર્ટૂનિસ્ટો પૈકીનો એક, જેની રેખા મજાક, તરંગ અને ઉગ્ર પ્રકોપને વાચા આપે છે, એ રીતે અંજલિ આપે છે. અને લગભગ બધાં જ છાપાં તેને individual genius (વ્યક્તિગત પ્રતિભા) લેખવીને દુનિયાના પ્રથમ પંક્તિના કલાકાર Low-લોની બરોબરીનો વ્યંગચિત્રકાર ગણે છે, તેમજ જેનામાં એ 'bitter political wic of the great cartoonists'(મહાન વ્યંગકલાકારના કડવા રાજકીય કટાક્ષ)ની શક્તિઓ રહેલી છે તેવી વ્યક્તિ તરીકે ઓળખાવે છે.


તાજમહાલ હોટેલનાં પગથિયાં ચડીને, પોતાના વ્યંગચિત્રના ખૂણા ઉપર કોઈવાર જેની આકૃતિ હોય છે તેવા એ વિકીને—એ જાડા કાચનાં ચશ્માં અને તેની પાછળ શાહીનાં ટપકાં જેવી આંખો, માથા ઉપર આછા વાળ પણ જાડી ભમ્મરોવાળી વ્યક્તિને—મેં શોધવા માંડી. ત્યાં તો મને એ સામે જ જોવા મળ્યા! બરાબર ચિત્ર જેવી જ આકૃતિ, પણ પોતાનાં વ્યંગચિત્ર કરતાં જરાક સૌમ્ય. મેં કહ્યું, 'તમે તો તમારા વ્યંગચિત્ર જેવા જ લાગો છો, માત્ર વ્યંગચિત્રમાં વધુ મુઝાએલા લાગો છો!' મને કહે, 'મુઝાએલા માણસને જ્યારે રજૂ કરવો હોય છે ત્યારે વ્યંગચિત્રમાં હું જાતે જ ઊભો રહું છું.'

'તમે તો હસતા માણસ છો, જિંદગીમાં બધાને હસાવો છો, મૂંઝવણ તમારે શાની હોય?'

થોડીક ક્ષણ મારી સામે જોઈ રહી પછી એમણે ઉત્તર દીધો: 'જિંદગીમાં, જુઓને, કેટલી વિષમતા છે! તમે નહિ માનો, પણ હવે જાણે જિંદગીમાં થાક લાગતો હોય એવું લાગે છે!' હું તો વિચાર કરતો જ રહી ગયો. મળ્યા પહેલાં હું માનતો હતો તેવા કોઈ બહુ જ હસતા, 'હા... હા... હી. હી... હુ... હુ... મને આનંદ થયો, તમને આનંદ થશે' એવી વાતો કરતા માણસને બદલે આ તો કોઈ નવો જ સહદેવ નીકળ્યો! સહદેવનું પણ એવું જ હતું ને? એ પણ જાણતો હતો બધું જ, પણ થઈ શકે તેવામાંથી પણ રસ્તો કાઢી શકતો ન હતો!


મેં પૂછ્યું, 'તેમને હિંદુસ્તાન કેવું લાગ્યું?' તરત જ જવાબ મળ્યો, 'અરે! તમે કેવી વાત કરો છો? આવડો મોટો અને વૈવિધ્યવાળો દેશ ગમે તેવા માણસને પણ જાગ્રત કરી દે. મારે જો હિંદુસ્તાનમાં વ્યંગચિત્રો દોરવાનાં હોય તો એકલી કાળી શાહી નહિ, પરંતુ બધા જ રંગોમાં હું દોરું અને છતાં તે પણ ઓછા પડે!' મેં કહ્યું, 'વાત ખરી છે, બધા જ રંગો જેટલી મુશ્કેલીઓ ચીતરી શકે તેના કરતાં યે વધુ મુશ્કેલીઓ અમારે ત્યાં છે ખરી!' એ સાંભળીને વિકી કહે, 'જગતમાં મુશ્કેલીઓ ચીતરવા માટે લગભગ બધા જ રંગો ઓછા પડ્યા છે, અને એટલે જ આપણે બધા કાળી શાહીથી ચીતરીએ છીએ!'

પોતાની વાત લંબાવતાં તેમણે કહ્યું, 'દર સાલ હું કોઈ નવો દેશ અથવા સ્થળ, ફરવા અને અભ્યાસ કરવા માટે પસંદ કરું છું. ગયા વર્ષે



'જગતનો ટૂંકો ઇતિહાસ': પ્રેસિડેન્ટ ટ્રૂમેને તા. ૧-૨-૫૦ના રોજ હાઇડ્રોજન બૉમ્બ બનાવાયાની જાહેરાત કરી તેના જવાબમાં વિકીએ કરેલું કાર્ટૂન





મથાળે: ચીનના વડા પ્રધાન ચાઉ-એન-લાઈ; અને જમણી તરફ: ગયે વર્ષે 'વિકી'એ નવી દિલ્હીમાં કરેલો જ'વાહરલાલનો સ્કેચ: બંને ચિત્રો ન્યૂ સ્ટેટ્સમૅન ઍન્ડ નેશન' નામના અંગ્રેજી સાપ્તાહિકમાંથી,—જેમાં દર અઠવાડિયે વિકી જગતના મહાપુરુષોનાં કાર્ટૂનો આપે છે.

આ જ સમયે હું રશિયા ગયો હતો, અને દરેક જગ્યાની યાદ સાચવવા તેનાં રેખાંકનો (સ્કેચ) પણ કરું છું.' મેં હિંદુસ્તાનનાં તેમણે કરેલાં ચિત્રાંકનોની માંગણી કરી ત્યારે તેમણે મને રશિયામાં કરેલાં ચિત્રાંકનોનું પુસ્તક આપ્યું અને હિંદુસ્તાન ઉપરનાં ચિત્રો મોકલી આપવાનું કહ્યું. દિલ્હીમાં તેમણે પસાર કરેલા બે દિવસનું વર્ણન કરતાં કહ્યું, 'મને અહીંના માણસો ખૂબ ગમે છે. જવાહરલાલ સાથે મેં ભોજન લીધું: બહુ જ મઝાના અને જાગૃત માણસ છે. તમારા દેશના વ્યંગચિત્રકાર 'શંકર'ને પણ મળ્યો. ગઈ કાલે 'ટાઈમ્સ ઑાવ ઇન્ડિયા'માં ફર્યો અને તમારા વ્યંગકલાકાર 'લક્ષ્મણ'ને પણ મળ્યો, અને હવે વિમાનમાં કલકત્તા જવું છે.'

મેં પૂછ્યું, 'હિંદુસ્તાનમાં તમારા બહુ જ મિત્રો હશે.' તો કહે, 'મિત્રો તો ઘણા છે'—અને પછી હસતાં હસતાં પૂછ્યું, 'તમે ય મારા મિત્ર નથી?' અને ઉમેર્યું 'પહેલાં કરતાં અહીં લોકો વ્યંગચિત્રોમાં વધુ રસ લે છે એ જ બીના મારે માટે આનંદદાયક છે.' મેં કહ્યું, 'અહીં વર્તમાનપત્રનું મહત્ત્વ હજી પૂરું સમજાયું નથી. વ્યંગચિત્રકાર પણ સ્વતંત્ર પ્રતિભાવાન કલાકાર છે એવું, થોડાક અપવાદો બાદ કરતાં, અહીંના તંત્રીઓ માનતા જણાતા નથી. બાકી તો કાર્ટૂનિસ્ટ એ તંત્રીના વિચારોનો માત્ર સુતાર કે કડિયો જ હોય એવી માન્યતા પ્રવર્તે છે. લોકોના વિચારોને ચોક્કસ સ્થાનપર દોરી શકવાની શક્તિ કેળવવા કરતાં પોતાને મળતી જાહેરખબરો ઉપરજ છાપાના સંચાલકો અમારે ત્યાં વધારે ધ્યાન આપે છે.' વિકીએ આ બધું શાંતિથી સાંભળ્યું. એને આ વાતો જાણે સ્વાભાવિક જ લાગી.

મેં પૂછ્યું, 'સારા વ્યંગચિત્રકારનું લક્ષણ શું હોવું જોઇએ?' એક પણ મુદ્દો રહી ન જાય તેમ, આંખો બંધ કરીને, એ સવાલનો જવાબ ચોક્કસ ને સ્પષ્ટતાથી આપતા હોય તેમ એમણે શરૂ કર્યું: 'સારું વ્યંગચિત્ર એ તંત્રીના હજાર શબ્દોના અગ્રલેખ કરતાં વધુ માહિતીભર્યું અને વસ્તુના ઝીણવટભર્યા અભ્યાસથી કરેલું બયાન છે. It is Statement. એ એક એવું નિવેદન છે કે જે વાચક પહેલી જ નજરે સ્પષ્ટતાથી સમજી શકે છે. વસ્તુની મશ્કરી કરવી એ બહુ જ મોટું શસ્ત્ર છે. એ શસ્ત્રનો ઉપયોગ ખરાબ વસ્તુને જડમૂળથી કાપવા માટે જેમ





ગયે વર્ષે 'વિકી'એ હિંદની મુસાફરી દરમ્યાન કરેલા સ્કેચ પૈકી બે : (૧) ભિખારણ (૨) પોસ્ટ ઑફિસ પાસે બેસતો કાગળો લખનાર

વપરાય છે, તેવી જ રીતે વસ્તુને સુધારવામાં પણ થઈ શકે છે. મકાનનું એન્જિનીઅરિંગ કામ તો બધા જ એન્જિનીઅરો કરે છે, પણ આ તો મગજની નાજુકમાં નાજુક પરિસ્થિતિ ઉપરનું ચોક્કસ એન્જિનીઅરિંગ કામ છે. વ્યંગચિત્રકારને તેટલા માટે જ પોતાની રેખાવટ (ડ્રાફ્ટસ-મૅનશિપ) સુધારવી પડે છે; તેમાં નવો વેગ, નવી સ્ફૂર્તિ, સરળતા ને સ્પષ્ટતા આવે તે માટે હમેશાં પ્રગતિ કર્યા જ કરવી પડે છે. ચિત્રમાં શું રાખવું તેના કરતાં શું મૂકી દેવું—બાદ કરવું એ જ્યારે વ્યંગચિત્ર-કારને આવડે ત્યારે જ એ શૈલી પર પ્રભુત્વ મેળવે છે. હું તો એમ માનું છું કે કોઇ પણ રાજકારણી વ્યક્તિને કાર્ટૂનિસ્ટ જ આગળપડતું મહત્ત્વ આપીને ઊભા કરે છે. A cartoonist makes politicians. લોકો રાજકીય વ્યક્તિઓનાં કાર્યો અને મર્યાદાઓ વિષે સજાગ હોતા નથી, પરંતુ વ્યંગચિત્રકાર તેમને સજાગ બનાવે છે, અને પરિણામે બીજી ચૂંટણી ઉપર તેની અસર પડે છે. આ ઉપરાંત શારીરિક વિશિષ્ટતાઓને પકડીને, માત્ર વ્યક્તિઓની જ નહિ પરંતુ સમગ્ર રાજકીય પક્ષની માનસિક સ્થિતિ પણ ઘણી સહેલાઈથી રજૂ કરી શકાય છે. આજે ચર્ચિલનો ટોરી પક્ષ ચર્ચિલના જ વ્યંગચિત્ર દ્વારા વધુ સારી રીતે રજૂ કરી શકાય તેમ છે; તે જ રીતે હિટલરની, કે બેવનના ઉદ્દામવાદી પક્ષની, અથવા ઍટલીના મજૂર પક્ષની બાબત વિષે બને. કેટલીક વાર વ્યંગચિત્રકાર અમુક પરિસ્થિતિનું બયાન કરવા અને તે પક્ષની વિશિષ્ટતા બતાવવા એક સ્વતંત્ર માનસિક વ્યક્તિ પણ પેદા કરે છે અને તે દ્વારા મત આપ-નારને વધુ જાગ્રત બનાવે છે.'

મેં પૂછ્યું 'અમેરિકન કાર્ટૂનિસ્ટો માટે તમે શું માનો છો?' એમણે કહ્યું, 'એ વિષે હું મારો સ્પષ્ટ મત નહિ આપું; પણ હું પોતે એ કપની ચહા પીતો નથી.'

આપણા ભારતના વ્યંગચિત્રકાર શ્રી શંકરના એ પ્રશંસક છે. મેં 'કુમાર'માં આવેલા શ્રી બંસીલાલ વર્માનાં એક ચિત્ર પર તેમનું ધ્યાન ખેંચ્યું, જેમાં ગાંધીજીનો પડછાયો તેમની પાછળ ધીમેધીમે વિલીન થાય છે. તેમાં તેમને વર્માની હથોટી ખૂબ ગમી. મેં પૂછ્યું, 'આ વ્યક્તિ ઇંગ્લંડ આવે તો લાભ થાય?' જવાબમાં તેમણે કહ્યું, 'ઈંગ્લંડની પ્રજા વિષે મને માન છે, પણ એ પ્રજા ખૂબ જ રૂઢિચુસ્ત છે અને પોતાના સિવાય બીજાનાં કામોની પ્રશંસા કરવા ટેવાએલી નથી, એ જોતાં પરદેશીઓ માટે ત્યાં બહુ જ ઓછું સ્થાન છે.'

છેલ્લે ઊઠતાંઊઠતાં હસ્તધૂનન કર્યા પછી એમનો પ્રશંસાપૂર્વક મેં આભાર માન્યો. પણ એ કંઈ જ બોલ્યા નહિ,–માત્ર હું કંઈક બોલું છું એટલે એમણે એ સાંભળવું રહ્યું, એ રીતે એ ક્રિયા ચાલુ રહી. છેવટે મેં પૂછ્યું, 'જગતમાં અત્યારે શ્રેષ્ઠ કાર્ટૂનિસ્ટ તમે કોને ગણો છો?' એમણે મારા સામે જોઈ મને જ પૂછ્યું : 'તમને કોણ લાગે છે?' મેં કહ્યું, 'મારો અભિપ્રાય તો ક્યારનો યે હું જેની જોડે વાત કરું છું તેને માટે આપ્યો છે.'

'તો પછી મારો અભિપ્રાય બીજો શો હોઈ શકે?' એમ કહીને પહેલી જ વખત એ મુક્ત હાસ્ય હસ્યા અને અમે છૂટા પડ્યા.

તાજનાં પગથિયાં ઊતરતી વખતે બધા જ રંગોમાં કાળા રંગની અગત્ય સમજવા હું પ્રયાસ કરતો હતો એ વખતે ન્યુસ ક્રૉનિકલના તંત્રી શ્રી જિરાલ્ડ બૅરીનું વિકી માટેનું વાક્ય મારા કાનમાં ગુંજ્યા કરતું હતું : If capacity for taking pains could in truth make a man genius, Vicky would assuredly sit high among the geniuses–but perhaps he is there any way. At all events, he is a wickedly clever cartoonist and the most innocently loveable of men. (જો માણસ પરિશ્રમ ખેડવાની તાકાતથી જ ખરેખર પ્રતિભાવાન બની શકતો હોય તો વિકી સર્વ પ્રતિભાઓમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરે તેમ છે; પણ કદાચ તે એ સ્થાને પહોંચ્યો છે જ. ગમે તેમ, પણ એ બડો લુચ્ચો ને ઉસ્તાદ વ્યંગકલાકાર છે, અને છતાં, સૌ કરતાં સૌથી વધુ નિર્દોષરીતે વહાલો લાગે એવો છે.)

બળીને પણ વળ ન મૂકે એવી સીંદરી જેવો રાણીંગ જેઠવા

લેખક : અમૃતકુમાર મેરૂ

'રાણીંગ જેઠા...આ શું છે? જેઠા કે જેઠવા?'

'જેઠવા, સાહેબ! હાજર.'

સૌ મજૂરો ખડખડાટ હસી પડ્યા.

'જેઠા ન કે'તા હો સાયબ. બાપુને ઈ વાતથી ધોખો છે.'

રાણીંગ જેઠવા, જાતે કાઠી ગરાસિયો, અત્યારે જમીનની માપણીમાં મારો મજૂર, ગંભીર મોંએ મારી સામે જોઇને ફરી વાર બોલ્યો : 'જેઠવા, સાહેબ! જેઠા તો કાંટિયાં વરણમાં નામ હોય.'

'તમે ઊંચા વરણમાં ગણાવ એમ?' હું સાહેબ હતો. યુવાન હતો. મને આમ ગમ્મત કરવામાં મઝા આવતી.

એ કાંઈ બોલ્યો નહિ. સખત બિડાએલા હોઠ, જમીન પર ખોડાએલી સીધી નજર, અને શાંત છતાં ભારે, રોષ વિનાની છતાં સ્વમાનથી ભરપૂર આંખો એમ ને એમ મંડાઈ હતી.

ગામમાં (એટલે સીમમાં) માપણીનું કામ શરૂ થયાને હજુ એકાદ બે દિવસ જ થયા હશે. અહીં મજૂરો પૂરતા મળતા નહિ એવે વખતે રાણીંગ મારી પાસે આવ્યો.

એની ઊંચાઈ સાડાપાંચ ફીટ. શરીર પહેલાં ખડતલ હશે, પણ અત્યારે તો ચામડી શરીરને મોટી પડતી હોય એમ લચી પડતી હતી. ઉમર પૂછતાં જવાબ મળ્યો: 'આડત્રીસ.' આડત્રીસને બદલે અડતાલીસ લાગે. એણે સત્તર ઠેકાણે ફાટેલો ખાખી કોટ પહેર્યો હતો. અંદરનું ખમીસ પહેલાં સફેદ હશે,–નવું હશે ત્યારે. અત્યારે મેલના જેવો જ એનો રંગ થઈ ગયો હતો. મહિના દિવસથી ધોયું નહિ હોય. બન્ને ઘૂંટણેથી ચોરણી ફાટેલી હતી. એને સંભાળીને એ બેસતો.

એણે મૂછોના થોભિયા રાખ્યા હતા. એમાં અરધા વાળ ધોળા હતા. નીચે બેઠો ત્યારે પાઘડી (ચીંથરું જ) એણે માથાપરથી લઇને નીચે નાખી, ને એના પર બેઠો. માથાના વચલા ભાગમાંથી વાળ વિદાય લેતા હતા. જેટલા હતા તેટલા કાળા અને ધોળાની વચ્ચેના રંગમાં આવે. મોં પર કરચલીઓ હતી. પણ એનાથી વિશેષ ધ્યાન તો કપાળ અને ગળા પર ઊપસેલી નસો ખેંચે. નસોમાં લોહી ભરપૂર નહિ જ હોય એવી દેખાતી હતી. સૌથી વધુ ધ્યાન એની આંખોએ ખેંચેલું. દારૂડિયાના જેવી જ લાલઘૂમ આંખો. કોઈ અદશ્ય વજન આંખો પર જામ્યું હોય તેમ એ આંખો ચાલાકીથી ફેરવી શકતો નહિ. જૂએ ત્યારે એકનજર જ થઈ જાય.

'મજૂરી થાશે?' મારી આ પૂછવાની કાયમની ટેવ.

'જી હા, સાહેબ.'

'બપોરના બે ય વાગી જાશે હો,–ખાવા ભેગા થાશો તે પહેલાં!'

'સાયબ, આભ કેમ તૂટી નથી પડતું! બસ?'

'બસ, બસ.' હું હસી પડચો.

'રાણીંઇ...ઇં...ગ!' મેં એન્જિનીઅરિંગ મોજણીના કંપાસમાં જોતાં જોતાં રાડ પાડી. 'આમ...આમ...આમ...' મારો હાથ હું ત્યાં ધાર પર હલાવ્યે જતો હતો. રાણીંગના હાથમાં વાંસ હતો, ને વાંસ પર ઝંડી હતી. એ લઇને એ મારી સૂચના પ્રમાણે ફરતો હતો. પણ હું જે દિશા બતાવું તેની વિરુદ્ધમાં જ તે દોડવા માંડતો હતો. અરધો'ક માઈલ દૂર હોય, સાદ સાંભળે નહિ. 'ગમાર, સાલાઓ! એ આમ... આમ... આમ...' મારો હાથ બાવડેથી રહી જાય, સાદ ફાટી જાય.

બીજો મજૂર મારી પાસે ઊભો હોય એને હું મોકલું. 'જા, જઇને તું તારા હાથમાં લે. એને કે' જે કે તારામાં કાંઈ અક્કલ છે નહિ! સમજ્યો? બરાબર કહેજે. ગમાર...ઇડિયટ્સ...!'

વળતાં રાણીંગને હું ઠપકો આપતો હતો. 'તારામાં જરા ય અક્કલ નથી, સમજ્યો. ગમાર છો પૂરો; એક નંબરનો.'

એ કાંઈ બોલ્યો નહિ. એની આંખ સહેજ ભીની થઈ હોય તો ના નહિ. ના રે ના, મને એમ લાગે. એની આંખ જ એવી છે; થોડી ભીની રહ્યા જ કરે. ભ્રમ એ તો.

બીજે દિવસે એણે બીજા મજૂર મારફત કહેવડાવ્યું હતું. મજૂરે મને હસતાં હસતાં કહી દીધું: 'સાહેબ, રાણીંગ કીએ છે કે આજ નઇં આવું.'

'કેમ?' મજૂરો ય આવા ખરા મોકે ખૂટતા હતા!

'સાહેબ, ગાંડડ છે. કીયે છે, સાહેબ મને "તું" કીયે છે એટલે નઇં આવું.'

હું હસી પડચો. 'ઓ...હો...હો...કાઠી છે કાં? બરાબર, બરાબર! બોલાવી આવો. "તમે" કે'શું, પછી?'

રાણીંગ સાથે આઠ દિવસ કામ કર્યા પછી હું એનો સ્વભાવ કાંઈક અંશે જાણતો થયો. એના પ્રત્યે મને સહાનુભૂતિ થઈ હતી. મેં આટલા દિવસોમાં એનું વર્તન બરાબર ધ્યાનમાં રાખ્યું હતું. કામનો એ ચોર નહોતો. બીજા મજૂરો જેવી દગડાઈ એનામાં નહોતી. એને જે કામ સોંપું એ જરા પણ આનાકાની વિના, બહાનાં બતાવ્યા વિના એ કરતો. મને એનો સ્વભાવ ગમી ગયો હતો.

આજે જરા મોડું થયું હતું. હું પણ જોકે સવારમાં જમ્યા વિના જ નીકળ્યો હતો; અને અઢી તો થઈ ગયા હતા. માથે ધોમ ધખતો હતો અને લૂથી બચવા હું વારેવારે હોઠ પર જીભ ફેરવતો હતો. પણ થોડું પતાવીને પછી જ જાઉં એમ નિર્ણય કર્યો હતો.

'રાણીંગભાઈ, હં...ડાબી કોર...ડાબી કોર...હં...'

હું હજી કહું ન કહું ત્યાં તો દૂર રાણીંગને મેં ધૂળમાં ગલોટિયું ખાઇને મોં ભર પડતો જોયો. વાંસ એના હાથમાંથી છૂટીને દૂર પડચો. રાણીંગ જમીન પર તરફડતો હતો.

'કેમ, કેમ? શું થયું?' કરતા હું અને બીજા સૌ દોડચા.

'બાપુને ચક્કર આવી ગ્યાં લાગે છે.' એની આંખો ચડી જતી હતી. બે જણાએ આંખો દબાવી રાખી. મેં મોં પર હાથ અડાડી જોયો. શરીર ટાઢું તો નહોતું ને?

કામ બંધ કરીને એને ઉપાડીને અમે ગામ તરફ જતા હતા. રસ્તામાં લવાને મેં પૂછયું, લવો ને રાણીંગ એક ફળીએ જ રહેતા હતા: 'શું, વાઈ આવે છે આને?'

લવાએ ડોક હલાવી,–નકારમાં. 'સાહેબ, બીજું કારણ છે.'

'શું?' 'આણે છે ને..., સાહેબ, બે દી' થ્યાં ખાધું નથી!'

'હેં? શું કે'છ? કેમ?'

'દાણા નથી ઘરમાં. સાહેબ, પૈસા કયાં છે?'

મને બરાબર યાદ આવ્યું. આ લોકોને મેં પસા ચૂકવ્યા નહોતા. આઠ આઠ દિવસથી ખરા તડકામાં સવારના સાતથી બપોરના બે સુધી હડિયાપટ્ટી કરતા આ બધા યે મજૂરને હજી એક રાતી પાઈ યે નહોતી

મળી. મારે વિચારવું જોઇએ. પણ મારી સત્તાની એ વાત નહોતી. અને એટલે હું આ બાબત કંઈ કહી શકું તેમ નહોતો.

રાત્રે રાણીંગની ખબર કાઢવા હું એને ઘેર ગયો. ગરીબાઈ સર્વત્ર વિજયમાં મહાલતી હતી. ઘર લગભગ ખાલી. અભરાઇઓ સાફ. પાણિયારા પર માટીના ગોળા સિવાય બીજું તાંબા કે પિત્તળનું એકે વાસણ નહિ. ખૂણામાં ડામચિયાનું નામ ધારણ કરતાં બેચાર ફાટેલાં ગોદડાં. રસોડામાં શું હશે એનો મને ખયાલ આવી ગયો. માટલીઓ, એ ય ખાલી જ હશેને?

ખાલીખમ લાગતા ઘરની વચ્ચે ફાટેલું કંતાન પાથરીને રાણીંગ હોક્કો સળગાવતો બેઠો હતો.

‘પધારો પધારો, સાહેબ! પધારો, તમે આંઈ ક્યાંથી?’ મને આવકારવા એ ઊભો થયો.

‘બેસો બેસો, તમે. ઠીક નથી તમને.’

થોડી વાર એમ ને એમ બેઠા પછી એણે સાદ દીધો: ‘એ સાંભળ્યું?’ એના સાદમાં રણકો હતો. આટલી યાતનાઓ વચ્ચે પણ એ સ્વરમાં ગૌરવ સ્પષ્ટ તરી આવતું હતું: ‘ચા... મેલજે.’

રાણીંગ અમને ચાનો આગ્રહ કરશે જ એ લવાને ખબર હતી. ઘરમાં ચાનું નામ નથી એ ય એને ખબર હતી. એટલે લવાની સૂચના મુજબ અમે ચા, ખાંડ, દૂધ-બધું ય એક છોકરા પાસે ઉપડાવીને સાથે જ લાવ્યા હતા. એ બધું બહુ જ સિફતથી–રાણીંગ જાણે નહિ એટલી ચુપકીદીથી–એની ઘરવાળીને સોંપી દીધું હતું.

રાણીંગ સાથે વાતો કરતો હું ઘણા વખત સુધી બેઠો. એના બાપદાદાને જમીન હતી, ખેતરપાદર હતાં, સાહ્યબી હતી. ઘેર આઠ તો ભેંસો હતી, ને પાંચ બળદની જોડ. આઠ-દસ ગાયો હતી. એના બાપે અરધી જમીન વેચી નાખી,–દારૂડિયા હતા તેમાં. મરી ગયા ત્યારે માથે દેવું હતું. દેવું ફિટાવવા રાણીંગે માલ (ગાય ભેંસો વગેરે) વેચી નાખ્યો, જમીન બીજાને ખેડવા દઈ દીધી. પાંચ વરસે એ ખેડનારા જ ધણી થઈ ગયા! રોકડ પૈસા મળ્યા ખરા.

દારૂની વાત આવતાં મેં રાણીંગને પૂછી જોયું, રહી ન શક્યો: ‘તમે?’

‘સાહેબ, ખોટું શું કઉં?’ એ હસી પડ્યો. ‘જુવાનીમાં બઉ પીધો છે. પણ અટાણે તો સૂગ ચડે, હોં! દહ વરહથી નામ નહિ. આ સૂરગવાળા છે ને?’ સૂરગવાળા ગામના મોટામાં મોટા ભાગદાર હતા. પહેલાં પાંચ-સાત ગામના ધણી હતા. આજે ય આમ તો આવક એટલી ને એટલી જ હતી. ‘હા, ઇ સાહેબ! સમજ્યાને...? ઇ, સાહેબ, મોટર મારી મૂકે હો, હડમતિયાથી અને હું ઘોડા ઉપર. હું આગળ ને મોટર પાછળ હો. ગામના પાદર લગણ મોટરને એકે ય દી પોગવા નથી દીધી; એકે ય વાર, હો, ને હડમતિયું આંઈથી નઈં નઈં તો ય છ ગાઉ હશે, છ ગાઉ. મારા બાપ જીવતા. કે’શે સાળા મરી જાઇશ! પણ કોક દી’ તો મરવું જ છે ને સાહેબ, એક વાર? બાકી મોટર તો શું, રેલગાડી કેમ નથી... રેલગાડી.!’

સૌ મજૂરોનું કહેવું ખરું હતું. રાણીંગ વાતોએ ચડ્યો હોય તો અટકાવવામાં બહુ મુસીબત પડે. એણે તે દિવસે જમાવી દીધી. અકબર ને બીરબલની વાતોથી માંડીને જેતપુરના ચાંપરાજ વાળાની વાતો સુધી પહોંચી ગયા. રાણીંગની વાત કહેવાની ઢબ બહુ જ મઝાની હતી. તે દિવસે મને ખૂબ મઝા આવી. જાણે થાક જ ઊતરી ગયો.

જતાં પહેલાં રાણીંગને મારે એક વાત પૂછવી હતી. ‘તમારે નોકરી કરવી છે, કાયમની?’ જોકે રાણીંગ હા પાડે તો યે મારી પાસે અત્યારે ક્યાં નોકરી હતી? છતાં ય એનો વિચાર જાણવા પૂરતું.

‘જી, હા. કેમ નઇં, સાહેબ. હું પોલીસ-પટેલ હતો.’ એણે વાત કરી. ખરી વાત હતી. બે વરસ પહેલાં એ પોલીસ-પટેલ હતો, એક ગામડામાં. પણ ગ્રામ પંચાયત થતાં પોલીસ-પટેલોને કાઢી નાખ્યા. એમાં રાણીંગ ઝડપાઈ ગયો.

‘આને, સા’બ, ક્યાંઈક પટાવાળામાં ગોઠવી દ્યોને! બાપુ સાત ચોપડી ભણ્યા છે. કાં? નઈ?’

મારા મનમાં એવો જ કાંઈક વિચાર હતો. પણ મારી સત્તા શી? અત્યારે બધે ય રીટ્રેન્ચમેન્ટ(કાપ)ની સાવરણી ફરતી હતી. એમાં મારો અને રાણીંગનો કોણ ધડો કરે?

પણ રાણીંગને અત્યારે હાલ પૂરતી તો પૈસાની જરૂર હતી. એ ખરું હતું. મારી પાસે દસ દસની બે નોટ હતી. તેમાંથી એક કાઢીને મેં એની સામે ધરી. ‘લ્યો, આ રાખો હમણાં. કામ આવશે.’

‘અરે સાહેબ, ઈ શું બોલ્યા? લેવાય નઇં મારાથી. હું સા’બ ક્યાં ભૂખે મરું છું? ને કદાચ ભૂખે મરતો હોઉં તો ય... બને સાહેબ?’

‘લઈ લ્યો રાણીંગબાપુ.’ લવો બોલ્યો. ‘સાયબને પોં’ચ દેજો. આપણે ક્યાં દાનમાં લેવા છે?’

રાણીંગ માની ગયો. પહોંચ બરાબર કરી આપી અને હક્કથી પૈસા લેતો હોય તેમ એણે ગજવામાં પૈસા નાખ્યા.

અમે પાછા ફર્યા, મારા ઉતારા પર. ત્યારે મારી સેવામાં, મારી ખુશામત કરવા (જેથી હું જલદી પૈસા અપાવું) સૌ મજૂરો ત્યાં એકઠા થયા હતા. કાયમ સાંજે એકઠા થતા.

‘સાહેબ, ક્યાં રાણીંગને ત્યાં પધાર્યાં ’તા?’ મને સો રૂપીઆના પગારદારને આમ ‘પધારવા’થી સંબોધતા આ ગામડાના મજૂરોમાં અને કૂતરાઓમાં વધારે ફરક લાગતો નથી. આ સૌ ગરજ હોય ત્યારે પૂંછડી પટપટાવે, ને પાછળથી ગાળો દેવામાં પણ કાંઈ બાકી ન રાખે, એ હું બરાબર જાણતો હતો. રાણીંગ આ સૌથી એ બાબતમાં મને જુદો જ લાગતો હતો.

‘સાયબ માયાળુ બઉ, હો. ઘડ દઇને દસની નોટ કાઢી દીધી.’ લવો બોલ્યા વિના રહી ન શક્યો. સૌના મોં પર કઇંક ગુમાવ્યાની આછી વ્યથા પથરાઇ ગઈ. મજૂરોમાં એક હરીગર બાવો હતો. બાવો એટલે દાઢીવાળો કે માગણ બાવો નહિ. બાવાની જાત થાય છે તેવો, અતીત. એ બોલી ગયો: ‘સાહેબ દસે ય દઈ દીધા?’ ‘હા, કેમ?’

‘ના ના, સાહેબ! સારું કર્યું. કાંઈ વાંધો નઇં. પણ સાહેબ, માણસ બ’ક ફૂલણજી છે. સાહેબ, ક્યાંક ઉડાડી દ્યે નઇં.’

મજૂરો ચર્ચામાં પડી ગયા. બે મત પડી ગયા હતા. એક માનતો હતો કે રાણીંગ હજુ એવો ને એવો ઉડાઉ છે. બીજો વિભાગ માનતો હતો કે ઉડાવી તો નઇં દ્યે; સુધરી ગયો છે. દારૂ યે હરામ કર્યો છે; પણ અફીણનું બંધાણ છે, એમાં વાવરે તો ના નહિ.

‘ઘરે કાઠિયાણી પાસે એક જ સાડલો છે.’ લવો જાણતો હતો. એ ય લવાની પત્નીએ ઉતારીને આપેલો. ‘સીધી રીતે તો લેવાય નહિ એટલે બહાર દોરી પર બે દિવસ સુધી લટકાવી રાખ્યો. કાઠિયાણી ઘણા દી’થી પોમચું પે’રતાં હતાં. તે ત્રીજે દીએ ‘ઝબ’ દઇને લઈ લીધો. અમે ય સમજી ગ્યાં, ને ઇયે ય સમજી ગ્યાં.’

સાડલો મેં જોયો હતો. મૂળ કપડું દેખાતું જ નહોતું એટલાં થીગડાં હતાં. બે છોકરાંને ય મેં જોયાં હતાં. આપણને ખયાલ પણ ન આવે કે આવી જાતનું કાપડ સંભવે કે નહિ? એ જાતનાં ચદ્દી–બાંડિયાં બંને છોકરાં પહેરતાં હતાં.

કામનો પહેલો હપ્તો પતી ગયો હતો. મારે મોટી ઑફિસે હાજર થઇને મજૂરોના પૈસા લેવા જવાનું હતું. રાતના આઠેક વાગ્યે નીકળવું જોઇએ. મજૂરોમાંથી બે જણ મારી સાથે મારો (અનુ. પૃ. ૫૧૭મે)

આજના ત્રસ્ત જગતને નવો કલ્યાણકારી માર્ગ ચીંધનાર નવમાનવવાદના દ્રષ્ટા: એમ.

આજની પેઢીને જે નામની મહત્તા લગભગ અપરિચિત જેવી છે એ શ્રી માનવેન્દ્રનાથ (એમ. એન.) રૉય એમના દેહરાદૂનના નિવાસસ્થાને ગત તા. ૨૭મી જાન્યુઆરીએ રાત્રે ૧૧-૫૦ કલાકે અવસાન પામ્યા. કુમારાવસ્થાથી જ ક્રાન્તિને ખોળે ઊછરેલા એ ક્રાન્તિકારીએ ગયા યુદ્ધમાં લોકશાહી બળોને સાથ આપવાની કરેલી હિમાયતથી વિસ્મિત થઇ એમના પ્રત્યે પૂર્વગ્રહ કેળવનારાઓનું પ્રમાણ આજે જૂજ નથી, પરંતુ સમયે બતાવી આપ્યું છે કે એવો પૂર્વગ્રહ કેળવનારાઓ કરતાં સ્વ. રૉયની દૃષ્ટિ વધુ લાંબે ને વધુ ઊંડે સુધી પહોંચતી હતી. એક ગુલામ દેશના જુવાને એના દેશમાંથી છટકીને પારકા દેશમાં અલભ્ય ગણાય એવી મહત્તા પ્રાપ્ત કર્યા છતાં એના પોતાના દેશમાં એણે મહત્તાની મુદ્દલ સ્પૃહા ન રાખતાં પોતાના દેશવાસીઓને વર્તમાન પરિબળોનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરી આપીને જ સંતોષ માન્યો; એટલું જ નહિ, પરંતુ દેશની સ્વતંત્રતા પછી કેવળ સત્તા હાથ કરવાને જ નવાનવા પક્ષો રચાતા ગયા ને જૂના પક્ષોમાં પણ સત્તાલોભને કારણે અંદરોઅંદર ખેંચતાણ ચાલવા માંડી ત્યારે પોતાની આસપાસ ઊભો થએલો પક્ષ એમણે સમૂળગો વિખેરી નાખ્યો અને કહી દીધું કે પક્ષીય રાજકારણનો જમાનો હવે આથમવાની અણી પર છે. એમની પારગામી દૃષ્ટિ વર્તમાન પર નહિ પરંતુ ભવિષ્ય પર ગંડાએલી હતી. એ એવું જગત ઝંખતા હતા જેમાં દરેક વ્યક્તિ સર્વાંશે મુક્ત અને સ્વેચ્છાએ નીતિમાન હોય. જીવનભર મુક્તિની શોધ કરતા રહેલા એ ઉત્પીડિત આત્માએ માનવીની રાજકીય, સામાજિક અને આર્થિક મુક્તિ માટે મથતા રહી છેવટે આવી આંશિક મુક્તિને બદલે માનવીને સર્વાંશે મુક્ત બનાવતું એક નવું જ દર્શન વિકસાવ્યું અને એ દર્શનનો પ્રચાર કરતા ચિરનિદ્રામાં પોઢી ગયા. એમના દેશવાસીઓને એમના એ નવમાનવતાવાદની બહુ પડી હોય એમ નથી લાગતું, પરંતુ યુરોપ-અમેરિકાના માનવતાવાદીઓ વૈજ્ઞાનિક પાયા પર રચાએલા એ નવદર્શનનો વધુ ને વધુ સંખ્યામાં પુરસ્કાર કરતા રહ્યા છે અને એક બાજુ સામ્યવાદ ને બીજી બાજુ ડૉલરિયા શાહીવાદથી ગ્રસાતા જગતને માટે કોઈ તરણોપાય હોય તો તે એ જ હોવાની દૃઢ માન્યતા ધરાવતા થયા છે. જે મહાપુરુષે જગતના અનેક દેશોને પોતાની પ્રતિભાથી પ્રભાવિત કરેલા છે એની પ્રતિભા એના પોતાના જ દેશમાં અપુરસ્કૃત રહે એ નવાઈ જેવું લાગે, પણ સ્વ. રૉયને એવી કશી લાલસા નહોતી. દેશપ્રાંતના સાંકડા સીમાડાઓથી પર એ એક વિશ્વમાનવ હતા અને એમનું દર્શન પણ દેશકાલબદ્ધ ન હોતાં સર્વદેશીય સર્વકાલીન છે.

જગતનો એ નિયમ ચાલ્યો આવે છે કે ચાલતી આવતી પરંપરાથી વધુ લાંબે દૃષ્ટિ દોડાવનારને અતડો પાડી, એનો વિરોધ કરી, એને સજા સુદ્ધાં આપીને એનું મોં બંધ કરવું; રૉય એમાં અપવાદરૂપ નહોતા. એમનું જીવન બીજા કોઈની સાથે સરખાવી શકાય તેમ હોય તો એમની જેમ જ અનેક દેશની ક્રાન્તિઓમાં અગ્રગણ્ય ભાગ લેવા છતાં માનવીની સર્વાંગીણ મુક્તિની હિમાયતને કારણે ખુદ માનવીઓથી જ અવમાનિત બનેલા ટૉમ પેઈન સાથે. બંને વિશ્વનાગરિક હતા. પેઈનનું આ કથન સર્વાંશે શ્રી રૉયને પણ લાગુ પડે છે કે, 'where freedom reigns there is my country.' અને માનવીની સર્વાંગ મુક્તિનો આદર્શ જ્યાં ફલિત થએલો હોય એવો દેશ એ બંનેના માટે એક સ્વપ્નદેશ જ રહ્યો.

ટૉમ પેઈનની જેમ એમ. એન. રૉયનું પણ સારું યે જીવન સ્વાતંત્ર્ય અને સત્યની શોધમાં વ્યતીત થયું. બંનેની નિષ્ઠા સમાન હતી, પણ દૃષ્ટિની વાત કરીએ તો રૉયની દૃષ્ટિ પેઈનના કરતાં વધુ પારગામી અને સર્વગ્રાહી હતી. રૉયના કેટલાક મિત્રોએ એક વાર સત્યની શો તેમના પ્રયાસો સામે ગાંધીજીના 'સત્યના પ્રયોગો' એ અ દાખલો આપી તેમનાં એ દિશામાંના પ્રયાસોને અક્ષરબ કહેતાં તેમણે જવાબ આપેલો, 'સત્યના પ્રયોગો કરવા જેટલે નથી. મેં તો સત્યની શોધ માત્ર આરંભી છે.'

માનવ સ્વાતંત્ર્યના એ અનન્ય ઉપાસકનું જન્મનું નામ નરેન્દ્ર ભટ્ટાચાર્ય. જુવાન નરેનની સ્વાતંત્ર્યની કલ્પના પા તમાં જોઇએ તેટલી સ્પષ્ટ નહોતી. સશસ્ત્ર ક્રાન્તિમાં એને વિ અને એ કારણે હિંદમાં કુમારાવસ્થાથી જ એ પ્રવૃત્તિમાં ત્યાર બાદ હિંદ બહાર ચીન, મેક્સિકો અને રશિયા એ ત્ર સશસ્ત્ર ક્રાન્તિઓમાં એમણે ભાગ લીધો, જેમાં રશિયાની ઇતિહાસમાં અભૂતપૂર્વ હતી. સ્વાતંત્ર્યના એક સાધનરૂપે અ આવેલા કમ્યુનિસ્ટ પક્ષે એ સાધ્ય સિદ્ધ કર્યું. પરંતુ પછી સ મહત્ત્વ ત્યાં એટલું બધું વધી ગયું કે સાધ્ય ધીમેધીમે નજર સરકતું ગયું. રૉયનો ભ્રમ ભાંગી ગયો ને એમનો આત્મા પોક કે, ક્રાન્તિ જનતા અર્થે છે, જનતા ક્રાન્તિ અર્થે નથી. ('Rev for the masses and not masses for the revol

જીવનભર ક્રાન્તિકાર્યમાં રત રહ્યા છતાં જુદાંજુદાં સાહિ વિજ્ઞાનાદિનો રૉયનો અભ્યાસ આશ્ચર્યજનક હતો. જુદીજુદી ઓ એ જાણતા અને એમાંની કેટલીય ભાષાનાં પત્રોના રહી ચૂકેલા. એમના જીવનકાળ દરમિયાન ત્રણ ડઝન જેટલ એમણે લખેલાં છે, જેમાં 'મટીરીઆલિઝમ', 'સાયન્સ ઍન્ શન', 'હેરેસીઝ ઑવ ધી ટ્વેન્ટીએથ સેન્ચુરી', 'ફ્રોમ સે સિવિલીઝેશન', 'ધી રશિયન રેવોલ્યુશન', 'રેવોલ્યુશન ન્ટર રેવોલ્યુશન ઈન ચાઈના', 'બિયૉન્ડ કમ્યુનિઝમ', 'રીઝન, સીઝમ ઍન્ડ રેવોલ્યુશન' તથા 'ન્યુ હ્યુમેનિઝમ' ખાસ ઉ છે. રાજકારણમાં પડનારાને બીજા કોઇ વિષયના વિશેષ અ જરૂર ન હોવાની જ માન્યતા આપણે ત્યાં ચાલે છે, પરંતુ રૉ કે રાજકારણ એ પણ એક માનવશાસ્ત્ર હોઈને માનવકલ્ રચાએલી તમામ દર્શનપદ્ધતિઓનો અને તેના અધિક સુખ- વિજ્ઞાનોનો પરિચય રાજકારણમાં પડેલી વ્યક્તિ માટે આ કોઈ પણ વિધાન તર્ક અને પ્રમાણની કસોટીએ પાર ન ઊ અમાન્ય કરતાં એ મુદ્દલ સંકોચ ન અનુભવતા—પછી એ માર્ક્સનું હોય કે ગાંધીજીનું હોય. અને પોતાને લાગતું સત્ય વ્યક્તિની મુદ્દલ પરવા કર્યા વિના સંભળાવી દેતા—પછી લેનિન હોય કે નેહરુ હોય.

આ સત્યભાષિત્વે જ એમની લોકપ્રિયતા આડે અડીખ રચી દીધી. પરંતુ માનવકલ્યાણના આદર્શ સામે ચંચલ લોક લોભે નમી પડે એવા માટીપગા એ ન હતા. એ તો હતા જે સઘળા વાદો ને સઘળાં બંધનોથી માનવીને મુક્ત કરી યથેષ્ટ પદે મૂકવા માગતા હતા. આજનાં રાજતંત્રો અને સ કેવળ સત્તાતુલા પર રચાએલાં છે. રૉય એ સત્તાનું જ સંપૂર્ણ કરણ માગતા, જેથી માનવી એક નાગરિક તરીકેના અધિકારનો ઉપયોગ સત્તાસ્થાને પોતાનો એકાદ પ્રતિનિધિ વામાં કરવાને બદલે એ સ્વયં પોતાના અધિકાર તથા કર્તવ્ય કરી શકે. એમના જ શબ્દોમાં કહીએ તો, 'સ્વતંત્રતા એટલે કૃત્રિમ બંધનોનો અંત, જે માનવ પ્રતિભાના પૂર્ણ વિકાસમાં

શહેરોમાં તો એનો વપરાશ ઠેરઠેર રોજ નજરે પડે છે.

આ જ પદ્ધતિ ઉપર રચાએલી સ્ક્રીન, 'સિલ્ક પ્રોસેસ પ્રિન્ટિંગ' આજ ૩૦-૪૦ વરસથી શરૂ થઈ. એ વખતે એક રંગમાં છાપવા માટે અક્ષર કે ચિત્રની ૩-૪ સ્ટેન્સિલો કરવી પડતી જે રીત આજે લોખંડનાં મોટાં બોર્ડ(ઈનામલ બોર્ડ)માં વપરાય છે. એ ઘણું અગવડભર્યું છે.

વખત જતાં એમાં ઘણા સુધારા થયા અને સળંગ આકૃતિઓ તથા અક્ષરોની સ્ટેન્સિલ થવા માંડી. હવે તો બારીક કામ કરવા માટે ફોટોગ્રાફીનો પણ ઉપયોગ કરવામાં આવે છે અને જે કામ હાથે થતું તે હવે યંત્રો તથા રસાયણોથી થવા માંડ્યું છે. પણ હજુ મોટાં કદનાં કામ માટે તો તે હાથે જ કાપવી પડે છે અને એ માટે ખાસ કાગળો, ફિલ્મ વગેરે સાધનો બનાવાયાં છે. કોઈક વાર તેમાં ગુંદર, વાર્નિશ વગેરે ચીજો હાથેથી પૂરીને સ્ટેન્સિલ કરવામાં આવે છે. એ બધું કામના પ્રકાર પર અવલંબે છે. બધાં કામ માટે એક જ પદ્ધતિ કામ આવતી નથી. કામની જરૂરિયાત મુજબ સ્ટેન્સિલ બનાવવા રીતો બદલાવવી પડે છે.

આપણા રોજિંદા વહેવારમાં સ્ક્રીન-પ્રિન્ટ કેટલી બધી વ્યાપક છે તેનો આપણને ખયાલ નથી. આપણા ઘરમાં જ નજર ફેરવીશું તો જુદીજુદી ભાતવાળાં કપડાં, મોટાં ફૂલપાનનાં ડિઝાઈનોવાળી સાડીઓ, ચાદરો, ચારસા, સાદડી, પડદા વગેરે એનાથી છપાય છે. તે ઉપરાંત ટેબલ-ક્લૉથ, નેકટાઈ, ટી-શર્ટ, બુશ-શર્ટ, લૅમ્પ-શેઈડ, કેટલીક મખમલમાં કોતરીને બનાવેલી ડિઝાઈન જેવી ચીજો, કપ-રકાબી, ગ્લાસ, ભીંત પરના ઘડિયાળનું ડાયલ, મશીન કે લોખંડની ચીજો તથા સાઈકલો વગેરે પરનાં લેબલો તથા ટ્રેડમાર્ક, મોટરની અંદરનાં મશીનનાં ઘડિયાળો અને રેડિઓનાં ડાયલો, રસ્તા પરનાં સેફ્ટી બોર્ડ (Safety Signs), ઑફિસમાં ટેબલ પરનાં પેપર વેઈટ તથા મોઢું જોવાની આરસી પરની જાહેરખબરો, કાચની શીશીઓ પર પાકી છાપેલી ડિઝાઇનો તથા લેબલો, ઍશ ટ્રે, સિગારેટ કેસ, કૅલેન્ડરો, શો-કાર્ડ, રેલવેનાં પોસ્ટરો, અભિનંદન-કાર્ડ, નૉવેલ્ટી પ્રેઝન્ટ, સ્ટેશનરી, વૉલ પેપર, જમીન પર પાથરેલાં લિનોલીયમ અને ડિઝાઇનવાળાં ટાઇલ્સ, બહારગામ જવા માટેની હૅન્ડબૅગ, વેક્યુમ-ક્લીનર, થર્મૉસ વગેરે ઉપરની છાપ, છોકરાંઓનાં રમકડાં, કપડાંના બનાવેલાં રમકડાં, કેરમ અને ચેસબોર્ડ, અને બૅરોમીટર, થર્મોમીટર જેવી બારીક વસ્તુઓ પરના આંકા તથા આવી આપણા જીવનમાં સર્વત્ર વ્યાપેલી વસ્તુઓ પરનું છાપકામ સ્ટેન્સિલથી કરવામાં આવે છે એ આપણામાંના કેટલા જાણતા હશે? છતાં આપણા જીવનમાં સર્વવ્યાપી બનેલી આ વસ્તુને સમજવાનો કેટલાએ પ્રયત્ન કર્યો હશે? આવી જિજ્ઞાસાનો આપણે ત્યાં અભાવ જ છે. ખાસ કરીને જે વસ્તુઓ પર મશીન કામ કરી શકતું નથી તેના પર સ્ક્રીન પ્રોસેસ અચૂક કામ કરી શકે છે અને તે માટે એને કેળવવાની ખાસ જરૂર છે.

ગઈ લડાઈમાં કાગળોની અને છાપખાનાંના ઉપયોગની વસ્તુની ઘણી જ તંગી ઊભી થઈ અને લોકોમાં પ્રચારકાર્ય કરવા માટે બીજો કોઈ માર્ગ રહ્યો નહિ ત્યારે સ્ટેન્સિલ-પ્રોસેસ કામમાં લેવામાં આવી. મોટાં છાપખાનાં રણક્ષેત્ર ઉપર લઈ જવાય નહિ અને એમાં માણસો પણ વધારે રોકાય, એટલે લડાઈના મોખરે આ પ્રોસેસનો ઉપયોગ અનહદ વધી ગયો. તેમાં બ્રિટન અને અમેરિકાએ એમાં ઘણી જ શોધખોળ કરી અને ત્યાંની સરકારોએ પણ એનો ઉપયોગ કરી એ ધંધાને ઘણું જ પ્રોત્સાહન આપ્યું. લડાઈના મોખરે જોઇતા નકશાઓ, ભીંતે લગાડવાનાં સૂચનાપત્રો, રણભૂમિ નજીકનાં ગામોને હવાઈ લડાઇથી બચાવ કરવાનું સમજાવતાં પોસ્ટરો, ગામના નકશાઓ, અને રેલવે સ્ટેશનો, મ્યુનિસિપાલિટીઓ, શાળાઓ, હૉસ્પિટલો, કારખાનાંઓ, સ્ટોરો, નાટક-સિનેમા વગેરે દરેક જગ્યાએ આ સ્ટેન્સિલ-પ્રોસેસથી છાપેલી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો—અને આજે લડાઈ બાદ એનો ઉપયોગ એ દેશોમાં તો ઘણી સરકારી તેમજ લોકોની રોજિંદી જરૂરીઆત માટે થવા માંડ્યો છે, જ્યારે આપણે ત્યાં આ વસ્તુને સરકાર કે ધંધાદારીઓ તરફથી મહત્ત્વ આપવામાં આવ્યું નથી; અરે એ વસ્તુને તથા તેનો ઉપયોગ ક્યાં કરવો અને તેને સમજવાનો પણ પૂરો યત્ન કરવામાં આવ્યો નથી.

આપણે ત્યાં તો સિલ્ક-સ્ક્રીન-પ્રોસેસ એટલે 'કપડાં છાપવામાં વપરાતી એક રીત' એટલું જ જ્ઞાન વેપારીઓ તથા સરકારી ખાતાંઓએ મેળવ્યું છે અને એ પણ કપડાં રંગવાના રંગ બનાવનારી પેઢીઓ પોતાનો માલ ખપાવવા પૂરતું જ શિક્ષણ આપીને કામ ચલાવે છે. અને 'પ્રિન્ટિંગ એટલે લીથો કે ટાઈપથી થતું મુદ્રણ એથી વધુ જ્ઞાન લોકો, વેપારીઓ, જાહેરખબર કરનારા એજન્ટો ને સરકારી ખાતાંઓ કે જેઓ રોજ-બ-રોજ છાપકામ વાપરે છે તેઓને હોતું નથી. એટલે આપણે ત્યાં તો આવી રોજિંદા ઉપયોગની ને ઓછા ખર્ચે તથા હાથકારીગરીથી થઈ શકતી બહોળા વપરાશની મુદ્રણકળાને લોકોએ તેમજ સરકારે વધારે ઉપયોગમાં લેવી જોઇએ અને કળા-કારીગીરીની દૃષ્ટિએ પણ તેને ઉત્તેજન આપવું જોઇએ.

પરદેશમાં તો રેલવે, મ્યુનિસિપાલિટી તથા મોટા ધંધાઓ અને સ્ટોર્સવાળાઓ પોતાને ત્યાં જ પોતાની જાહેરાત તથા ખાનગી મુદ્રણકામ માટે આનાં ખાસ ખાતાં ચલાવે છે અને પોતા પૂરતું કામ ઘણું જ ઝડપી અને સસ્તું બનાવી શકે છે; કારણ કે એમાં નાનું યા મોટું કોઇ પણ જાતનું કામ ઓછાં માણસોથી અને ઓછાં સાધનોથી થઈ શકે છે. વળી ગમે તેટલા રંગોમાં ને ગમે તે વસ્તુ પર તે થઈ શકે છે તેમ જ વખતનો પણ ઘણો બચાવ થાય છે. દાખલા તરીકે નાનાં લેબલો, પોસ્ટરો, શોકાર્ડ, ઈન્સ્ટ્રક્શન ચાર્ટ, નકશા, ફોલ્ડરો, ગ્રીટિંગકાર્ડસ, બુક તથા કૅટલૉગ કવરો, જાહેરખબર માટે નૉવેલ્ટી, ટ્રાન્સફર ચિત્રો, કાચ, પ્લાસ્ટિક, પતરાં, કાપડ, કાર્ડબોર્ડ, ટિનપ્લેટ અથવા કોઇ પણ તૈયાર વસ્તુઓ જેવી કે, બાટલીઓ, ડબાઓ ફ્રેમ, વગેરે પર છાપી શકાય છે. આમાં સાઇઝ કે રંગનો વાંધો નથી આવતો; એક રંગથી માંડીને એકાવન રંગમાં થઇ શકે છે; ઉપરાંત મખમલ જેવી ડિઝાઇનોવાળી ચીજો પણ થઇ શકે છે. અને નવાઇ જેવી વસ્તુ તો એ છે કે દરેક નાનામોટા ધંધાદારીને પોસાઇ શકે તેવી ઓછીવધતી નકલો—૫૦ થી માંડીને ૫૦૦૦ સુધી તેમાં થઈ શકે છે. વળી કોઇ પણ વસ્તુ પર આ પદ્ધતિથી સીધું જ છપાઈ શકે છે, એટલે પાતળા કાગળો પર છાપીને ચોડવાની ખટપટ તદ્દન બચી જાય છે. તેના રંગ પણ પાકા અને હવા-પાણીની અસરથી મુક્ત હોય છે અને દરેક કામ હાથની કારીગીરીથી ચિતરામણ કર્યું હોય તેમ એકસરખા રંગમાં અને દેખાવમાં લાગે છે.

પદ્ધતિ

આ કામ માટે આજે પરદેશોમાં તો મોટાં મશીનો પણ તૈયાર થયાં છે અને કલાકની ૫૦૦ થી ૧૫૦૦ નકલોના વેગ સુધી તેમાં છાપી શકાય છે. વળી તેને સૂકવવા માટે પણ મશીનો બનાવાયાં છે, જે બે-થી પાંચ મિનિટમાં રંગને સૂકવી નાખે છે. પણ આપણા દેશમાં કામની માંગ અને જરૂર જોતાં આવાં મશીનો હજી પોસાઇ શકે નહિ. પરંતુ કાળજી અને સમજદારીથી તે ઘેર પણ સાદાં સાધનોથી થઈ શકે છે.

નાનકડું મશીન તો હાથ વડે જ બની શકે છે. એક પાટિયા ઉપર ફ્રેમનું એક ચોકઠું મિજાગરાં વડે જડેલું હોય. ફ્રેમ પાટિયા સાથે પેટીની માફક ઉઘાડઢાંક થઇ શકે. એ ચોકઠા પર જાળીદાર સિલ્ક અથવા કાંઇ પણ જાળીદાર મજબૂત કપડું લગાડેલું હોય છે. તે એટલું ટાઈટ રાખવું પડે છે કે જાણે નગારું. હવે તમારે જે કોઈ ડિઝાઈન છાપવી હોય તેને નીચેના પાટીયા પર ચોડી, ફ્રેમના કપડા પર તેના (અનુ. પૃ. ૫૧૩મે)

આ વીસમી સદીના સમસ્ત અરધા ભાગને આવરીને જેનું જીવન સમયના પ્રવાહમાં સદા તરતું રહ્યું છે એવો દુનિયાનો એકમાત્ર રાજકારણી પુરુષ

સર વિન્સ્ટન ચર્ચિલ

લેખક
અશોક હર્ષ



૧૦મી મે ૧૯૪૧ની રાત્રે જર્મન વિમાનોએ પાર્લામેન્ટનાં મકાનોનો ભુક્કો કરી નાખ્યો તેની વળતી સવારે એ અંગારની વચ્ચે ઊભા રહીને તેના ભૂત ગૌરવને સંભારતાં ચર્ચિલ ગળગળો થઈ ગયો.

બીજા મહાયુદ્ધના અંત સાથે જ સમાજવાદીઓ સરકારમાંથી ખસી જતાં ચર્ચિલે 'રખેવાળ' સરકાર રચી, અને ૧૯૪૫ના જુલાઈની ૨૬મીએ ચૂંટણી થતાં સમાજવાદીઓ જીત્યા અને ચર્ચિલે ક્લીમેન્ટ ઍટલીને જગ્યા કરી આપી. યુદ્ધસમાપ્તિ પછી રશિયા તરફનો એનો અવિશ્વાસ વધતો ગયો હતો તે ખુલ્લેખુલ્લો વ્યક્ત કરવા લાગ્યો. 'લોખંડી પરદા પાછળની રહસ્યભરી ચાલ'થી જગતને અસાવધ ન રહેવા એણે જણાવ્યું. અમેરિકા જઇને પણ તેણે પોતાના આ મંતવ્યનો પ્રચાર કર્યો. ફુલ્ટન મુકામે તેના ભાષણમાં તેણે કૉમ્યુનિસ્ટ વિસ્તારભય સામે બ્રિટિશ સામ્રાજ્ય અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વધુ મજબૂત ગાંઠની હિમાયત કરી.

૧૯૫૦ના ફેબ્રુઆરીની ૨૩મીએ ફરી સામાન્ય ચૂંટણી થઈ, જેમાં સમાજવાદીઓની ૧૮૮ની બહુમતી ઘટી જઇને માત્ર ૬ની રહી. આ મામૂલી બહુમતી સાથે ૧૯૫૧ના ઑક્ટોબરની ૨૫મી સુધી ચલાવ્યા બાદ ચૂંટણીમાં બીજા બધા પક્ષો કરતાં કૉન્ઝર્વેટિવો બહુમતીમાં આવતાં બ્રિટનનાં સત્તાસૂત્રો એને હાથ આવ્યાં અને ચર્ચિલ ફરી વડો પ્રધાન બન્યો. સમાજવાદી પક્ષને મળેલો આ પરાજય વસ્તુતઃ તેના પોતાના જ કાર્યક્રમને આભારી હતો. એણે ઇંગ્લંડને ફરી શસ્ત્રસજ્જ બનાવવાનો કાર્યક્રમ અપનાવ્યો એ જ એના પરાજયનું કારણ હતું. જો યુદ્ધ આવવાનું જ હોય તો પછી ગયા મહાયુદ્ધની આપત્તિમાંથી પોતાને પાર ઉતારનાર વિન્સ્ટન ચર્ચિલ સિવાય ઇંગ્લંડની પ્રજા બીજી કઈ વ્યક્તિ તરફ મીટ માંડે? બીજી કઈ વ્યક્તિમાં વિશ્વાસ મૂકે? ને આજના યુદ્ધભણકારા વચ્ચે આ કારણે જ ચર્ચિલ એના દેશનો કર્ણધાર બન્યો છે. યુદ્ધની ઝંઝા સામે ઇંગ્લંડને એના જેવો વિશ્વસ્ત સુકાની બીજો મળવો મુશ્કેલ છે.

↓નીચે: ફુરસદના વખતનો ચર્ચિલનો બીજો શૉખ 'કડિયાકામ' છે. પોતાના ચાર્ટવેલના નિવાસસ્થાનના બાગની દીવાલો, નાની કુટિરો તથા તરવાનો હોજ વગેરે તેણે જ જાતે બનાવેલાં છે. એ કહે છે કે ચિંતા અને મગજના પરિશ્રમના દિવસોમાં માનસિક સમતુલા જાળવવા માટે આપણે આંખ અને હાથની કારીગરી પાછળ રોકાવું જોઇએ. એથી ઘણો ફાયદો થાય છે.



ચર્ચિલનું નામ એના જીવતાં જ એક દંતકથારૂપ બની ગયું છે. સાહસ, અડગતા અને સામ્રાજ્યરક્ષાનું એ ત્રિગુણાત્મક પ્રતીક છે. ચેમ્બરલેઇનની સાંત્વનનીતિનો પાશ લાગેલા કૉન્ઝર્વેટિવોમાંની કોઈ વ્યક્તિથી ઇંગ્લંડ દોરાવા માટે તૈયાર ન હતું, પરંતુ ચર્ચિલનું નામ પડતાં જ એકી અવાજે સૌકોઇએ એનું નાયકત્વ સ્વીકારી લીધું. શાંતિકાળે અંગ્રેજ પ્રજા રાજકારણના ક્ષેત્રમાં ચાહે તેટલી પ્રયોગશીલ રહે, પણ આપત્કાળે તો એને જેનામાં સૌથી અધિક શ્રદ્ધા હોય એનું જ નેતૃત્વ એ સ્વીકારે છે, પછી તે ચાહે તે પક્ષનો હોય. અને ચર્ચિલ જેવો રાજ્યભક્ત, સામ્રાજ્યભક્ત અને રાષ્ટ્રભક્ત બીજો કયો એને મળી શકે તેમ છે?

ચર્ચિલની રાજ્યભક્તિનું ઉદાહરણ જોવું હોય તો તે આઠમા એડવર્ડનો ગાદીત્યાગ ઉત્કૃષ્ટરીતે પૂરું પાડે છે. મિસિસ વૉલિસ સિમ્પ્સન સાથે લગ્ન કર્યાના અપરાધ બદલ એને ગાદીત્યાગની સજા કરવાની વિચારણા જ્યારે ઉચ્ચ વર્તુલોમાં ચાલી રહી ત્યારે ચર્ચિલે એનો સખ્ત વિરોધ કરેલો, અને છેવટે જ્યારે એ જ નિર્ણય લેવાયો ત્યારે તે બકિંગહામ મહેલમાંથી રડતો રડતો બહાર નીકળેલો!

એવો જ પ્રસંગ યુદ્ધ દરમિયાન જર્મન વિમાનોએ આમ સભા પર બૉમ્બ વરસાવ્યા પછીનો છે. આગ અને ધુમાડા વચ્ચે પોતાના જીવની પણ પરવા કર્યા વિના ચર્ચિલ કેટલીયે વાર બૉમ્બમારાથી થએલી પાર્લામેન્ટનાં મકાનોની ખુવારી જોતો ઊભો રહ્યા પછી તેણે કોટની બાંય પોતાની આંખો આડે દઈ દીધી—જેમ કોઇ વિદ્યાર્થી આંખમાં આવેલાં આંસુથી શરમાઇને તે છુપાવવાનો પ્રયત્ન કરે એ રીતે, અને ત્યાર પછી તરત જ નકશાઓથી ભરેલા યુદ્ધખંડમાં તે યુદ્ધની આગળની યોજના ઘડવા ઊપડી ગયો. (જુઓ મથાળાનો ફોટોગ્રાફ)

એ ભય અને ક્રોધના કટોકટીકાળને પહોંચી વળવા માટેની જ છે.

આ બધી જ્ઞાનતંતુ અને માંસપેશીઓની ક્રિયા સિમ્પેથેટિક જ્ઞાનતંત્ર અને એડ્રેનીનના સહકારથી થાય છે. કામે ચડેલી માંસપેશીઓની શક્તિ માટે શર્કરા આવે છે તો થાકેલી માંસપેશીઓને તાજગી આપવા વધુ ને તાજું લોહી આવે છે. શ્વાસોચ્છ્વાસની ઝડપ, વેગભેર દોડતું લોહી અને અતિસંખ્ય કણો એ બધાં આવશ્યક પ્રાણવાયુ ને વ્યયદ્રવ્યોના નિકાલ કાજે અત્યુપયોગી છે.

ભય સાથે જોડાએલી વેદનાની લાગણી છે. ઘા, ઉઝરડા અને દહન વખતે વેદના ઊપજે છે. શરીરને નુકસાન ને ઈજા વખતે થતી એ વેદના, આપણને સજાગ રાખી ઈજાવાળા ભાગને રક્ષણ આપવા પ્રેરે તે માટે છે. આના અપવાદરૂપે ફેફસાંના ક્ષય કે કૅન્સરની શરૂઆતમાં વેદના જ નથી હોતી, તો જ્ઞાનતંતુશૂલ (neuralgia) જેવા સાધારણ વ્યાધિમાં અપાર વેદના હોય છે. પણ એટલું તો ચોક્કસ કે વેદનાના અનુભવથી ઈજા અને જીવનનાશક તત્ત્વોથી આપણે ચેતતા રહીએ છીએ. વેદનાવાળા ભાગને આરામ આપી ઉપચાર કરવા તત્પર બનીએ છીએ.

પુલ કે પાટડો કેટલું વજન ઝીલશે એનો કયાસ કાઢતી વખતે ઇજનેર કયાસને ત્રણ, છ કે વીસ વડે ગુણી બાંધકામને ભરોસાપાત્ર બનાવે છે. જોઇએ તે કરતાં સાધનની વધારે મજબૂતાઈ સલામતીના બળ (factor of safety) તરીકે ઓળખાય છે. તો આપણાં શરીર કેવી રીતે બંધાયાં છે?—કંજૂસાઈભરેલી કરકસરથી? કે સંકટ તેમજ નૈમિત્તિક પ્રસંગોને પહોંચી વળવા માટેની કાંઈ જોગવાઇ સાથે? ઈ ૧૯૦૭માં મેલ્ઝરે (Melzer) આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આપણે જોઇ ગયા છીએ કે આપણા શરીરમાં કાર્બોહાઇડ્રેટ પ્રોટીનો ને ચરબીના ભંડાર ભર્યા રહે છે, જે આહાર વાટે બહારથી ના મળે તો ભંડારમાંથી પ્રાપ્ત થઈ શરીર નભે છે. લોહીમાં શર્કરાનું પ્રમાણ ૧૦૦ મિલિગ્રામનું છે. તે ઘટીને ૬૫–૭૦ થાય તો પણ બેચેનીનાં ચિહ્નો થતાં નથી. (જ્યારે ઘટીને ૪૫–૫૦ થાય ત્યારે જ ઉગ્ર પીડા આવી પડે છે.) જો ૫૦ મિલિગ્રામના પ્રમાણને જરૂરિયાતનો યોગ્ય અંક માનીએ તો લોહીમાં શર્કરાનું સલામતી-બળ ૧૦૦ ટકા છે. કૅલ્શ્યમના સલામતી બળના પણ આટલા જ ટકા છે. કેલ્શ્યમનું ૧૦ મિલિગ્રામ પ્રમાણ ઘટી અરધું થાય ત્યારે આંચકી આવે છે. ૫–૭ મિલિગ્રામ થતાં સુધી કોઈ ભય આવી પડતો નથી.

શ્વસનક્રિયા ને રુધિરાભિસરણમાં તો સલામતીબળોની અધિકતા છે. ન્યૂમોનિયામાં આખું એક ફેફસું કલેજા જેવું કઠણ થઇ જાય કે ક્ષયમાં ફેફસું ખવાઈ જાય કે કાઢી નાખવામાં આવે તો પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં અંતરાય ઊભો થતો નથી. વધારે ખૂબી તો હૃદયની છે. એના પડદાને સોજો આવી ખોડ ઊભી થાય ત્યારે જાણે કે બારીનું એક બારણું બંધ હોય એવી દશા ઊભી થાય છે. જો આ સ્થિતિ કાયમ રહે તો જીવન નાશ પામે. પણ એને પહોંચી વળવા માટે હૃદય આપમેળે જ કદમાં વધી જઇને માંસપેશીઓનું જોર વધારે છે. એક મૂઠી જેટલા હૃદયનું કદ બે-ચાર મૂઠીઓ જેટલા કદનું વધી રુધિરાભિસરણની ક્રિયા ચાલુ રાખી વ્યક્તિનું જીવન નભાવે છે.

શરીરના કેટલાક અવયવો તો જોડમાં છે. શું એવા બબ્બે અવયવો શરીરની કામગીરી માટે આવશ્યક છે? ના રે ના; એક ગુરદો કાઢી નાખવામાં આવે તો પણ ગુરદાનું કામ ખોટકાતું નથી,—પેશાબના પ્રમાણ તેમજ બંધારણમાં કશો જ ફેર પડતો નથી.

થાઇરૉઇડ ગ્રંથિનો ⅘ ભાગ કાપી નાખવામાં આવે તો પણ માઠી દશા આવતી નથી. બાકી થાઇરૉઇડ આખી કાઢી નાખવામાં આવે તો જાડી ને સૂકી ચામડી, માનસિક જડતા ને બીજી ઉપાધિઓ ઊભી થાય છે. ચાર પૅરાથાઇરૉઇડ ગ્રંથિઓ લોહીમાં કેલ્શ્યમનું યોગ્ય પ્રમાણ જાળવવા ઉપયોગી છે. જો એ ચારેયને કાઢી નાખવામાં આવે તો તાણો, મૂર્છાવસ્થા ને મૃત્યુ આવી પડે છે; પણ બે ગ્રંથિઓ દૂર કરવામાં આવે તો કશો જ ઉપદ્રવ થતો નથી. (જુઓ મથાળા સાથેનું ચિત્ર)

જ્ઞાનતંતુને ઈજા કે નાશ થતાં તેની દુરસ્તી કે જોડ ઊભી થઈ શકતી નથી. પણ ડૅન્ડી (Dandy) કહે છે કે ગૂમડાને લીધે મગજનો આખો જમણો ભાગ કાપી નાખવામાં આવ્યા છતાં ય માનસિક ક્રિયાઓમાં કે લક્ષણોમાં કશો ફેર પડતો નથી. મગજના બંને કપાલપ્રદેશ કાપી નાખવા છતાંય દરદીને સમય, સ્થળ ને માણસનું ભાન કાયમ રહે છે, સ્મરણશક્તિ બગડતી નથી, વાંચવા-લખવાની ને વાતચીત કરવાની શક્તિ પણ કાયમ રહે છે.

હવે અવયવોની એક વિગત. અગ્ન્યાશયનો સ્રાવ 'ઈન્સ્યુલીન' નામનો છે. અગ્ન્યાશય આખું કાઢી નાખવામાં આવે તો દરદીને ડાયાબીટિસ (મધુપ્રમેહ-મીઠી પિસાબ) થઈ આવે છે. પણ આ અવયવનો ⅘ ભાગ કાપી નાખવા છતાં ય કશી માઠી અસરો આવતી નથી. એનો ⅕ ભાગ પણ શરીરને જોઈતું ઇન્સ્યુલીન પૂરું પાડી શકે છે.

કલેજું ઘણું કામગરું રહી અનેકવિધ કામો ઉપાડે છે, છતાં ય એનો ⅘ ભાગ કાપી નાખવામાં આવે તો પણ કશાં વિપરીત ચિહ્નો કે અસરો ઊપજતાં નથી. જોઇએ તે કરતાં કલેજાનું કલેવર ઘણું મોટું ઘડાયું હોવાની આ સાબિતી છે.

રોગ કે ઈજા અંગે હોજરીનો મોટો ભાગ, અથવા તો દસ ફીટ જેટલાં નાનાં આંતરડાં કાપી નાખવામાં આવે તોપણ પાચન કે પોષણની ક્રિયામાં કાંઇ અંતરાય પડતો નથી.

આપણું શરીર સર્જનહારનું અદ્ભુત સર્જન છે. એમાં આંતરિક અને બહારના ઉત્પાતો વચ્ચે શરીરની સ્થિરતા જાળવનારી આશ્ચર્યજનક અને ઉત્કૃષ્ટ કરામતો છે. શત્રુ, હિંસક પશુ કે રોગજીવાણુઓથી રક્ષવા કાજે પણ એમાં ચમત્કારિક યોજનાઓ છે અને સામાન્ય જરૂરિયાત કરતાં ઘણી વધારે 'અવયવોની મજબૂતાઈ' અને 'ક્રિયાવ્યાપારનું સામર્થ્ય' (structural strength and functional capacity) છે. આપણા શરીરની ક્રિયાઓ પર નિયમન ને કાબૂ ધરાવનાર જે જ્ઞાનતંતુ છે, એના મુખ્ય બે ભાગ છે. એક ભાગ બહારની દિશામાં રહી દુનિયાનું જ્ઞાન આપે છે, જ્યારે બીજો ભાગ અંદરનું કામ ઉપાડી દેહની સ્થિરતા અને સાતત્ય જાળવે છે. શી સહજનહારની લીલા છે! **(સંપૂર્ણ)**

ભારતીય ઇતિહાસ પરિષદનું અમદાવાદમાં ભરાનારું અધિવેશન


ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત વિદ્યાસભાના સંયુક્ત આશ્રયે તા. ૨૭, ૨૮ અને ૨૯મી ડિસેમ્બરે અમદાવાદમાં ભારતીય ઇતિહાસ પરિષદનું સત્તરમું અધિવેશન ભરાશે, જેનું પ્રમુખસ્થાન ભારત સરકારના પુરાતત્ત્વ વિષયના સલાહકાર અને પુરાતત્ત્વ ખાતાના નિવૃત્ત અધ્યક્ષ સુપ્રસિદ્ધ ઇતિહાસવિદ ડૉ. નિરંજનપ્રસાદ ચક્રવર્તી લેશે. ભારતના ઇતિહાસનો શાસ્ત્રશુદ્ધ અભ્યાસ કરવો, ઐતિહાસિક સંશોધન કરવું અને એ સંશોધનના ફલરૂપ સામગ્રીનું સંયોજન કરવું એ આ પરિષદનો ઉદ્દેશ છે. ભારતનો વિસ્તૃત અને શાસ્ત્રશુદ્ધ ઇતિહાસ તૈયાર કરવાની જવાબદારી પણ આ પરિષદે સ્વીકારી છે. પરિષદ આ વખતે ગુજરાતમાં મળતી હોઈ તેણે નક્કી કરેલા ભારતના યુગવાર પાંચ વિભાગોમાં છઠ્ઠો વિભાગ 'ગુજરાતનો ઇતિહાસ' પણ ઉમેરાયો છે અને તેના પ્રમુખ તરીકે પ્રો. કેશવલાલ હિં. કામદાર નિમાયા છે.

તો અંક મોડો મળશે

જેમનાં લવાજમ આ અંક સાથે પૂરાં થાય છે તેઓ પોતાનાં લવાજમ ચેક કે મનીઑર્ડરથી મોકલી આપે તો તેમને સસ્તું તો પડે જ; અને ઉપરાંત અંક ૧૫મીએ બહાર પડે કે તરત તેમને મળી જાય. પણ જેઓ વી.પી.થી મંગાવે તેમને અનિશ્ચિતપણે અંક મોડો મળવાનો; કેમકે પોસ્ટ ઑફિસ રોજ માત્ર મર્યાદિત સંખ્યામાં જ વી.પી. સ્વીકારતી હોવાથી ગ્રાહક-સંખ્યાનાક્રમ અનુસાર રોજ થોડાં થોડાં જ વી.પી. થઈ શકવાનાં, અને એ રીતે લગભગ પંદરવીસ દિવસ કે કદાચ મહિનો પણ વીતી જવાનો. એટલે એ રીતે પણ વી.પી.ની પ્રથા ગેરલાભમાં છે. શું પસંદ કરવું એ હવે તમારા હાથમાં છે.

એના વ્યક્તિત્વને યુદ્ધની પરિભાષા સિવાય બીજી કોઈ પણ રીતે સમજાવવું મુશ્કેલ છે. એના સમગ્ર રાજકારણનો પ્રાણ એક સેનાનીનો જ રહ્યો છે. એ જ્યાંજ્યાં જાય છે ત્યાંત્યાં એના માર્ગમાં દારૂગોળાની ગંધ જાણે પાથરતો જાય છે. એ કુનેહબાજ છે, વ્યૂહરચનામાં પૂરો ગણતરીબાજ છે, ને દુશ્મન પર તૂટી પડવામાં તો એક્કો છે. ઇમાનુએલ શિનવેલે લખેલું છે તેમ, ચર્ચિલને પોતાના વિરોધીઓને ભોંયભેગા કરવામાં સદા આનંદ આવે છે—જોકે એના પોતાના પ્રત્યે એવો જ વર્તાવ એને નથી ગમતો. વિરોધીના ભોગે મજાક કરવામાં તે જબરો સંતોષ અનુભવે છે. સામી વ્યક્તિને ઉડાવવાની પાર્લામેન્ટરી કળામાં એ નિષ્ણાત છે. કૂટ પ્રશ્નો પૂછવામાં આવતી વખતે એ મૌનનો આશરો ન લે તો પછી પ્રહારનો જ આશરો મોટે ભાગે લેતો હોય છે. વૂડરો વીઆટે તેની આ લાક્ષણિકતાનો સચોટ ખ્યાલ આપતાં લખેલું છે કે: 'લાકડી હાથવગી હોવા છતાં ચર્ચિલ તેના વિરોધીને એ વડે ફટકારતાં અચકાતો હોય તો તેનું કારણ એજ કે એ સારું ન દેખાય; બાકી એમાં કશું ખોટું હોવાનું તો એ કદાપિ નહિ માને.'

૧૯૪૫માં એની સામે મેદાન મારી ગએલા ક્લીમેન્ટ ઍટલીને એણે 'ઘેટાના ચામડામાં ઘેટા' ('the sheep in sheep's clothing') તરીકે ઓળખાવેલો. સામી બાજુ મજૂર પક્ષ પણ એનો એવો જ ઉપહાસ કરતો રહ્યો છે. આ સદીની પહેલી વીશીમાં તો મજૂર પક્ષની નજરમાં સૌથી તિરસ્કૃત વ્યક્તિ વિન્સ્ટન ચર્ચિલ જ હતો. ચર્ચિલ લાગ આવ્યે એ પક્ષની રેવડી ઉડાવવામાં કંઈ બાકી નહોતો રાખતો. મજૂર પક્ષના નેતા રામ્સે મૅકડોનાલ્ડને એક વાર ભરસભામાં તેણે 'પોતાની જાતને મુદ્દલ ઈજા પહોંચાડયા વિના પડવાની કલા જાણનાર હાડકાં વિનાના અચરજ' તરીકે ઓળખાવેલો! આ ક્રૂર મશ્કરી પર મજૂર પક્ષ ખૂબ ચિડાઈ ઊઠેલો.



'બ્લેનહાઈમ' મહાલયમાં ચર્ચિલના જન્મસ્થાનનો ઓરડો

અને આજે પણ સમાજવાદી અથવા મજૂર પક્ષ સાથે તેને ઓછી અથડામણ નથી થતી. સમાજવાદી સરકારે પૌંડની કીમત ઘટાડયા વિરુદ્ધ તે બોલી રહ્યો હતો ત્યાં લાગલો જ એક સમાજવાદી બોલી ઊઠયો, 'તો પછી તમે તમારો ઘોડો કેમ વેચી નાખતા નથી?' ચર્ચિલ-નો સ્વભાવ જોતાં તે આ અસંબદ્ધ સવાલ સામે ઊકળી ઊઠયા વિના ન જ રહે. પરંતુ એણે જરાપણ ઉકળાટ ન દર્શાવતાં જવાબ આપ્યો, 'કારણ કે મારે કબજે આવેલી મિલકતના કોઈ પણ ભાગની કીમત વધવા પામી હોય તો તે માત્ર એની છે.' અને પછી ઉમેર્યું 'સાચું કહું તો મને એ વેચી દેવાની લાલચ તો થાય જ, પરંતુ નફાખોરી સામેની જેહાદમાં મારો હિસ્સો પણ આપવો જોઈએ એવું ભાન મને તેમ કરતાં અટકાવે છે.'


પ્રસિદ્ધ ઇતિહાસકાર પ્રો. એ. એલ. રાઉઝ લખે છે, 'Winston Churchill sums up the whole first half of our century as no other statesman does.' એનું આ વિધાન અમાન્ય કરી શકાય તેમ નથી. ઇતિહાસના સમકાલીન પ્રવાહમાં એ સતત તરતો રહ્યો છે, અને એમ તરતાં તરતાં પોતાની સાથેના સઘળા તરવૈયાને એણે પાછળ મૂકી દીધા છે.



(ઉપર) 'ચાર્ટવેલ'માંના ચર્ચિલના નિવાસસ્થાનમાંનો તેનો ખાસ અભ્યાસખંડ

ચર્ચિલે કોઈ પણ જીવિત મનુષ્ય કરતાં વધુ યુદ્ધો જોએલાં છે અને કોઈ પણ સૈનિક કરતાં વધુ પુસ્તકો લખેલાં છે. લશ્કરી બરાકરૂમ એની શાળા હતી અને યુદ્ધનું મેદાન એની યુનિવર્સિટી. એની જિજ્ઞાસા પણ એકાદ બાળક જેવી જ છે,—બધું જ જાણવું ને સમજવું એ બાબતમાં બાળક જેટલો ઉત્સાહ દર્શાવવામાં એ મુદ્દલ ક્ષોભ કે સંકોચ નથી અનુભવતો. એને કશું છુપાવવા જેવું ન હોઈને એની જિંદગીના ગમે તે ખૂણામાં તમને ડોકિયું કરવાની છૂટ છે.

કોઇ પણ રાષ્ટ્રનાયકને જેબ આપે એવા ઉત્તમ ગુણોનો સમન્વય એનામાં હોવા છતાં બ્રિટિશ સામ્રાજ્યમાંની પરાધીન પ્રજાઓના મુક્તિજંગ સામે એ ઉદાર બની શકયો નથી એ હકીકત છે. પરાધીન હિંદ કરતાં સ્વતંત્ર હિંદ બ્રિટનનું વધુ સારું મિત્ર રહી શકે એ હકીકત એને કદી સમજાઈ નહોતી.




ઇંગ્લંડના ચાર્ટવેલ ગામે ચર્ચિલનું નિવાસસ્થાન. ૧૯૪૬માં તેના પ્રશંસકોએ તેને માટે તે ખરીદીને નેશનલ ટ્રસ્ટને સોંપ્યું છે, એવા ઉદ્દેશથી, કે ઇતિહાસના એક અગત્યના કાળમાં થયેલા એ મહાન રાજપુરુષનાં સંસ્મરણો તથા મહત્ત્વના ઐતિહાસિક સંગ્રહો સાથે આગળ ઉપર તે પ્રજાને સોંપાય.

આનું શું કારણ? એનો જવાબ એના વ્યક્તિ-માનસમાં નહિ, પણ ઇંગ્લંડના સમૂહમાનસમાં શોધવાનો રહે. હિંદમાં રહેવું અસહ્ય બન્યું ત્યાં સુધીની છેક છેલ્લી ઘડી પર્યંત અંગ્રેજો હિંદ છોડવા તત્પર નહોતા, ને આજે ય એમનાથી મુક્તિ માગતા બીજા કેટલા યે મુલકો પરનો એમનો પગદંડો ઉઠાવવા એમની મુદ્દલ તૈયારી નથી એ હકીકત જાણે બીજું કંઈ નહિ પણ ચર્ચિલે ઇતિહાસના તારવેલા આ બોધપાઠનો જ પડઘો છે કે:


'The whole history of the world is summed up in the fact that when nations are strong, they are not always just, and when they wish to be just they are often no longer strong.'

લંડનના કૉન્ટેમ્પરરી રિવ્યુ'માં મિ. વિલ્સન હૅરિસ લખે છે:

'ઝાલ્યો-ઝાંલ્યો રહે નહિ તેવો યુવાન સૈનિક, પ્રગતિશીલ વિનીત, કંઇક મર્યાદાશીલ રૂઢિચુસ્ત, અનુભવી રાજનીતિજ્ઞ તથા મુત્સદ્દી, ઈશ્વર-દત્ત પ્રતિભા ધરાવતો લેખક અને અપ્રતિમ વક્તા, આ બધી જ વૃત્તિ-ઓની ઝલક એના ચારિત્ર્યમાં નજરે પડે છે અને આ વૈવિધ્યને પરિણામે જ એ આજે વિશ્વના સૌથી મહાન માનવીનું પદ (અનુ. પૃ. ૫૧૩મે)



(ઉપર) 'બ્લેનહાઈમ'માં સાચવી રાખેલાં ચ-ર્ચિલનાં શિશુકાળનાં ઝુલ્ફાં.



ચાર્ટવેલ ખાતેના ચર્ચિલના નિવાસસ્થાનને લગતી વિશાળ જમીનમાં આવેલી સુંદર વૃક્ષરાજિ તથા લીલી ધ્રોના વિસ્તાર વચ્ચે નૈસર્ગિકરીતે બનાવેલો તરવાનો હોજ

શરીરના આંતરિક તેમજ બહારના ઉત્પાતો સામે તેની સ્થિરતા ને સલામતી સાચવવાની

અદ્‌ભુત કામગીરી બજાવતી


કાયાની કરામત

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

છેલ્લો હપતો

છેલ્લાં ચારેક વરસથી ચાલી આવતી આ લેખમાળા 'કાયાની કરામત'નો આ છેલ્લો હપતો છે. વાચકોએ એને રસથી વાંચી છે ને ઉમંગથી આવકારી છે; ઘણાએ એને પુસ્તકાકારે પ્રકટ કરવાની સૂચના પણ કરી છે. એની આ લોકપ્રિયતાથી ઉત્તેજિત થઇ, અમે લેખકને આવી જ બીજી માળા આપવાની વિનંતિ કરી, જે એમણે ઉત્સાહથી સ્વીકારી છે; અને કાયાની કરામતોનું આ પ્રાથમિક જ્ઞાન મેળવ્યા પછી એ કરામતોને નિરંતરાય રાખવા માટેનું જરૂરી જ્ઞાન આપતી, તેના અનુસંધાન રૂપ બીજી લેખમાળા શરૂ કરવાનું એમણે સ્વીકાર્યું છે એ જણાવતાં અમને હર્ષ થાય છે. એ માળાનું નામ છે 'માંદગીનાં મૂળ.' માણસને જાતજાતની જે માંદગીઓ આવે છે, તે શાથી થાય છે, કાયાની કઈ કામગીરીમાં અંતરાય ઊભો થવાથી તે ઉદ્‌ભવે છે, તેનાં કારણો કયાં, અને તેને ઊગતાં જ કેમ ડાંભી શકાય જેથી માણસ અખંડ આરોગ્ય જાળવી શકે, એની વિસ્તૃત ને વિશદ સમજ આપતી એ નવી લેખમાળા આવતા વર્ષથી, એટલેકે

આવતા જ અંકથી શરૂ થશે.



શરીરની રીઝર્વ બૅંક!—સંકટ કે એવા બીજા પ્રસંગોને પહોંચી વળવા માટે કુદરતે શરીરના એકેએક અંગમાં વધારાના પૂરવઠાની અદ્‌ભુત યોજના કરી છે. આ લેખના છેવટના ભાગમાં સમજાવેલી એ યોજનાને આ આકૃતિમાં એકસામટી ચિત્રબદ્ધ કરી છે.

બાષ્પજલ (જે અંગ્રેજીમાં 'ડિસ્ટિલ્ડ વૉટર' નામથી ઓળખાય છે તે) ગુણમાં 'સમ' (Neutral=નહિ અલ્ક કે નહિ અમ્લ) છે. આનો અર્થ એમ નહિ કે એમાં અમ્લ કે અલ્ક તત્ત્વો નથી, પણ બન્ને સરખા અંશમાં છે. પાણી કે દ્રાવણની અમ્લતાના પ્રમાણનો આધાર તેનાં હાઈડ્રોજન આયનોની સંખ્યા ઉપર રહેલો હોય છે. હાઇડ્રોજન તથા ઑક્સિજનના સંયોજનની દ્રવણમાત્રાથી થતા 'હાઇડ્રૉક્સીલ' આયન ઉપર અલ્કતાના પ્રમાણનો આધાર છે. હાઈડ્રોજન આયન એ હાઈડ્રોજન મૂળ તત્ત્વનું પરમાણુ છે. દ્રાવણની સમતા (neutrality દર્શાવવાનો આં ક PH=7) પીએચ ૭ છે. આ અંક સમજવા જાણવું જોઇએ કે ૨૨°સેન્ટીગ્રેડ બાષ્પજલમાં હાઇડ્રોજન આયનની દ્રવણમાત્રા $\frac{૧}{૧૦}$ મિલિયન અગર $૧૦^{-૭}$ છે. હાઇડ્રૉકસીલ-આયનની દ્રવણમાત્રા પણ $૧૦^{-૭}$ છે. જો હાઇડ્રોજન-આયનની દ્રવણમાત્રા $૧૦^{-૬}$ થાય તો હાઇડ્રૉકસીલ-આયન દ્રવણમાત્રા $૧૦^{-૮}$ થાય છે. આ સ્થિતિમાં દ્રાવણ આમ્લિક (acidic) હોય છે. આથી ઊલટા પ્રમાણમાં દ્રાવણ અલ્કધર્મી બને છે. બીજી રીતે સમજીએ તો જો PH 7 કરતાં આંક ઓછો હોય તો દ્રાવણ આમ્લિક છે, જો PH 7 કરતાં અંક વધારે હોય તો દ્રાવણ અલ્કગુણધર્મી છે.

લોહીનો પીએચ અંક 'પીએચ ૭·૪' છે. આ રીતે તે અલ્કગુણધર્મી છે. લોહીની આ પ્રતિક્રિયા (reaction)માં સહજ પણ ફેરફાર થાય તો તે ભયપ્રદ છે. જો પ્રતિક્રિયા અમ્લતા ભણી જરા ઢળતાં પીએચ=૬–૯૫ થાય તો મૂર્છાવસ્થા ને મૃત્યુ આવી પડે છે! અને અલ્કતા જરા વધતાં પીએચ ૭–૭ થતાં આંચકી શરૂ થાય છે. લોહી અમ્લ થતાં હૃદય પહોળું બની ધબકતું અટકે છે. એમાં અલ્કલી વધતાં હૃદય સંકોચસ્થિતિમાં જ બંધ પડે છે.

આ રીતે લોહીની પ્રતિક્રિયા બદલાતાં જ ભયપ્રદ સ્થિતિ આવી પડે છે. પણ શરીરમાં તો એવી સ્થિતિઓ પ્રવર્તે છે કે જેથી પ્રતિક્રિયા એક કે બીજી બાજુ તરફ ઢળી જ પડે. શ્રમભર્યા કામથી લેક્ટિક ઍસિડ ને કાર્બન ડાયૉક્સાઈડ પેદા થાય છે. પ્રોટીન ખોરાકના ફૉસ્ફરસ અને સલ્ફરમાંથી ફૉસ્ફોરિક ઍસિડ અને સલ્ફ્યૂરિક ઍસિડ ઉત્પન્ન થાય છે. કોઈ રોગાવસ્થામાં બીજી જાતના ઍસિડો નીપજે છે, જેનાથી લોહીમાં અમ્લતા વધવા સંભવ છે. આહારનાં સોડિયમ, પોટાશિયમ ને કૅલ્સ્યમ તત્ત્વો ભળવાથી લોહી અલ્કગુણધર્મી પણ બનવા સંભવ છે. આથી આવા સમયે લોહીની પ્રતિક્રિયા તદ્દન થોડા વિસ્તારમાં અને કામગીરી બંધ ના પડે કે જીવલેણ ના નીવડે એવી રીતે ફેરફાર પામે છે.

રક્તજલમાં સોડિયમ હાઇડ્રોજન કાર્બન ને ઑક્સિજનનો સમાસ 'સોડિયમ બાઈ કાર્બોનેટ'ના રૂપમાં ઓગળેલો રહે છે. આ રીતે કાર્બોનિક ઍસિડ પણ છે. આ બન્નેના પરસ્પર સંબંધ ઉપર લોહીની પ્રતિક્રિયા અવલંબે છે. શ્રમભર્યાં કામ બાદ કાર્બોનિક ઍસિડ વધતાં અમ્લતા વધે છે.કાર્બોનિક ઍસિડની ઓક્સવણી (Reduction) થતાં તે અલ્કગુણધર્મી બને છે. આ વખતે શરીરની જાળવણી કરવા કઈ કરામતો કામે વળગતી હશે ? શ્રમ વખતે પેદા થએલો લેક્ટિક ઍસિડ લોહીના થોડા સોડા બાઈ કાર્બ સાથે ભળી કાર્બન ડાયૉક્સાઈડ ઉત્પન્ન કરે છે. પાણી અને કાર્બન ડાયૉક્સાઈડ એકઠાં મળતાં ઊડી જાય એવો કાર્બોનિક ઍસિડ બને છે. આમ, લોહી કામચલાઉ વધારે અમ્લ બને છે. કાર્બન ડાયૉક્સાઇડનો વધારો મગજના શ્વસન કેન્દ્રને ઉત્તેજતાં શ્વાસોચ્છ્વાસ ઝડપી અને ઊંડા બનવાથી વધારે કાર્બન ડાયૉક્સાઈડ ઉચ્છ્વાસ વાટે શરીર બહાર નીકળી જાય છે. અને પછી કાર્બન ડાયૉક્સાઈડ તથા સોડિયમ-બાઈ-કાર્બોનેટનું પ્રમાણ આવી જતાં ઊંડા શ્વાસોચ્છ્વાસ બંધ પડે છે. શ્રમભર્યાં કામબાદ શું આપણે ઊંડા ને ઝડપી શ્વાસ નથી લેતા ? આ વખતે શું આપણે કાર્બન ડાયૉક્સાઈડ બહાર કાઢી નાખવાની સમજણથી આમ કરીએ છીએ ? ના રે ના; કાયાની કરામતો દ્વારા આ બધું આપમેળે યોજાય છે.

શ્રમભર્યાં કામ વખતે એટલો બધો લેક્ટિક ઍસિડ ઉત્પન્ન થાય છે કે એને બાળી કાર્બોનિકઍસિડ બનાવવા પૂરતો ઑક્સિજન શ્વાસ વાટે લાવી શકાતો નથી. માંસપેશીઓમાંથી વધેલો લેક્ટિક ઍસિડ લોહીમાં ભળવાથી લેક્ટેટના રૂપમાં પરિણમે છે. પણ આ લાંબો વખત ચાલે એવી સ્થિતિ નથી. એનું દહન થઈ કાર્બોનિક ઍસિડ થવો જ જોઇએ. શ્રમ પછી આવેલો વધારાનો ઑક્સિજન માંસપેશીઓના સોડિયમ લેક્ટેટના દહનમાં વપરાય છે. આ દહનથી પેદા થએલા કાર્બન ડાયૉક્સાઈડથી ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાયા કરે છે અને આ રીતે ઑક્સિજનની ખોટ ભરપાઈ થાય છે. ઉચ્છ્વાસ વાટે થોડો કાર્બન ડાયૉક્સાઇડ બહાર આવે છે, થોડો લોહીમાં રહે છે જે સોડિયમ લેક્ટેટના દહનથી છૂટા પડેલા સોડિયમ સાથે ભળી સોડિયમ-બાઈ-કાર્બોનેટ બને છે. આમ, શ્રમ વખતે ઓછો થએલો સોડિયમ-બાઈ-કાર્બોનેટ મૂળ જથ્થા જેટલો થઈ રહે છે.

આમ રક્તજલમાંનું સોડિયમ-બાઈ-કાર્બોનેટ લોહીને અમ્લ થતું અટકાવવામાં રક્ષણ આપે છે. આ રીતે તે 'બફર' (સંઘર્ષણને રોકનાર) ક્ષાર છે. આવું બીજું બફર સૉલ્ટ લાલ કણોમાં રહેલું સોડિયમ ફૉસ્ફેટ છે. ઍસિડ સાથે આ ભળતાં એમાંથી મીઠું અને ઍસિડ સોડિયમ ફૉસ્ફેટ બને છે. આ બન્ને સમ દ્રવ્યો છે. જોકે ઍસિડ સોડિયમ ફૉસ્ફેટ જરાક અમ્લ છે. તે પણ લોહીમાં ના રહેવો જોઇએ. પણ કાર્બોનિક ઍસિડની જેમ એ પણ ઊડી જાય એવો નથી, એટલે એને દૂર કરવાનું કામ ગુરદાઓ ઉપાડે છે.

જ્યારે લોહી અલ્કગુણયુક્ત બને ત્યારે વળી જુદું જ બને છે. ઉગ્ર વેદના કે વધુ ઉષ્ણતામાનમાં ઊંડા ને ઝડપી ઉચ્છ્વાસને લીધે કાર્બન ડાયૉક્સાઈડ દૂર થવાથી એનું પ્રમાણ ઘટે છે. આમ થતાં લોહીની પ્રતિક્રિયા અલ્કગુણધર્મી બને છે. આ વખતે શ્વસનકેન્દ્રમાંથી કાર્બોનિક ઍસિડ છૂટવાથી શ્વાસોચ્છ્વાસની ક્રિયાને ઓછી ઉત્તેજના થાય છે ને શ્વાસોચ્છ્વાસ મંદ કે થોડા વખત માટે બંધ પડે છે.પણઆદરમિયાન ધબકતું હૃદય અને બીજાં અવયવોની કામગીરીથી સતત ઉત્પન્ન થતો જતો કાર્બન ડાયૉક્સાઇડ આવી મળવાથી લોહીમાં એનું પ્રમાણ આવી મળે છે. આમ થતાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા પૂર્વવત્ થઇ જાય છે.

આમ આપણે જોયું કે લોહીની પ્રતિક્રિયા બદલાતાં જીવલેણ પરિસ્થિતિ ઊભી થાય છે. એક કે બીજી દિશામાં થતા વધારાની પરિસ્થિતિને પહોંચી વળવાનું કામ મગજનું શ્વસનકેન્દ્ર ઉપાડે છે. તેની સાથે મદદમાં આવનાર લોહીના બફર ક્ષારો અને ગુરદાની કામગીરી છે.

ઉષ્ણતામાન

લોહીની પ્રતિક્રિયાની તટસ્થતા કરતાં યે વધારે આશ્ચર્યજનક અને જોઈ શકાય એવી સ્થિરતા તો આપણા શરીરની ગરમીની છે. તંદુરસ્ત માનવીમાં ઉષ્ણતામાન સવારમાં ૯૭·૩° ફેરનહાઈટ અને બપોર પછી ૯૯·૭° હોઇ એનું સરાસરી માપ ૯૮·૬° ફેરનહાઈટ ગણાય છે.

શરીરનું ઉષ્ણતામાન એકધારું રહેતું નથી. વધારે ઠંડીમાં કે દારૂ પીધા બાદ શરીરની ગરમી ઘટીને ૭૫° ફે. થાય છે તો એપી રોગના તાવ વખતે વધીને ૧૦૪°-૧૦૫° ફે. પણ થાય છે. પણ લૂ (sunstroke) લાગવાથી વધેલી ૧૦૮°-૧૦૯° ફે. શરીરની ગરમી થોડા કલાક કાયમ રહે તો મગજના કોષોમાં વ્યાપક બગાડો થાય છે. આથી ઊલટું શરીરની ૭૫° ફે. ગરમી વખતે હૃદય ધીમેથી ચાલે છે, શ્વાસોચ્છ્વાસ ધીમા પડે છે અને ઘણી સુસ્તી લાગે છે.

હૃદયના ધબકારા, માંસપેશીઓનું હલનચલન, કલેજાની કામગીરી અને બીજા અવયવોની ક્રિયાથી સતત ગરમી પેદા થાય છે. એક અવયવમાં પેદા થએલી ગરમી પ્રસરણથી ઠંડા લોહીમાં પ્રસરે છે. આમ અવયવોના કોષો બહુ ગરમ થતા બચે છે અને એક ભાગની ગરમી બીજા ભાગો માટે ઉપયોગી નીવડે છે. શિયાળાની ઠંડી ઉડાડવા આપણે જોસથી હાથ નથી હલાવતા ? હાથ હલાવવાથી ઉત્પન્ન થએલી ગરમી લોહી દ્વારા શરીરના ઠંડા ભાગોમાં જાય છે. આમ, લોહી ગરમીને શરીરમાં વહેંચવાનું ઉપયોગી કામ ઉપાડે છે.

હવે શરીરની ગરમીનું નિયમન શી રીતે થાય છે તે જોઇએ. શ્રમભર્યાં કામ બાદ શરીરની ગરમી વધે છે. આ વખતે વાઝો મોટર— (લોહીની નળીઓના જ્ઞાનતંત્ર)થી ધમનિકાઓ (arteries) પહોળી થાય છે. એમાં લોહી વધુ પ્રમાણમાં વહી કેશિકાઓ(capillaries)માં જાય છે. આમ થતાં ચામડી રતૂમડી બને છે. આ વખતે વાતાવરણની હવા ઠંડી હોવાથી પ્રસરણ અને સંવહન દ્વારા શરીરની ગરમી એમાં ભળે છે. આમ શરીરની ગરમી વધતી અટકે છે.

હવે જો વાતાવરણની હવા ગરમ હોય તો શરીરની ગરમી બાષ્પીભવન(evaporation)થી દૂર થાય છે. ગરમી વખતે પરસેવો થાય છે. એનું બાષ્પીભવન થવાથી ચામડીને ઠંડક વળે છે. સાથે કેશિકાઓમાં ફરતું લોહી પણ ઠંડું બને છે. વાતાવરણમાં જ્યારે ભેજ હોય ત્યારે પરસેવો ઊડવામાં અંતરાય થવાથી શરીરને ઠંડક વળતાં વાર લાગે છે. વળી શ્વાસમાર્ગ દ્વારા પાણીનું બાષ્પીભવન થવાથી પણ શરીરની ગરમી દૂર થાય છે. કૂતરાને ચામડીમાં સ્વેદગ્રંથિઓ નહિ હોવાથી શરીરની ગરમી નિવારવા તેને જોસથી હાંફવું પડે છે. શ્રમભર્યાં કામ બાદ જોસભેર ઊંડા શ્વાસ લેવાથી ચાર બાબતો થાય છે: (૧) ફેફસાંમાં કાર્બન ડાયૉક્સાઈડ જમા થતો અટકે છે, (૨) ત્યાં પુષ્કળ પ્રાણવાયુ આવે છે, (૩) અશુદ્ધ લોહી આગળ ધકેલાય છે અને (૪) વધારાની ગરમી દૂર થાય છે.

શરીરની ઘટતી ગરમી વખતે વળી નવી વ્યવસ્થા થાય છે.પ્રથમ તો ચામડીમાંથી દૂર થતી ગરમી સંરક્ષવા કાજે પરસેવો એકદમ કમી થાય છે.લોહીની નળીઓ સંકોચાઈ જાય છે,તેથી ગરમ લોહી ઠંડા વાતાવરણની અસરોથી મુક્ત રહે છે. (કપડાં પહેરવાથી પણ શરીરની ગરમી હરાતી અટકે છે.) આ સાથે લોહીમાં શર્કરાનું પ્રમાણ વધે છે. લોહીની નળીઓ સંકોચાવી, વાળઊભા થવા, ને શર્કરા વધવી આ બધાં સિમ્પૅથેટિક જ્ઞાનતંત્રના નિયંત્રણથી થાય છે. સાથોસાથ એડ્રેલીન ગ્રંથિઓમાંથી

એડ્રેલીન સ્રાવ છૂટવાથી શરીરમાં દહન વધી ગરમીનું ઉત્પાદન વધે છે. એડ્રેલીન ગ્રંથિઓની જેમ થાઇરૉઈડ ગ્રંથિ પણ ગરમીના નિયંત્રણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે જ્યારે રોગિષ્ઠ બને છે ત્યારે શરીરની ગરમી વધી પડે છે.

આધુનિક સંસ્કૃતિ અને વિજ્ઞાને શોધેલાં સાધનો આગળ શરીરની ગરમીને સ્થિર રાખવાની શારીરિક કરામતોનો વપરાશ ઓછો થાય છે. શિયાળામાં સઘડી ને ગરમ કપડાંનો ઠઠારો, ને ઉનાળામાં વીજળીના પંખા, ઠંડાં પીણાં, આઈસક્રીમ અને ઍર-કન્ડિશન્ડ ઓરડાને લીધે કોક વખતે જ શરીરની ગરમી જાળવવાનો કે વધુકી ગરમી ઉત્પન્ન કરવાનો વખત આવે છે. ઓછાં સાધનોના કાળ દરમ્યાન વીતેલી ગઈ લાખ્ખો પેઢીઓના ગાળામાં વિકાસ પામેલી કાયાની આ રક્ષણાત્મક કરામતો હવે આ સાધનોના યુગમાં વપરાયા વિના પડી રહેતી હોવાથી નાબૂદ થયા વિના રહેશે ખરી કે? રોજ ઠંડા પાણીનું સ્નાન અને પરસેવો વળે એટલી મહેનત કરનાર માણસ શરીરની વ્યવસ્થાને વપરાયા વિના નિર્બળ અને નિરુપયોગી બનાવતો નહિ હોવાથી નિત્યયૌવન અને સ્ફૂર્તિ જાળવતો જીવે છે.

શરીરની ગરમીનું નિયંત્રણ કરવા કાજે મગજના તળ ભાગમાં ઉષ્માક્રમનિયામક કેન્દ્ર (Thermostat Centre) આવેલું છે. આની પાસે પરસેવો, ધ્રુજારી અને હાંફણની ક્રિયાનાં કેન્દ્રો આવેલાં છે, જે ગરમીના ઉત્પાદન ને નિવારણનું નિયમન કરનારાં છે. લોહીની ગરમીથી કે જ્ઞાનતંતુ દ્વારા ઉષ્માક્રમનિયામક કેન્દ્રમાં સંવેદના જવાથી લોહીની નળીઓ પહોળી થઈ પરસેવો છૂટે છે. એથી ઊલટું, જો આ ભાગમાં ઠંડીની સંવેદના થાય તો ધ્રુજારી થઈ આવે છે. શિયાળામાં ઠંડા પાણીએ સ્નાન કરતી વખતે ઠંડી લાગવા સાથે ધ્રુજારી થઈ આવે છે. આ ધ્રુજારીની ક્રિયાથી ગરમ થતા લોહીથી શરીરની ગરમી જળવાઇ રહે છે.

આમ, આંતરિક અને બહારના ઉત્પાતો વચ્ચે આશ્ચર્યજનક રીતે શરીરની ગરમી એકધારી આપમેળે જળવાઈ રહે છે.

આ રીતે આપણાં શરીરની વ્યવસ્થાને જાળવનારી કરામતો જોઈ. હવે આપણે શરીરનાં રક્ષણાત્મક બળો જોઇએ.

નાકમાં પરાયું દ્રવ્ય પ્રવેશતાં સળવળાટ થઈ છીંક આવે છે. આ વખતે નાકની આંતરત્વચા ઉત્તેજાવાથી અન્તર્વાહી સંવેદના મગજમાં જતાં ક્રિયાતંતુ દ્વારા શ્વાસોચ્છવાસની માંસપેશીઓ કામે વળગે છે. પ્રથમ મોઢા વાટે ઊંડો શ્વાસ લેવાય છે જે મોં અને નાક દ્વારા જોસભેર પાછો ફેંકાય છે. નાક વાટે બહાર નીકળતા વાયુના ફૂંફાડા સાથે પરાયું દ્રવ્ય પણ બહાર ફેંકાઈ જાય છે.

ખૂબીની વાત તો એ છે કે આ વખતે સાથોસાથ ગળવાની ક્રિયા થઈ આવે છે, એટલે શ્વાસનળી કે કંઠનળીમાંથી ફેંકાએલી વસ્તુ અન્નનળીમાં ઊતરી જાય છે. શરદી સળેખમ વખતે કંઠ-નળીનો કફ આપણે આ રીતે સાફ નથી કરતા હોતા?

દાહક વસ્તુ મોઢામાં જતાં પુષ્કળ થૂંક છૂટવાથી તરત તે મંદ બને છે, ઓછી દાહક થાય છે. દાહક કે ઈજાકારી વસ્તુ હોજરીમાં જતાં તરત જ તે ઊલટી વાટે બહાર નીકળી જાય છે. જો પદાર્થ ત્વરિત ઈજા પમાડનાર ન હોય તો ઊબકા થઈ આવ્યા બાદ વધેલો થૂંકનો સ્રાવ ગળી જવાય છે. હોજરીની દીવાલમાંથી કફ (mucus) ઝમે છે, જે હોજરીના રસોને મંદ બનાવી ઓછા દાહક બનાવે છે. હવે ઊબકા વધવા સાથે શ્વાસોચ્છ્વાસ વધી, ઉદરપટલ ને પેટની માંસપેશીઓ સંકોચાઈ, કંઠનળી બંધ થઈ, અન્નનળી પહોળી થઈ ઊલટી થઈ આવે છે. આમ પરાયો પદાર્થ શરીર બહાર ફેંકાઈ જાય છે.


ઘા રુઝાવાની ક્રિયા હેરત પમાડનારી છે. જામેલા લોહીના ગઠ્ઠામાં કેશિકાઓ દેખા દે છે. એની આસપાસ સંયોજક પેશીઓની જમાવટ થાય છે. આની ઉપર ચામડીનું પડ આવી જાય છે. થોડા દિવસોમાં ઘાની જગ્યાએ ધોળું ચાઠું (scar) તથા સખત ને ટકાઉ ભોંય આવી જાય છે.

આના કરતાં યે વધારે અજાયબી તો અંદરના અવયવો દુરસ્ત થવાની છે. ગ્રહણી—આપણા નાના આંતરડાના શરૂના ભાગના કરેલા ઑપરેશન પછી માત્ર ચાર જ કલાકે તો ઘા સંધાઈ જાય છે. કપાએલા ભાગને ઝપાટાબંધ સાંધવા કયાં આંતરિક બળો કામે વળગતાં હશે?

પર્વતીય પ્રદેશોમાં રહેનારાને મળતા ઓછા ઑક્સિજનને પહોંચી વળવા કાજે એમના શરીરમાં લાલ કણો વધીને દોઢગણાં થઇ જાય છે, ને વધારે ઑક્સિજન ગ્રહણ કરી એનું આવશ્યક પ્રમાણ જાળવે છે.

જીવાણુઓના હુમલાનો ને તેમના ઝેરનો પ્રતિકાર કરવા માટે લોહીનાં સક્રિય અને રક્ષણાત્મક બળો વિષે આપણે આગળ જોઈ ગયા છીએ.

જીવાણુઓ ઉપરાંત માનવીને જંગલી અવસ્થામાં હિંસક પશુઓ, વનમાનવો તથા દુશ્મનોનો સામનો કરવો પડયો હતો. સહીસલામતી, વેર અને શિકાર માટે લડવું પડયું હતું. આ અવસ્થામાં, અસ્તિત્વ માટેના ભીષણ સંગ્રામના અનુભવોને પરિણામે એને નાસી જવા કે બચવા માટે ભયની લાગણી અને હુમલો કરવા માટે ક્રોધની લાગણી પ્રાપ્ત થઇ છે. હવે તો એ પણ શરીરના રક્ષણનાં કુદરતી સાધનો હોઈ એનું બયાન પણ આહીં અસ્થાને નહીં લેખાય.



ક્રોધ અને ભય વખતે શ્વાસોચ્છ્વાસ ઊંડા બને છે. હૃદય વધુ જોસથી ધબકે છે. લોહીનું દબાણ વધે છે. હોજરી ને આંતરડાંમાંથી લોહી હૃદય, માંસપેશીઓ અને મધ્યસ્થ જ્ઞાનતંત્ર ભણી દોડી જાય છે. અન્નમાર્ગની ક્રિયાઓ બંધ પડે છે. કલેજામાંથી શર્કરાના ભંડાર છૂટા થાય છે. બરોળ સંકોચાઇ લાલ કણોનું વિસર્જન થાય છે. એડ્રેલીન ગ્રંથિઓમાંથી એડ્રેલીન-સ્રાવ છૂટે છે. શરીરમાં થતી આ બધી તૈયારી-

કચરો રાખી મૂકે છે, ઘરધણી ભાડાં વધાર્યે જ જાય છે, ર ગમાં પાણીની તંગી છે, સ્ટૅલીનના રાહરસ્તા લેનિન કરતાં વધુ ઉધમાતિયા છે, ધર્મના ગુરુઓ ઢોંગી છે, એરિસ્ટૉટલના સિદ્ધાંતો હવે પડતા મૂકવા જોઇએ, અમાસ પૂનમે પળાવી જોઇએ, રાણી ઘરેણાંમાં ખર્ચ વધારે કરે છે, પંખીઓને પાંજરાંમાં પૂરવાં એ અઘોર પાપ છે, ક્રિકેટની કંટાળાભરી રમત બંધ થવી જ જોઇએ, ક્રિકેટ જેવી કુનેહભરી રમત દુનિયાના સઘળા દેશોમાં રમાવી જ જોઇએ, વડા પ્રધાનનું મગજ હવે ચસક્યું છે, એ માટે તપાસપંચ નીમો, કમ્યુનિસ્ટો દેવદૂતો છે, મવાલપક્ષ અમર રહેવા સરજાયો છે,—એમ અનેક, ગણ્યા ગણાય નહિ એટલા વિષયો ઉપર એ જગ્યાએ એકીસાથે અનેક ભાષણોની ઝડી વરસતી હોય છે. પોલીસ એ ગમ્મત જોતો રહે છે, અને અળગો ને અળગો રહી છૂટા હાથની મારામારી ન થાય એટલા પૂરતી સંભાળ રાખે છે. પોતાના રાજકીય મામલા ઉપર ધૂંધવાતી વરાળ આ રીતે ઠલવાવી દેવામાં આ પ્રજાનું શાણપણ અને ડાહ્યાપણું જગજાણીતું છે.

એક દિવસ સ્ટ્રાટફોર્ડ જઈ શેક્સપીઅર થિયેટર ભાળ્યું. નવું જ બાંધ્યું છે. બાંધણી માટે મતભેદ છે, પણ એ ઢબનું આપણે ત્યાં નથી. ચારપાંચ મહિના પહેલાં તો ટિકિટો વેચાઇ જાય! એ યે નાના ગામમાં અનેક હોટલો, છતાં ત્યાં રહેવા જગ્યા ન મળે. કંઈ નહિ તો ડઝનેક દુકાનો લંડનમાં છે, જે શહેરમાંના કોઈ પણ થિયેટરમાં યા બહારગામ માન્ચેસ્ટર-લિવરપૂલમાંના થિયેટરમાં ટિકિટો રીઝર્વ કરી આપે; ટ્રેન-ટિકિટો પણ સાથે જ લઇ આપે. ટિકિટ તો ન મળી, પણ સ્ટ્રાટફોર્ડ પહોંચ્યો, આવોન નદી પર લટાર મારી, એક વાર મુંબાઇમાં મેળાપ થએલો એટલે જૉન ગિલગુડ પાસે પહોંચ્યો. આજે એ નાટકમાં ઊતરવાનો હતો, અને આટલે દૂરથી એને જોવા આવ્યો છું એટલે એ ભલા નરે તરત જ ગોઠવણ કરી આપી.

લંડનમાં તો રોજ સાંજે નાટકો જ નાટકો જોયાં. પ્રીસ્ટલીનું, મોલિયેરનું, નોએલ કાવર્ડનું નવી ઢબનું, ઇલિયટનું 'કોકટેલ પાર્ટી' પણ જોયું. નાટક જોવાં હોય, નાટકમાં સંયમી અભિનય જોવો હોય તો લંડન જ એક અનોખી જગ્યા છે. ટિકિટ ગુમાવી દીધી હોય, તો યે એ જો કોઇને મળી ગઈ હશે, તો એ તે જ થિયેટર પર તે સમયે પાછી આપવા આવશે, નહિ તો મોકલાવી આપશે! મોડા ન જતા, નહિ તો દૃશ્ય પૂરું થયા વિના દાખલ નહિ કરે. થિયેટરને એ પ્રજા મંદિર કરતાં યે અદકા ભાવથી જુએ છે, માન આપે છે./ નાટકની કલાને અહીં ઉસ્તાદોએ આબાદ ખીલવી છે, બેનમૂન બનાવી છે, અભિનયને અજોડ દીપાવ્યો છે. વાચા પર કાબૂ, વિશદતા, સરળતા, ઉચ્ચારની સ્પષ્ટતા, નૈસર્ગિક આવન-જાવન, સંયમ, વાક્છટા વગેરે ઉપર એટલું બધું ધ્યાન અપાયું છે કે નાટકનો પરદો ઊપડતાં જ પ્રેક્ષક એની મોહિનીમાં સપડાઈ બેસે છે, તે એને ઊઠવાનું મન જ થતું નથી. નટો અને નાટકશાળાઓનો અહીં પાર નથી. ૧૯૨૪માં શૉના સેંટ જોનમાં નામ અમર કરનારી સિબિલ થૉર્નડાઈકને પણ જોઈ. આજે ૧૯૫૦માં પણ એનો કિસબ આકર્ષક હતો. મશહૂર નટોને પારીસ માફક અહીં પણ નાટકશાળાનાં નામો આપી કીર્તિવંતા કર્યા છે. ગૅરિક, હેમારકેર, સૅવોય વગેરે જાણીતાં થિયેટરો ઉપર તો પુસ્તકો પણ લખાયાં છે, હજી લખાયે જાય છે, તો પછી નટ, નાટક કે એના શાસ્ત્ર ઉપર તો અનેક હોય એમાં નવાઈ શી?

ડ્રુરી લેન પણ એવું જ એક થિયેટર છે. ત્યાં કેરૂસલ અમે જોયું. નાટક કરતાં તો નાટકશાળા વિષે ઘણું જાણવા મળ્યું. ૧૬૬૩માં રાજા ચાર્લ્સ બીજાએ આ નાટકશાળા માટે ચાર્ટર પર સહી કરી. આ ચાર્ટરથી ડ્રુરી લેન પહેલી બાદશાહી નાટકશાળા તરીકે પ્રસિદ્ધ થઈ, એટલું જ નહિ પણ એ દિવસ સુધી નટો ઉપર માલિકો જે જુલમો કરતા તે બંધ થયા; અને એ ધંધાને શાહી ફરમાનથી મરતબો મળ્યો. આ દિવસ સુધી સ્ત્રીનો પાઠ પુરુષ જ કરતો, પણ આ ખરીતાથી ચાર્લ્સે ફરમાવ્યું કે પુરુષ જો સ્ત્રીનો પાઠ કરશે તો તે નીતિવિરુદ્ધનું ગણાશે.

આ શાહી નાટકશાળામાં એક દિવસ રાજા અને રાજકુંવર બંને એકીવખતે જોવા આવ્યા અને સામસામા અથડાયા! એ જ્યૉર્જ ત્રીજો. એણે હુકમ કર્યો કે પ્રિન્સ જમણી બાજુથી દાખલ થાય અને રાજા ડાબી બાજુથી પ્રવેશે. હજી એ નોટીસ ત્યાં ચોડાએલી છે! જ્યારે દીકરો ચોથા જ્યૉર્જ તરીકે રાજગાદીએ આવ્યો ત્યારે એણે પડખું બદલ્યું. એક વાર શેક્સપીઅરના નાટકમાં ફ્રૅન્ક બેન્સને સરસ કામ કર્યું, ત્યારે રાજા જ્યૉર્જ પંચમે તલવાર મંગાવી ત્યાં જ એને સરનો ઇલકાબ આપ્યો હતો! નેલ ગ્વીન, મૅકલીન, હેલામ, ગૅરિક, હરબર્ટ વગેરે વગેરે મશહૂર નટોએ અહીં કીર્તિ સંપાદન કરી. શેરિડનને અહીં ઓરડામાં પૂર્યો હતો—તાળું મારીને—કારણકે એમ કરવા થકી જ એણે નાટક પૂરું કર્યું!

લંડન અને ઑક્સફર્ડ–કેમ્બ્રિજ, એડિનબરો અને ગ્લાસગો, લેઈક ડિસ્ટ્રિક્ટ્સ, આ બધી જગ્યાઓ ઉપર પૂરતું સાહિત્ય આજે અહીં મળે છે. એ વિષે નહિ લખું. નાટકો અને નાટકશાળાઓનો મને શૉખ છે એટલે આછું આલેખ્યું. પણ એ વિષે ઘણાં પુસ્તકો મળે છે. કેટલીક વ્યક્તિઓ મળી એ વિષે પણ ખાસ લખવા જેવું લાગતું નથી. અને ખરું કહું તો હવે આ લખતાં કંટાળો આવવા માંડ્યો છે. પારીસ વિષે એટલું બધું લખ્યું કે એ હિસાબે લંડન ઉકેલવા બેસીએ તો પાર જ ન આવે. એમાં વળી બી.બી.સી. વિષે લખતાં આપણે ત્યાંના રેડિયો-ક્રમ વિષે આડુંઅવળું લખાઈ જાય તો ચિંતા; એટલે લંડનને અને ઈંગ્લંડને હમણાં તો 'ગુડ બાઈ' જ કરીએ.

પંદરેક દિવસ રહી, ખાઇ-પી મઝા કરી, સવારના વાહનની શોધમાં નીકળ્યા. ડૉ. રવીન્દ્ર ગયા ઉત્તર અને ડૉ. અનિલકાન્ત ગયા દક્ષિણ. પણ વાર રવિ, તે કોઈ જોન્સ કે જેન્કીસ હાથ આવે જ નહિ. રવિવાર એટલે રવિવાર; આરામનો ને પ્રાર્થનાનો વાર. મોટો ચમરબંધ આવે તો યે શું? વળી સરખામણી કરવા બેસી જઇશું, ને અહીંના રવિવારની રામાયણ વિચારશું તો સરકારી અફસરો કહેશે કે રવિવાર તેમાં શું થઈ ગયું, આપણે ક્યાં પ્રાર્થના કરવાની છે? હા, આમ તો આપણા બધા જ પ્રાર્થનાના દિવસો છે, એટલે એ દલીલ તો ચાલે જ નહિ, છતાં આરામ કે સહેલગાહ પણ આપણે ક્યાં કબૂલ કરીએ છીએ!

સવારે દસનું તો પ્લેન પકડવાનું છે, ને ટૅક્સીનું ઠેકાણું નથી. કરવું શું? લબાચા ખાસ્સા એકઠા કર્યા હતા. કોઈએ વળગાડ્યા પણ હતા. અને એમાં તો આપણા લોક હોશિયાર. હજી યે અમદાવાદથી મુંબાઈ અથવા વાઇસે વર્સા પાપડ–અથાણાં તો સમજ્યા, પણ દાતણની ભારીઓ મોકલતાં અચકાતા નથી! બે એવાં શહેર કે ક્યાંક બાવળનાં ઝાડ ન ઊગે તો શું થાય? ખરું! પેલા બે દાકતરોએ એકેકી બૅગ ઊંચકી અને વસુબહેને પણ એક લબાચો ઉઠાવ્યો! સામે પરીક્ષા હોવા છતાં ચોપડાઓ મોભે મૂકી ત્રણે જણાં ગપ્પાં હાંકતાં રસ્તે ઊતર્યાં. સારે નસીબે ટ્યૂબ ટ્રેન ચાલતી. એમાં ભોંયરે સ્ટેશનો બદલતા એરોપ્લેન પકડવા ગયા, અને આનંદમાં પસાર કરેલા દિવસોની ગણતરી કરતાં, એ ત્રણેએ બતાવેલી અનહદ મમતા યાદ આવતાં આખરે મૂગા થતાં, એવા મૌનમાં જ 'આવજો આવજો'ના હાથ હલાવ્યા વિના છૂટા પડ્યા. ઇંગ્લંડનો ફ્રાન્સ તરફનો કિનારો પણ પૂરો જોયાનું યાદ ન રહ્યું. આંખમાં ઝળઝળિયાં હતાં એટલે બરાબર જોવાત પણ નહિ...અને તે જ દિવસે પાછો બને પહોંચ્યો.

(ચાલુ)

આવતે વર્ષે પણ આ. 'કુમાર'ની અત્યંત લોકપ્રિય નીવડેલી આપકથા ચાલુ રહે છે.

અને આ હપતામાં કરી છે એટલી જ ઝડપે બાકીની યુરોપી સફર વર્ણવી, ફરી પાછો ૧૯૫૩ના સપ્ટેમ્બરમાં અધૂરો મૂકેલો કથાતંતુ પકડી લઈ રેડિયો-કામગીરીથી આ રસભરી જીવનકથની આગળ ચાલવાની છે.



લંડન



બૉબી—એ પ્રિય નામથી ઓળખાતો લંડનનો પોલીસ, મંદમંદ આલાપતી ચાલે ચાલતો, એટલી જ તીવ્ર નજરથી ચોમેર જોતો, કદાવર, હમેશાં ધીર-ગંભીર, સ્વચ્છ સુસજ્જ કપડાંમાં – મને મદદ કરવા સદા તૈયાર હોય છે. ચબરાક અને અંગ્રેજ મુસાફરો કહે છે એની જોડ દુનિયાભરમાં નથી.

લંડન ચલે! એરપૉર્ટ પર ઊતર્યા, કોચમાં ગયા વિક્ટોરિયા મથકે. તેડવા આવવા દોસ્તદારોને ના પાડી હતી, એકલા શોધી કાઢશું એમ ગણીને. જમીને ઘૂમતાં બપોર પછી હૅમ્પસ્ટેડ હીથ પહોંચ્યા. શું જોઈશું અને શાને માટે લખીશું? વિન્ડસર કૅસલ, ગ્રીનિચ, પાર્લામેન્ટ, વેસ્ટમિન્સ્ટર, ટેમ્સ, પિકાડિલી, મ્યૂઝીઅમો, નૅશનલ ગૅલેરી, ટાવર-બ્રિજ, સેંટ પૉલનું કૅથેડ્રલ, છાપાંવાળાઓની ફ્લીટ સ્ટ્રીટ, રૉયલ અકાદમી કે હૅમ્પટન કોર્ટ, રીચમંડ કૅનવૂડ, આસ્કોટનો રેસકોર્સ, ઑક્સફર્ડ કેમ્બ્રિજ કે લંડનની જૂની દુકાનો,—જેને પણ વિશે જોઈએ એ માટે અઢળક લખાણો પડચાં છે, વાંચી લેજો.

તે જ સાંજે બી. બી. સી. (બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન)-ઈંગ્લૅંડના રેડિયો ઘરમાં આંટો માર્યો(મારો 'ધંધો' ખરો ને?) અને બ્રોડકાસ્ટનાં નોતરાં સ્વીકારી પાછો ફર્યો. મારે તો ત્યાં કંઈક શીખવું હતું, પણ શીખવવાની ના પાડી: તમને,–જૂના લાયૉનલ ફિલ્ડનના શોધેલા ઉસ્તાદને અમે શું શીખવીએ? તમે કોણ છો તે અમને ખબર છે. એક દ બે નાટકો તમે અહીં લખો અને ભજવો. અમારે કંઈ જ શીખવવાનું નથી. આ અમારા જોન આરલોટ, કવિ; અને આ રેક્સ ઍન્ડરસન, નટ. બેસો સાથે અને ચા પીઓ. કાલે 'ટ્વેન્ટી ક્વેશ્ચનનો પ્રોગ્રામ છે, મિત્રો સાથે આવજો. જોઈએ તો એમાં ભાગ પણ લેજો.'

ત્યાં શું કર્યું, શું ન કર્યું એ વાત જવા દો. પણ લાયોનલ ફિલ્ડન, ભારતના બ્રોડકાસ્ટિંગ ખાતાનો પહેલો કન્ટ્રોલર, રૂવે રૂવે બ્રોડકાસ્ટર, અસલ બી.બી.સી.નો અફસર, એણે કંઈ ત્યાં મારી ગજબની તારીફ કરી હશે, તે વ્યાજ સાથે મને જણાઈ, મેં અનુભવી. અહીં, આટલે દૂર અલાહાબાદ, બ્રોડકાસ્ટિંગનું ગણાતું જે મક્કા યા બનારસ, ત્યાં મારી આટલી કિંમત થતી જોઈ મન પ્રફુલ્લ્યું, ફાલ્યું,–પણ તરત માદરે વતન યાદ આવતાં કરમાઈ ગયું……

લંડન જેવડા આટલા મોટા ને અજાણ્યા શહેરમાં એકલા ફરવાની મઝા આવી. ભાષા તો જાણીએ, અને પૂછીએ નહિ ત્યાંસુધી કોઈ આપણી પંચાત પણ ન કરે. જોયા કરો, ચાલ્યા કરો, ભૂખ લાગે તો ભાતભાતનાં કાફેટેરિયાંમાં ખાયા કરો, જરા તાઝગી મેળવવી હોય તો ત્યાંની હેલ્થ મિનિસ્ટ્રીએ દર્દીઓને ઑસ્પિટલમાં પીવા માટે ભલામણ કરી છે એ 'ગીનીસ' પીયા કરો. સાતસો ઉપરાંત રૂટની વગર ચૂકે ચાલતી બસ પકડો, કે ભોંયરે–એટલે પાંચસાત માળ જેટલે નીચે,–નીચે ને નીચે ભમરાયા કરતી ટ્યૂબરેલમાં ફરો. અહીં ભૂલા પડાતું જ નથી. ભાગજોગે ભૂલા પડ્યા તો બેપાંચ મિનિટમાં, એકાદા ખૂણામાંથી ફુટપાથ પર ગૌરવભરી મન્દ મન્દ આલાપતી ચાલે ચાલતો, એટલી જ તીવ્ર નજરથી ચારેબાજુ જોતો, કદાવર, હમેશાં ધીરગંભીર, સ્વચ્છ અને સુસજ્જ કપડાંમાં લંડનનો પોલીસ તમને જરા પણ અટવાવા નહિ દે. એ પોલીસ અહીં આપણે ત્યાં તો નથી જ, પણ ચબરાક ને અથંગ મુસાફરો કહે છે કે એની જોડ દુનિયાભરમાં નથી! એ એના કામમાં નિષ્ણાત છે, માયાળુ પણ છે.

પણ જ્યાં ઊતર્યો હતો ત્યાં ત્રણ કાબેલ મમતાળુઓ મને ક્યાં ભૂલો પડવા દે એમ હતા? બે દાક્તરી ભણનારા વિદ્યાર્થી: એક રવીન્દ્ર કાપડિયા અને બીજા અનિલકાન્ત દેસાઈ. બસ–રેલના રસ્તાના નકશા આપે, નવા દોરી આપે, એટલું જ નહિ પણ બધું સમજાવ્યા પછી પાછા મારા વ્હાલા પરીક્ષા લે, રીહર્સલ અને રીવિઝન કરાવે! કેમ ભૂલા પડાય? ઉપરાંત અનિલકાન્તની વહુ વસુ–વાસંતીબહેન, તે એક વારની ફેલોશિપ નિશાળમાં મારી વિદ્યાર્થી. આપણે આગળ ઉપર પદ્મા ને વસંત શાહને ઓળખી ગયા છીએ, નહિ? એ વસંતની બહેન, અને પદ્માની નણંદ. એને મારી બગડેલી આંખની ફિકર, એટલે એની પોતાની તબિયત નાજુક હોવા છતાં ઘણી વાર સાથે નીકળે, લંડનની પોલીસથી યે બારે મમતાળુ! પછી ભૂલા પડાય જ ક્યાં?

લોકશાહીની ઊંડી સમજ ધરાવનાર અને શિસ્ત માટે મરી ફીટનાર આ પ્રજાએ વાણીસ્વાતંત્ર્યનો મહિમા કઈ હદ સુધી બાહલાવ્યો છે, એ શહેરના મધ્યમાં આવેલા વિશાળ હાઈડપાર્કમાં જોવા મળે. ચુનંદી ગાળો તમે રાજાથી માંડી નાનામાં નાના અમલદારને ત્યાં ભાષણમાં આપી શકો! એક ડોઢા જેવું ટેબલ કે ભાંગેલી ખુરશી હોય તો પણ ચાલે. એ ઉપર ઊભા કે તમે વિશ્વના રાજા! આભના તારાને ચોપડો કે પાર્લામેન્ટના વડાપ્રધાનને દીધે રાખો! ગમે તે મુલકના તમે વાસી હો કે ગમે તે રાજકીય પંથના પ્રવાસી હો, ભરીભરીને તમે દીવા જ કરો! પાછળ સી. આઈ. ડી. કે અમથા અકળાતા ખોટી નોંધ કરનારા રિપોર્ટરો ન મળે; પોલીસે તમને જરા ન પજવે. ઠઠ મળી કે ન મળી, બસ અવાજ કરો: સાંભળનારા આવી મળશે. અને આવી મળે છે. કારણ બાજુમાં બીજો લવારાબાજી ચલાવે છે, એમાં કંટાળેલા અહીં ભળે, અને તમારી છાતીમાં અને જીભમાં તાકાત ન હોય તો બાજુમાં ત્રીજો ટેબલ ઉપર બરાડા પાડતો ઊભો જ છે! મૂળથી તે ખમાસાનો વિષય લઈ શકો: આમલેટ બનાવનારી દુકાનોથી ગંદકી થાય છે, રસ્તા ઉપર બારણિયા



ઉપર : ચિત્ર ૨—'કેશીને હણતા શ્રીકૃષ્ણ' (વલભીપુરમાંથી મળેલું)
જમણી બાજુ : ચિત્ર ૩–'વીર ભદ્ર શિવ' (શામળાજીમાંથી મળેલું)

(loop)ની શૈલી જોતાં, તેમજ શ્રીકૃષ્ણના શરીરની રચના જોતાં, આ પ્રતિમા ઈ. ૪૫૦ થી ૫૦૦ કે તેથી પહેલાં જરૂર થઈ હોવી જોઇએ. શરીર કંઈક અંશે સ્થૂલ છતાં મજબૂત છે. જમણો હાથ ઊંચો કરેલો ખંડિત થએલો છે. ડાબા હાથનો પંજો કંઈક વધુ પહોળો દેખાડવામાં આવ્યો છે. હાથ ઉપરનો વાંકડિયો બાજુબંધ ગુપ્તકાલીન અલંકારોમાં નજરે પડે છે. પેલી પછેડી અને એના અર્ધવર્તુળે વળાંક લીધેલો છેડો આ શિલ્પને કુશાણ યુગ પછી અને ગુપ્ત કાલની શરૂઆતનાં શિલ્પોની હારમાં મૂકવા પ્રેરે છે. શ્રીકૃષ્ણે પહેરેલું વસ્ત્ર અત્યંત બારીક, ઊંચી જાતનું કોઈ અંબર હશે એ સૂચવવા માટે વસ્ત્રમાંથી અંગો દેખાઈ આવતાં સૂચવ્યાં છે. એ પણ આ શિલ્પને પાંચમા સૈકામાં મૂકવા પ્રેરે છે. વલભીના મૈત્રકોની પહેલાં સૌરાષ્ટ્રમાં—પશ્ચિમ હિંદમાં ગુપ્ત રાજાઓના સૂબા રાજ્યકારભાર સંભાળતા; અને વલભીમાંથી મળેલું આ શિલ્પ પાંચમા સૈકાના ઉત્તરાર્દ્ધમાં ઘડાએલું માનીએ તો અશક્ય નથી.

નીચે ચિત્ર ૩માં ગુજરાતની એક અલબેલી શિલ્પકૃતિનું દર્શન છે. એ છે જૂના ઈડર રાજ્યના શામળાજી નામના તીર્થમાંથી મળેલી, ભગવાન શિવની અપ્રતિમ પ્રતિમા. સામેની વલભીની કૃષ્ણની પ્રતિમા કરતાં આ શિલ્પમાં શિવનાં અંગો ઓછાં સ્થૂલ અને વધુ કમનીય બતાવ્યાં છે. નન્દીને અઢેલી, એક હાથમાં ત્રિશૂલ ધરીને ઊભેલા, જટાધારી, ત્રિનેત્રયુક્ત ભગવાન શંકરના શિવસ્વરૂપ ઉપર કલાકારે ભાર મૂક્યો છે. ગુપ્તકાલીન કલાકારની આ એક વિશિષ્ટતા છે. એમાં આધિભૌતિક અને આધ્યાત્મિક તત્ત્વોનો જે અજબ સુમેળ હોય છે તે ખરેખર આશ્ચર્યજનક સિદ્ધિ છે. આ કલા વાસ્તવદર્શી હોવા સાથે ભાવના-પ્રધાન થઈ શકી છે એ સિદ્ધિ જેવીતેવી નથી. અજંતાનું પેલું બોધિસત્ત્વ પદ્મપાણિનું વિખ્યાત ચિત્ર જૂઓ, કે સારનાથની પેલી કરુણા રેલાવતી ભગવાન બુદ્ધની જગપ્રસિદ્ધ પ્રતિમા જૂઓ, (બંને ગયા અંકમાં આવી ગયાં) કે અકોટાથી મળેલું ભગવાન ઋષભદેવની ધાતુ-પ્રતિમાનું ધ્યાનસ્થ મુખ જૂઓ, એ સર્વમાં આ આંતરિક સૌંદર્ય–આધ્યાત્મિક આનંદ-



ગુજરાતની ગુપ્તકાળની શિલ્પસમૃદ્ધિ

ગયા અંકના લેખના અનુસંધાનમાં એક બીજો મનનીય લેખ


લેખક · ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ
ડેપ્યુટી ડાયરેક્ટર · ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ · વડોદરા



ગુપ્ત વંશના રાજાઓનો શાસનકાળ એ ભારતીય ઇતિહાસનો સુવર્ણયુગ હતો એ આપણે ગયા અંકમાં જોયું. ઈ.ના ચોથા સૈકાના પ્રારંભથી માંડી છઠ્ઠા સૈકાના અંત સુધી ભારતે જુદાંજુદાં ક્ષેત્રે જે સિદ્ધિઓ મેળવી એનો યશ એ ગુપ્ત શાસનને ફાળે જાય છે, કેમકે ગુપ્ત રાજાઓએ દેશને પરદેશી ધૂંસરીમાંથી છોડાવી એની રાજકીય એકતા સ્થાપવા ઉપરાંત સાહિત્ય, કલા તેમજ સંસ્કારના ક્ષેત્રે પણ ઐક્ય સ્થાપ્યું.

આ સમયમાં ગુજરાતના કલાક્ષેત્રે-સાહિત્યક્ષેત્રે શો ફાળો હતો? ગુજરાત એટલે હાલનું ગુજરાત નહિ, ગુર્જરોનું ગુજરાત, ગુર્જર-પ્રતિહારોની સંસ્કૃતિ, જેનો વારસો સોલંકીઓને મળ્યો તે. એ સાંસ્કૃતિક એકમ સૈકાઓ સુધી ચાલુ રહ્યું. એ એકમની શરૂઆત ગુપ્ત અમલથી થવા માંડી હશે, અને ગુપ્તો પછી મૈત્રકો, ભરૂચના ગુર્જરો તથા ભિન્નમાલ-મંડોરના ગુર્જર-પ્રતિહારોના સમયમાં એ એકમ ઉત્તરોત્તર વિકાસ પામ્યું હશે. નાગભટ, વત્સરાજ, મિહિરભોજ વગેરે સમર્થ ગુર્જર-પ્રતિહારોએ ઠેઠ કનોજ સુધી, અને તેથી પણ આગળ, જે રાજકીય તેમજ સાંસ્કૃતિક આધિપત્ય મેળવ્યું (જુઓ નીચેનો નકશો) તેના પ્રતાપે ગુર્જરોની કલા પણ સારા યે પશ્ચિમ હિંદમાં અને ઉત્તર હિંદના કેટલાક ભાગોમાં ખૂબ પ્રચાર પામી. એ કલા વાસ્તવમાં તો પશ્ચિમ ભારતીય કલા, પણ એને મૈત્રકોએ પોષી ને મુખ્યત્વે તો ગુર્જર-પ્રતિહારોએ પોષી, એટલે એ 'ગુર્જર કલા' તરીકે ઓળખાવી શકાય. એ કલા સારાયે મારુ-ગુર્જર દેશમાં, કચ્છ સૌરાષ્ટ્ર અને સિંધના દક્ષિણ તેમજ દક્ષિણ-પૂર્વ ભાગો સહિતના પશ્ચિમ ભારતમાં ખૂબખૂબ ફેલાઈ, વિકસી, અને ઉત્તરમાં તેમજ પૂર્વમાં પણ એની અસર પહોંચી.

બિહાર અને બંગાલના પાલ રાજાઓના સમયમાં આઠમા સૈકાના ઉત્તરાર્ધમાં ધીમાન અને બીતપાલો નામના પિતાપુત્રે જેમ વિશિષ્ટ કલાશૈલી સર્જી તેમ, તેથી પણ પહેલાં, પશ્ચિમ ભારતમાં એક મહાન કલાકારે એક વિશિષ્ટ કલાશૈલી સર્જી હતી, જેને તિબ્બતી ઇતિહાસ-કાર લામા તારાનાથે 'પ્રાચીન પશ્ચિમ ભારતીય કલા' નામથી ઓળખાવી છે. એ કલા નેપાલ કાશ્મીર વગેરેમાં પણ સૈકાઓ સુધી ચાલુ રહી હતી. આ મહાન કલાકારનું નામ હતું શાર્ઙ્ગધર, અને મરુદેશ એની



પસ્તાશો

આ લેખ 'જૂના પથરાઓ'—મૂર્તિઓ ને શિલ્પોને લગતો—છે એમ ગણીને વાંચવો છોડી દેશો તો પસ્તાશો. એના લેખક પાષાણશિલ્પ અને ધાતુમૂર્તિઓના અભ્યાસી છે અને ગુજરાતની ગુપ્ત યુગની શિલ્પકળાના પ્રથમ શોધક અને પ્રતિપાદક છે. એમનું એ મંતવ્ય ડૉ. સ્ટેલા ક્રૅમરિશ, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ અને ડૉ. મોતીચન્દ્ર જેવા ભારતીય કલાના આગેવાન વિવેચકોએ માન્ય રાખીને એ યશ એમને આપ્યો છે. ગુજરાતનું ગૌરવ જેને હૈયે છે તેઓ તેમજ વિદ્વાનો, સંશોધકો, કલારસિકો વગેરેને તો આ લેખ ઉપયોગી લાગશે જ, પણ શિલ્પકલાથી અનભિજ્ઞને પણ એમણે સરલ ભાષામાં સમજાવતાં કરેલાં વર્ણનો એમાં રસ પ્રેરશે. અમારી ભલામણ છે કે સૌ વાચકો એ વાંચતા જઈને સાથેસાથે ચિત્રોનો ધીરજ તથા ઝીણવટથી અભ્યાસ કરે.

જન્મભૂમિ. એ ક્યારે થઈ ગયા, કયા રાજાના રાજ્યમાં આશ્રય પામ્યા એની ચોક્કસ તવારીખ હજુ ઉપલબ્ધ નથી, પણ મારા નમ્ર મતે આ કલા ઈ. સ. ૫૦૦ આસપાસ તો જરૂર અસ્તિત્વમાં હતી જ. એ પહેલાંની પશ્ચિમ ભારતની શિલ્પસમૃદ્ધિના નમૂના જૂજ છે, અને એ બાબતમાં હાલ ચોક્કસ અનુમાનો દોરવાં શક્ય નથી. એટલે હાલ તો આ કલાશૈલીને ઈ.સ. ૫૦૦ આસપાસ શરૂ થએલી માનવાને વાંધો નથી. મરુદેશમાં જન્મેલા શાર્ઙ્ગધરે પોતાની અભિનવ કલાકૃતિઓ ભિન્નમાલના રાજ્યાશ્રયે સર્જી કે વલભીના, તે આપણે નક્કી કરી શકતા નથી. સંભવ છે કે એ રાજ્યાશ્રય વલભીમાં પણ મળ્યો હોય.

બિહાર-બંગાળની પાલવંશી રાજાઓના આશ્રયે પોષાએલી કલાના નમૂના ઘણા મળ્યા છે, એનો અભ્યાસ પણ થયો છે, અને એ કલાકારો (ધીમાન તથા બીતપાલો)નાં નામ રજૂ કરનાર તારાનાથની હકીકત વિશ્વસનીય પણ મનાઈ છે. એ કલાના નમૂનાઓમાં નાલંદા-કુર્કિહારની સુંદર ધાતુપ્રતિમાઓ તથા બિહાર-બંગાળમાંથી મળેલી અનેક પાષાણ-પ્રતિમાઓ જાણીતી છે. પણ, આપણી પશ્ચિમ ભારતીય કલાના એવા જૂના નમૂનાઓની યોગ્ય કિંમત હજુ સુધી અંકાઈ નહોતી. અન્ય કલા-શૈલીથી વિશિષ્ટ શૈલીવાળા આપણા પશ્ચિમ ભારતનાં કેટલાંયે શિલ્પોની આ કલા કઈ એનો કોઈ આજ સુધી ભાગ્યે જ વિચાર કરતું.

વસંતગઢ(જૂના સિરોહી સ્ટેટ)માંથી ત્રણચાર દાયકા ઉપર જૈન ધાતુપ્રતિમાઓનો એક સંગ્રહ જડ્યો હતો. તે હાલ પિંડવાડાના જૈન મંદિરમાં છે. એમાં, 'સંવત ૭૪૪માં પ્રતિષ્ઠિત થએલી' એ મતલબના લેખ સહિતની, એક મોટી જૈન ધાતુપ્રતિમા છે, જેની શૈલી નાલન્દાની પાલ શૈલીથી અલગ પ્રકારની છે, અને પાલ શૈલીના પ્રાચીનમાં પ્રાચીન મળેલા નમૂનાઓ કરતાં પણ તે પ્રાચીન હોવાનું (વિ. સં. ૭૪૪=ઈ. સ.



ચિત્ર:૧ ભિન્નમાલમાંથી મળેલી વિષ્ણુપ્રતિમા(જુઓ સામેના કૉલમમાં)

૯૮૮) એના ઉપરના લેખ પરથી સ્પષ્ટ થાય છે. (પાલ રાજાઓ તો આઠમા સૈકામાં થયા.) આ સંગ્રહની ધાતુપ્રતિમાઓના આધારે તેમજ (૨) વડોદરા પાસેના કપૂરાઈ ગામેથી મળેલા શિવપાર્વતીના એક સુંદર શિલ્પના આધારે અને (૩) ઉત્તરમાં જોધપુર રાજ્યની ઓશિયા નગરીનાં શિલ્પ તેમજ (૪) આપણે ત્યાંના લાટ દેશની પ્રાચીન કારવણ નગરીનાં શિલ્પો વગેરેના અભ્યાસ ઉપરથી, આજથી છએક વર્ષ ઉપર, (ઈ. સ. ૧૯૪૯માં મુંબાઈની ઑલ ઇન્ડિયા ઓરીએન્ટલ કૉન્ફરન્સમાં) આ લેખકે સૂચન કરેલું કે શાર્ઙ્ગધરની શૈલીની હસ્તી આપણને મળે છે, અને તેના સમર્થન રૂપે એના નમૂનાઓ વસંતગઢ, કારવણ, ઓશિયા, વલભી, શામળાજી, રોડા વગેરે સ્થળોએ હોવાનું તેમજ વડોદરાના મ્યૂઝિયમ વગેરેમાં મોજૂદ હોવાનું જણાવી તેના કેટલાક ફોટા રજૂ કર્યા હતા. આ પછી બે વર્ષ રહીને અકોટા(વડોદરા પાસે)નો ધાતુ-પ્રતિમાસંગ્રહ પ્રાપ્ત થયો, વેરવિખેર થતો બચાવી લેવાયો, અને એ સંગ્રહ મુખ્યત્વે આ પશ્ચિમ ભારતીય કલાનો જ છે એમ આ લેખકે રજૂ કર્યું. (આ લખાણો અંગ્રેજીમાં હોઈ અહીં એ બધું રજૂ કરવું વિસ્તારભયે અશક્ય છે, પણ 'કુમાર', ફેબ્રુઆરી, ૧૯૫૨ના અંકમાં 'ગુજરાતનું પ્રાચીન ધાતુશિલ્પ-ધન'એ શીર્ષક નીચેનું મારું લખાણ આ લેખના અનુસંધાનમાં જોઈ જવા વિનંતી છે.) અકોટાનો સંગ્રહ મળ્યા પછી હવે પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાશૈલીનું અસ્તિત્વ સ્વીકારાઈ ગયું છે. આ શૈલી, સોલંકીયુગમાં નજરે પડતી તથા તાડપત્રો અને કાગળ ઉપરનાં ચિત્રો તેમજ શિલ્પોમાં દેખાતી પશ્ચિમ ભારતીય કે 'ગુજરાતી કલા'ને નામે ઓળખાતી કલાથી ભિન્ન અને એનાથી ઘણી જૂની છે. એટલા માટે આપણે એને 'પ્રાચીન પશ્ચિમ-ભારતીય કલા' કહીશું.

એ કલાનો ક્રમબદ્ધ ઇતિહાસ તથા એની વિશિષ્ટતાઓની ચર્ચા ભવિષ્ય પર છોડીએ. પણ એ અંગે જરૂરી છે પશ્ચિમ હિંદનાં જૂનાં શિલ્પ-સ્થાપત્યોનો અભ્યાસ. એને શરૂ કરીએ, એટલે આપોઆપ આપણે આપણી પ્રાચીન કલાને પિછાનતા થઈશું. એ અગાઉના મૌર્યયુગ, શુંગયુગ કે ક્ષત્રપોના રાજ્યકાલનાં ખાસ કોઈ શિલ્પો આપણા ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડના પ્રદેશમાં મળતાં નથી. શુંગ સમયની ભેલસા અને સાંચીની મધ્યભારતની શિલ્પસમૃદ્ધિ સહુને જાણીતી છે, પણ એ સમયનાં પશ્ચિમ ભારતનાં શિલ્પો હજુ જડ્યાં નથી.

ઈ. સ.ના શરૂના સૈકાઓથી કંઈક વધુ સમય સુધી પશ્ચિમ ભારત ઉપર જામેલા પરદેશી શાસન સમયનાં શિલ્પ-સ્થાપત્યો આપણી પાસે નથી. જોધપુર પાસે મંડોરમાંથી મળેલું કૃષ્ણ-ગોવર્ધનધારીનું શિલ્પ એ સમયનું છે. જૂનાગઢમાં 'બાવા પ્યારા'ના નામથી ઓળખાતી ગુફાઓ એથી કાંઈક જૂની, ઈ. સ. પૂર્વેની પહેલી સદીની હશે, પણ ત્યાંથી યે કોઈ શિલ્પ મળ્યું નથી. ત્યાંના ઉપરકોટની ગુફા આ સમયની છે અને ત્યાંના થાંભલા પરનાં ઘસાઈ ગએલાં શિલ્પો પ્રસિદ્ધિ લાયક છે.

ભારતીય સંસ્કૃતિના અભ્યાસી, પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર સ્વ. રમણલાલ વ. દેસાઇએ કારવણની પુરાતત્ત્વવિષયક સામગ્રી (સિક્કા, માટીકામ વગેરે) મેળવી એની અગત્યનો ખયાલ આપ્યો. એમના સંગ્રહમાં ત્યાંથી મળેલી ચટણી વાટવાની શિલા અગત્યની છે. એના મથાળે જે નાની ચિત્રકારી છે એવી ચિત્રકારીવાળો એક નાનો પથ્થર બાજુના સલાડ ગામમાંથી મળેલો વડોદરા મ્યૂઝિયમમાં છે. આ બંને ઈ.સ.ની શરૂઆતના સમયના છે, બલ્કે એથી પણ સહેજ જૂના ગણાય.

આ પછી દક્ષિણ ગુજરાતમાંથી એક નાની વિષ્ણુ-પ્રતિમા મળેલી છે. તેને ક્ષત્રપ-યુગના અંતિમ સમયની—ઈ. ત્રીજા કે ચોથા સૈકાની કહી શકાય તેમ છે. વડોદરા યુનિવર્સિટીના આશાસ્પદ પુરાતત્ત્વવિદ્ ભાઈશ્રી રમણલાલ નાગરજી મહેતાએ એ શોધી કાઢી છે.

મારવાડમાં ભિન્નમાલમાંથી મને વિષ્ણુની એક પાષાણ પ્રતિમા મળી છે, જેને ઈ.સ.ના ચોથા સૈકાના ઉત્તરાર્ધમાં,—ક્ષત્રપ અને ગુપ્ત કાલના સંધિકાળમાં બનેલી ગણાવી શકાય છે. ચિત્ર ૧માં એ રજૂ કરી છે, જેને પાછળના ગ્રંથકારોએ ત્રિવિક્રમ-મૂર્તિ તરીકે ઓળખાવી છે. એ સ્વરૂપ આ મૂર્તિમાં વિષ્ણુનું કલ્પવામાં આવ્યું છે. આખા પશ્ચિમ ભારતમાંથી તો ગુપ્ત કાલનાં ઘણાં શિલ્પો મળ્યાં છે. એ બધાંની રીતસરની ચર્ચાથી તો આ લખાણ લાંબુ થઈ જાય; એટલે આપણે તો ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી મળેલાં ગુપ્તકાલીન શિલ્પોનો જ વિચાર કરીશું.

એમાંનો મોટો સંગ્રહ જૂના ઈડરસ્ટેટના શામળાજી તથા આજુબાજુના પ્રદેશમાંથી, એ રાજ્યના એક વખતના વિદ્યાધિકારી શ્રી પંઢરીનાથ ઇનામદારે શોધી પ્રસિદ્ધ કર્યો હતો અને હાલ તે વડોદરા મ્યૂઝિયમમાં લાવવામાં આવ્યો છે. એ સંગ્રહ ગુપ્ત યુગનો છે એમ મારું માનવું છે. સદ્‌ગત શ્રી દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે ઘણાં વર્ષો ઉપર વલભી(હાલનું વળા)માંથી કેટલાંક શિલ્પો અને ધાતુ-પ્રતિમાઓના ફોટોગ્રાફ પાડ્યા હતા તે પણ ગુપ્ત કાલનાં છે. સૌરાષ્ટ્રમાં કદવર નામના સ્થળે વરાહ-અવતારનું પ્રાચીન મંદિર છે. ત્યાંની દ્વારશાખા ઉપરની અને બાજુમાં છૂટ્ટી પડેલી પ્રતિમાઓ ગુપ્ત કલાના સુંદર નમૂના છે (જુઓ પૃ. ૪૯૮). સૌરાષ્ટ્રમાં ગોપમાં આવેલું વિખ્યાત મંદિર મૂળ ક્ષત્રપ યુગમાં બંધાએલું હશે. એમ મારા મિત્ર શ્રી. એમ. એન. દેશપાંડેએ શોધી કાઢ્યું છે. એનાં શિલ્પો ગુપ્ત યુગમાં મૂકી શકાય તેમ છે.

સૌરાષ્ટ્રના વલભીપુર(વળા)માંથી મળેલું ચિત્ર નં. ૨માં દર્શાવેલું શિલ્પ 'કેશીને હણતા શ્રીકૃષ્ણ'નું છે. પ્રતિમા ખંડિત છે. એમાં કૃષ્ણનું કે કેશીનું મસ્તક ઉપલબ્ધ નથી. પણ પ્રતિમા ઓળખાઈ શકે તેમ છે. શ્રીકૃષ્ણનું સુદૃઢ શરીર એક પરાક્રમી નવજુવાનને શોભે એવું કલાકારે ઘડ્યું છે. ધોતિયાની પાટલીની વિશિષ્ટ રચના ધ્યાનમાં રાખવા જેવી છે. ધોતિયાને મથાળે બાંધી રાખેલી આમળિયા વાળેલી પછેડી (જે જાડા દોરડા જેવી લાગે છે) અને મધ્યમાં એ પછેડીએ લીધેલા વળાંક

આપનું લવાજમ

જો આ અંકની કોથળી ઉપર આપના ગ્રાહક નંબરને છેડે '૧૨' અંક છાપ્યો હોય તો આ અંક સાથે આપનું લવાજમ

પૂરું થાય છે

અમને વિશ્વાસ છે કે આપનામાંથી ભાગ્યે જ કોઈએ બંધ થવાનો વિચાર તો કર્યો હશે. એટલે, અમારે માત્ર વ્યવસ્થાની સરળતા માટે જ એક વિનતિ કરવાની છે, કે આપનો નિર્ણય નીચેના કાર્ડમાં જો **તુરતાતુરત** લખી મોકલો તો વેળાસર તેની વ્યવસ્થા થઈ શકે; અને આપ પણ ભવિષ્યમાં આવનારા વી. પી.ની ચિંતા તથા વધારાના ખર્ચમાંથી બચી શકો; કેમકે મની ઑર્ડરથી આગોતરા મોકલવા કરતાં પાછળથી વી. પી.થી મંગાવવામાં બે ગેરલાભ છે: એક તો આપને સાત આના વધુ ભરવા પડશે, અને સેંકડો ગ્રાહકોનાં વી. પી. ક્રમમાં થતાં આપને અંક લગભગ બેત્રણ અઠવાડિયાં મોડો મળશે.

આ પાના ઉપર આ મથાળું વાંચીને આપને કદાચ એમ થશે કે વરસોવરસ, બાર માસ પૂરા થયે લવાજમ પૂરું થાય, અને અમે આપને તે ફરીથી ચાલુ કરવા માટે વિનતિ કરીએ, એ પરિસ્થિતિ દર સાલની જેમ આ વરસે પણ ફરી પાછી આવી,—એ અનંતપણે ફર્યા કરતા ચક્રની અમે વાત કરીએ છીએ. પણ ના; છેક તેમ નથી. અમારે તો બીજા સંદર્ભમાં એવી એક વાત કહેવી છે.

'કુમાર'ને ટકી રહેવા સારુ ગ્રાહકો વધવાની જેટલી જરૂર છે તેટલી—બલ્કે તેથી વધારે તેને જાહેરખબરોનો ટેકો મળવાની જરૂર છે. એને માટે અમે આ વર્ષે ઘણી મથામણ કરી. જેટલાં બારણાં ખખડાવવાનાં હતાં તે બધાં ખખડાવી ચૂકયા. અલબત્ત, અઢળક નિરાશા જ મળી, એ તો આપ આ વરસ દરમ્યાન જોઈ શકયા હશો. એ માટે અમે એક વખત એક માતબર જાહેરખબર-વિતરક-કંપનીના અધિકારીને મળ્યા હતા. એમણે કહ્યું કે માસિક તો બહુ સારું છે, પણ ફલાણા માસિક જેટલો તમારો "ફેલાવો" નથી. એટલો ફેલાવો કરીને આવો. અમે કહ્યું કે એ માસિક જેટલો ફેલાવો વધારવા માટે માસિક એટલું પુષ્ટ થવું જોઈએ. વધારે પાનાં, વધારે ચિત્રો, વધારે રંગમયતા લાવવાની અમારી અભિલાષા તો છે, અમારી પાસે સાધનો પણ છે; પરંતુ તેને માટે જોઈતું વિત્ત નથી. આપસરખાની જાહેરખબરો મળે તો ટેકો મળે, અને તેથી આકર્ષાઈ બીજી પણ જાહેરાતો મળે,—અને તો જ અમે માસિકને વધુ દળદાર તથા સમૃદ્ધ બનાવી શકીએ; જેને પરિણામે ગ્રાહકો તથા ફેલાવો આપોઆપ વધે. પણ એ તો કહે કે ના; પહેલાં "ફેલાવો" વધારીને પછી આવો!

અમે વિચાર કરવા માંડ્યો: ફેલાવો વધે તો જાહેરખબરો મળે,...તો પૈસા મળે ને માસિક પુષ્ટ થાય, તો ફેલાવો વધે......તો જાહેરખબરો મળે, તો......

આ અનંત ચક્ર તો ખરું, પણ એની શરૂઆત ક્યાંથી થાય? જાહેરખબરો વધવાથી કે ફેલાવો—ગ્રાહકો વધવાથી?

આ વરસના એપ્રિલ મહિનાની આ વાત છે. ત્યારનો અમને આ પ્રશ્નનો ઉકેલ નથી મળ્યો.—આપ બતાવી શકશો?

અને જો ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરી તે મુદ્દો પણ ભરી મોકલશો તો ઘણો આભાર થશે, કે જેથી અમે વી. પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલીફ જ છે; પરંતુ નહિતર અમારું સવા સાત આનાનું પોસ્ટેજ એળે જશે.

છતાં, કોઈ સંજોગોમાં ૧૫મી જાન્યુઆરી ૧૯૫૪ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે, તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને, આવતો અંક વી. પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા કૃપા કરશો.

નીચેના કાર્ડમાં આપનો ગ્રાહક-નંબર તો અવશ્ય ભરી મોકલશો. આ અંકની કોથળી ઉપર તે આપ્યો છે.

↓અહીંથી ફાડો અને આ કાર્ડ અવશ્ય ભરી મોકલો.

સામેના કાર્ડ વિષે સમજૂતી

લવાજમ: દેશમાં રૂ. ૯: (પરદેશમાં શિ. ૧૭) છે. તે મોકલવા જો—

(૧) મનીઑર્ડર કરશો તો ૩ આના થશે

(૨) ચેક બે આનામાં બીડી શકશો.

(૩) પોસ્ટલ ઑર્ડર પણ બે આનામાં

(૪) એજન્ટને ૩ આના ભરવા પડશે.

(૫) વી. પી. થી મંગાવતાં સૌથી વધુ ખર્ચ થશે: દસ આના (૦-૧૦-૦)

અને ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરીને તેમ જરૂર ભરી મોકલશો.

અને આપનો ગ્રાહક નંબર તો અચૂક લખશો; કોથળી ઉપર છે.

અહીંથી ફાડો અને આ કાર્ડ અવશ્ય ભરી મોકલો.

વ્યવસ્થાપક 'કુમાર', ગ્રાહક નંબર ....

'કુમાર'ના ૧૯૫૫ના વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. એ માટેનું માર[ું] લવાજમ [દેશમાં રૂ. ૯–૦–૦; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ. ૧૭] હું આ સાથે—

(૧) મનીઑર્ડરથી મોકલું છું.

(૨) ચેકથી મોકલું છું. (ચૅક બૅંકના કમિશનની રકમ ઉમેરી મોકલશો.)

(૩) પોસ્ટલ ઑર્ડરથી મોકલું છું.

(૪) તમારા એજન્ટ .... મારફત મોકલું છું

(૫) આવતો અંક નીચેને સરનામે વી. પી.થી મોકલી લવાજમ વસૂલ કરશો

(૬) મારું નામ કમી કરશો.

(ઉપરના છ મુદ્દામાંથી જરૂરનો મુદ્દો રાખીને બાકીનો ભાગ છેકી નાખશો.)

નામ ....

પૂરું સરનામું ....



ચિત્ર ૪: ઋષભદેવની ધાતુપ્રતિમા (અકોટામાંથી)

ના આસ્વાદથી નીપજતી પ્રસન્નતા પ્રસાદ અને લાવણ્ય–નો મહિમા નજરે પડશે(ઉપર ચિત્ર ૪).તે વખતનું ભારતીય સંસ્કારજીવન એવું હતું. અને શિવની આ સર્વાંગમનોહર શિલ્પકૃતિ બતાવે છે કે તત્કાલીન ગુજરાત પણ સંસ્કાર અને કલાક્ષેત્રે ખૂબ જ આગળ વધેલું હતું.

આ અંકના પાછલા પૂઠાની અંદર આપેલી ચિત્રપ્લેટમાં વડોદરાની દક્ષિણપૂર્વે પાંચેક માઈલ દૂર આવેલા કપૂરાઇ ગામમાંથી મળેલી જગતનાં માતાપિતારૂપ પાર્વતી-પરમેશ્વરની આલિંગનમૂર્તિ જૂઓ. પ્રકૃતિ અને પુરુષનું ઐકાત્મ્ય સિદ્ધ કરતી અર્ધનારીશ્વરની પ્રતિમા પણ આ કાલમાં ભારતે કલ્પેલી હતી. પણ માતાપિતાની આ આશ્લેષમય સહસ્થિતિની મૂર્તિઓમાં કલાકાર ઘણું રજૂ કરી શક્યો છે. જોકે આ પ્રતિમાનો ઉપરનો મસ્તકનો ભાગ હજી સુધી જડ્યો નથી, પણ બાકીની પ્રતિમા લગભગ અખંડિત છે અને ભારતમાંથી મળેલી આવી અન્ય પ્રતિમાઓમાં તે શ્રેષ્ઠ કોટિની પ્રતિમા છે. શિવ અને પાર્વતીનાં અંગોના સરળ વળાંકમાં કલાકારે જગતનાં માતપિતાની સર્જકશક્તિ તથા તજ્જન્ય આનંદને જાણે નૃત્ય અને સંગીતની પરિભાષામાં રજૂ કર્યાં છે! ચિત્રકારની પીંછી જે સરળ ભાવે ફરી વળે, એટલી સરળતાથી કલાકાર આ પાષાણમાંથી આટલી સુંદર પ્રતિમા કંડારી કાઢે છે. પાછળ ઊભેલા નંદિની સ્થિર આકૃતિ પ્રકૃતિ-પુરુષના આ પ્રેમાલિંગનને, આ ભાવૈક્યને અને તેથી ઉપજતાં આનંદ અને નૃત્યને વધુ વેગ આપે છે.

અને આ બધું થોડી પણ જોરદાર રેખાઓથી, થોડાંક જ અલંકરણોથી કલાકારે રજૂ કર્યું છે. ગુપ્ત યુગની પ્રજાનો આ આદર્શ હતો સંયમ. અને તે વિચારમાં, વાણીમાં, વર્તનમાં, કલામાં. એ ન હોત તો જે સ્વરૂપમાં આજે ભાગવત અને અન્ય પુરાણો, તર્કશાસ્ત્રો, સર્વશ્રેષ્ઠ ગ્રંથો, મહાકાવ્યો, શ્રેષ્ઠ નાટકો અને શ્રેષ્ઠ કલાકૃતિઓ મળ્યાં છે તે મળત નહિ. (જે બધાંનું આ સ્વરૂપ ગુપ્ત યુગમાંનું છે.) કવિકુલગુરુએ જે કહ્યું છે તે જ સૌંદર્યનો આદર્શ હતો—यदुच्यते पार्वति पापवृत्तये न रूपमित्यव्यभिचारि तद्वचः । ગુપ્તકાલીન સ્ત્રી અને પુરુષ સૌંદર્યપ્રેમી હતાં જરૂર, પણ સંયમની, આત્મનિગ્રહની લગામ હાથમાં રાખેલી હતી.

જીવન્તસ્વામીની ધાતુ-પ્રતિમા એ ગુજરાતની એક શ્રેષ્ઠ કલાકૃતિ છે. (જુઓ સામેના પાને ચિત્ર નં. ૫) સારા યે ભારતમાંથી મળેલી ધાતુપ્રતિમાઓમાંની શ્રેષ્ઠ કક્ષાની થોડી પ્રતિમાઓની હરોળમાં બેસતી આ એક અતીવ સુંદર કલાકૃતિ છે. પ્રતિમા ખંડિત થવાથી, છાતીના ભાગે જે પોલાણ થએલું તે મીણથી પૂરી મેં ફોટો પાડ્યો છે.

ભગવાન મહાવીર દીક્ષા લેવા ઇચ્છતા હતા, પણ વડીલ બંધુના આગ્રહે વરસેક પોતાના મહેલમાં જ રોકાઈ રહ્યા, અને ગૃહસ્થધર્મમાં રહેવા છતાં ધ્યાનપરાયણ સાધુ જેવા આચારમાં રહ્યા, તે સ્થિતિને રજૂ કરતી પ્રતિમાને 'જીવન્તસ્વામીની પ્રતિમા' કહેવામાં આવે છે. જીવન્તસ્વામીની એટલે સ્વામીની હયાતીમાં ઘડેલી. ભગવાન મહાવીરની હયાતીમાં એમની રૂપાકૃતિ કોઇએ આ જાતની ઘડેલી, તેથી મૂળ પ્રતિમા ઉપરથી એવા રૂપની પાછળથી થએલી સર્વે પ્રતિમાઓ 'જીવન્ત સ્વામી પ્રતિમા' કહેવાઈ. કેશરહિત, અલંકારરહિત, સાધુની પ્રતિમાને બદલે વસ્ત્ર, અલંકાર અને મુકુટયુક્ત થતી આવી પ્રતિમાઓ જીવન્તસ્વામીની પ્રતિમા તરીકે જૈન ધર્મમાં ઓળખાય છે. આ પ્રતિમા એની કલાની દૃષ્ટિએ ઈ. સ. ૫૦૦ કે તેની કંઈક પૂર્વની, ઈ. સ. ૪૫૦ થી ૫૦૦ વચ્ચેની બનેલી માનવાને સબળ કારણો છે. આપણે એ ચર્ચામાં અહીં નહિ ઊતરીએ. અહીં તો આપણને 'અનાસક્તિ-યોગ'ની ભાવનાનું મૂર્ત દર્શન થાય છે. અલંકરણોથી યુક્ત, મહેલમાં વસેલા આ તપસ્વીને વિદેહરાજ જનકની જેમ આધિભૌતિક સુખસમૃદ્ધિ સ્પર્શી શકતી નથી,

કદવર(સૌરાષ્ટ્ર)ના મંદિર પર વરાહમંદિરની વિષ્ણુ-લક્ષ્મીની મૂર્તિ







ઉપર: ચિત્ર નં. ૫-ગુજરાતની એક શ્રેષ્ઠ કલાકૃતિ-ભગવાન મહાવીરની દીક્ષા લેતાં પહેલાંના સમયની-જીવંત સ્વામીની ધાતુ-પ્રતિમા; જમણી બાજુ: પશ્ચિમ હિંદની એવી જ શ્રેષ્ઠ બીજી ધાતુ-મૂર્તિ: સિંધમાંથી મળેલી ચતુર્મુખ બ્રહ્માની મૂર્તિ.

એનું મન આધ્યાત્મિક આનંદમાં મસ્ત છે, મુખ પર એ યોગજન્ય આનંદ રેલી રહે છે. પ્રશમ રસમાં નિમગ્ન, પ્રસન્ન દૃષ્ટિયુગલ અને મુખ એ જિનમૂર્તિનો આદર્શ અહીં સંપૂર્ણરીતે રજૂ કરવામાં આવ્યો છે. ભાવોને આટલી સુંદર રીતે રજૂ કરવામાં સારનાથની બુદ્ધ મૂર્તિના કલાકાર કરતાં આ જીવન્તસ્વામી-પ્રતિમાનો કલાકાર જરાયે ઊતરતો નથી.

આ પ્રતિમા જેમ ગુજરાતની, પશ્ચિમ હિંદની એક અનોખી કલાકૃતિ છે, તેવી એ જ કલાશૈલીની બીજી, એટલી જ જૂની, એક અનોખી ધાતુપ્રતિમા સિંધના મીરપુર ખાસમાંથી મળેલી હાલમાં પાકિસ્તાનમાં કરાંચીના મ્યૂઝિયમમાં છે. એ છે બ્રહ્માની ચતુર્મુખ ખડી પ્રતિમા. (જુઓ સામેનું ચિત્ર). બ્રહ્માની આટલી સુંદર પ્રતિમા ભારતભરમાં બીજે ક્યાંયથી મળી નથી; અને એની કલાશૈલી, ઉપર જણાવેલી જીવન્ત-સ્વામી-પ્રતિમા માફક, વિશિષ્ટ પ્રકારની છે. અને એ છે પશ્ચિમ ભારતીય કલાશૈલી, જેને શાર્ઙ્ગધરે નિપજાવેલી. સિંધના આ ભાગોમાં સોલંકી યુગમાં પણ, ગુજરાતી કલાની અસર રહી છે ને સિંધનો દક્ષિણ તથા દક્ષિણ-પૂર્વ ભાગ હમેશાં ગુજરાત-મારવાડની કલા અને સંસ્કૃતિના એકમમાં ભળેલો રહેલો છે એ યાદ રાખવું જરૂરી છે.

પણ આપણે અહીં ગુપ્ત યુગની પ્રતિમાઓનો જ નિર્દેશ કરીશું. પાછળ પૃષ્ટ ૫૦૦ ઉપર ચિત્ર ૭માં રજૂ કરેલી પ્રતિમામાં પાર્વતી ભીલડીના-કિરાતકન્યાના વેશમાં ઊભેલાં જણાય છે. પૃ. ૫૦૧ ઉપર ચિત્ર ૧૧માં શામળાજીમાંથી મળેલી ગણપતિની સુંદર દ્વિભુજ પ્રતિમા



↑ઉપર: ચિત્ર ૭–ભીલડી વેશમાં પાર્વતીની મૂર્તિ
જમણી બાજુ મથાળે: ચિત્ર ૮–માતા અને શિશુ



છે. આ પ્રતિમાઓ શામળાજી પાસેથી જ મળેલી છે. લીલા ભૂખરા પોચા પાષાણ ઉપર કોતરેલી આ પ્રતિમાઓ કાલિદાસે મેઘદૂતમાં વર્ણવેલી મરકત શિલાની યાદ આપે છે. આ મરકત શિલાનાં શિલ્પ-સ્થાપત્યો કેટલાં સુંદર દેખાઇ શકે તેનો ખયાલ તો વડોદરા મ્યૂઝિયમમાં હાલસંગ્રહીત ઉપરની સઘળી પ્રતિમાઓ જોવાથી જ આવી શકે.

એક પાંચ ફૂટ ઊંચું, વિશાળ, એકમુખ શિવલિંગ શ્રી પંઢરીનાથ ઈનામદાર ખેડબ્રહ્માથી લઇ આવ્યા હતા. આ શિવલિંગ પણ હાલ વડોદરા મ્યૂઝિયમમાં છે. પણ તે બહાર ખુલ્લામાં છે તેને બદલે વધુ સુરક્ષિત સ્થળે રાખવું હિતાવહ છે, જેથી એની કોતરણીને કોઈ વધુ નુકસાન પહોંચે નહિ. ચિત્ર ૧૨માં આ શિવલિંગ દર્શાવ્યું છે. આવાં એક-મુખ શિવલિંગો ઈ. સ.ના બીજાત્રીજા સૈકાથી, ખાસ કરીને ભારશિવો અને નાગરાજાઓના સમયથી વધુ પ્રચારમાં આવ્યાં લાગે છે. મધ્ય-ભારતનાં કેટલાંક સ્થળોમાંથી આવાં પ્રાચીન શિવલિંગો મળ્યાં છે. ખેડબ્રહ્માનું આ શિવલિંગ, એની કારીગરી જોતાં, ઈ. ૩૦૦ થી ઇ. ૪૦૦ વર્ષે મૂકવાને કોઈ વાંધો લાગતો નથી.

ચિત્ર ૧૦માં દેવનીમોરી (શામળાજી) પાસેથી મળેલી, સપ્ત માતૃ-કાઓની ખંડિત પ્રતિમાઓમાંની એક રજૂ કરી છે. આ પ્રતિમા છે કૌમારી શક્તિની, કૌમારી માતૃકાની. હાથ ખંડિત હોવાથી હાથમાંનું બાળક કે માતાજીના હાથની શક્તિ જોવા મળતાં નથી, પણ પાસે




ચિત્ર ૯: મકર વાહન ઉપર ઊભેલા ગંગાની અતીવ સુંદર વેગવાન શિલ્પમૂર્તિ



મથાળે: ચિત્ર ૧૦: કૌમારી માતૃકાની મૂર્તિ, ચિત્ર ૧૧: દ્વિભુજ ગણપતિ, ચિત્ર ૧૨ એકમુખ શિવલિંગ

ઊભેલો મયૂર માતાજીની ઓળખાણ આપે છે. એ સાથે બીજી માતૃકાઓની જે પ્રતિમાઓ (ઓછેવધતે અંશે બધી જ ખંડિત છે) મળી છે તેમાં કેટલીક પ્રતિમાઓના હાથમાં બાળક સ્પષ્ટ દેખાય છે એટલે કૌમારી માતૃકાની જ આ પ્રતિમા છે એમ માનવાને વાંધો નથી.



ચિત્ર ૧૩ 'મહાવિષ્ણુ' શામળાજીમાં હાલ પૂજામાં રહેલું એક અતિ મહત્ત્વનું શિલ્પ

(આ બધી પ્રતિમાઓનાં ચિત્રો 'ગુપ્ત સ્કલ્પ્ચર્સ ફ્રૉમ ગુજરાત'એ શીર્ષક નીચે, 'જર્નલ ઑવ ઇન્ડિયન મ્યૂઝીઅમ્સ'માં આ લેખકે રજૂ કરી તેની કલા વગેરેની ચર્ચા કરી છે). આ સર્વ પ્રતિમાઓ ગુપ્ત સમયની છે અને ઈ. સ. ૫૦૦ આસપાસની કે તેથી કંઈક પ્રાચીન છે. મારા ઉપર નિર્દિષ્ટ એ લેખમાં મેં બતાવ્યું છે કે ભૂમારા, દેવગઢ વગેરે સ્થળોની ગુપ્તકાલીન શિલ્પકલા સાથે, આ કલા સ્પષ્ટ રીતે ગુપ્તવંશીય શરૂઆતના શાસકોના સમયની છે. એક તરફ ગાંધારની કલા સાથે, અને બીજી તરફ મધ્યભારતમાં બલ્કે સારાયે ઉત્તર ભારતમાં પ્રચલિત પ્રાચીન શિલ્પપરંપરા સાથે સંબંધ ધરાવતાં તત્ત્વો આ નમૂનાઓમાં છે.

સામેના પાને ચિત્ર ૮માં રજૂ કરેલી માતા ને શિશુની (શામળાજીની) એક ખંડિત મૂર્તિમાં, માતાના કેશકલાપ ઉપરનું આભૂષણ કે કેશકલાપમાંથી એક બાજુએ લટકતી નાની પત્રલતા જેવાં તત્ત્વો આ કલાને ગાંધારની કલા સાથે જોડે છે. માતૃકાઓની પ્રતિમામાં બાજુએ લટકતા દુપટ્ટાના છેડાઓની રચના પણ એ જ કલાની યાદ આપે છે.

ગુપ્ત રાજાઓના સમયમાં આર્યાવર્ત-મધ્યદેશની કલ્પનાને પ્રાધાન્ય આપતી, ગંગા અને યમુનાની પ્રતિમાઓ દ્વારશાખાઓની આસપાસ મૂકાતી થઈ. ગંગા-યમુના વચ્ચેનો પ્રદેશ ગુપ્ત રાજાઓના રાજ્યનો મૂળભૂત પ્રદેશ હોય તેથી, કે ગુપ્તો ગંગા અને યમુનાથી રક્ષિત દોઆબ પ્રદેશને પોતાનું મૂળ વતન માનતા હોય તેથી, ગંગા-યમુનાની મૂર્તિઓ, ઘણી સુંદર મૂર્તિઓ, આ સમયમાં કંડારાઈ. આમાંની એક અતીવ મનોહર પ્રતિમા અમેરિકાના બૉસ્ટન મ્યૂઝિયમમાં છે. સામેના પાને ચિત્ર-૯માં રજૂ કરેલી મકરવાહન ઉપર ઊભેલી ગંગાની પ્રતિમા પણ સુંદર કોતરણીનો, વેગવાન સજીવ કલાનો નમૂનો છે. ખાસ કરીને મકરનું, તથા ગંગાના પગનીચેની-પદ્મનીચેની લહરીઓનું શોભનરૂપ એનું આકર્ષક અંગ છે. ઉપર રજૂ કરેલી માતૃકાઓની અને શિવ-પાર્વતી વગેરેની પ્રતિમાઓ આના કરતાં કંઈક પ્રાચીન ગણાય, પણ ગંગાની આ શિલ્પાકૃતિને આપણે ઈ. સ. ૫૦૦-૫૫૦ વચ્ચે મૂકી શકીએ.





નીચે ચિત્ર ૧૪ : મહાવિષ્ણુની શામળાજી પાસેથી મળેલી બીજી ખંડિત મૂર્તિ. ↑ચિત્ર ૧૫ : એને જ મળતી મુંબાઈમાં પરેલમાંથી મળેલી વિશાળ શિવ-મૂર્તિ, જે સાબિત કરે છે કે આ કળાની અસર છેક મુંબાઈ-ધારાપુરી સુધી હતી.

આ ઉપરાંત શામળાજીમાં એક અતીવ મહત્ત્વનું શિલ્પ છે. એ છે નાગ ઉપર બેઠેલા દેવની આકૃતિ (ચિત્ર ૧૩). એને ત્રણ મુખ દેખાય છે; ચોથું પાછળના ભાગમાં કલ્પી લેવાનું કે કેમ, તે કહી શકાય તેમ નથી. પણ પ્રતિમા અષ્ટભુજ હોવાથી કલાકારના મનમાં મૂળ ચતુર્મુખની કલ્પના હોય તો અસંભવિત નથી. મુકુટધારી આ દેવ, નથી શિવ કે બ્રહ્મા, કેમકે બેઉને મસ્તકે જટા હોય છે. વળી નાગ ઉપર આરૂઢ હોવાથી એ શેષશાયી વિષ્ણુનું રૂપ હોવા સંભવ છે. શેષ કે અનંત પર સૂતેલી નહિ પણ બેઠેલી આકૃતિઓ છઠ્ઠા સૈકામાં દક્ષિણ હિંદમાં બદામીમાં પણ મળે છે; અને મુકુટધારી હોવાથી આ આકૃતિને 'વિશ્વરૂપ-વિષ્ણુ', 'વિરાટરૂપ-વિષ્ણુ' કે 'મહાવિષ્ણુ' એ નામથી આપણે ઓળખીએ એ જ યોગ્ય છે. શામળાજીમાં હાલ આ પ્રતિમા પૂજામાં છે. આજુબાજુ જે નાની નાની ત્રેવીસ આકૃતિઓ છે તે બધી આ મુખ્ય દેવમાંથી ઉદ્ભવતી હોય એવી રીતે બતાવેલી છે. એમાં રામ, વરાહ વગેરે, તેમજ સૂર્યચંદ્ર એવી આકૃતિઓ ઓળખાય છે. એટલે વિષ્ણુના જુદા જુદા અવતાર સહિત વિશ્વરૂપ દર્શાવવાનો પ્રયાસ થયો હોય કે મહા-વિષ્ણુ સ્વરૂપ રજૂ થયું હોય એ જ સંભવિત છે.

આવી બીજી એક ખંડિત પ્રતિમા શામળાજીમાંથી મળી હતી તે હાલ વડોદરાના મ્યૂઝિયમમાં સુરક્ષિત છે (ચિત્ર ૧૪). ત્રીજી એક પ્રતિમા કપડવંજ પાસે કઠલાલથી મળી છે. હવે તો નડિયાદથી કઠલાલ ને કપડવંજ રસ્તે શામળાજી સહેલાઇથી જઇ શકાય છે એ જોતાં, શામળાજી અને કઠલાલમાં આ રૂપની પ્રતિમા મળવાથી, આપણને એક મહત્ત્વની કડી મળે છે. આ પ્રતિમાના મુકુટયુક્ત ત્રણ મુખને બહુ મળતી આવતી શૈલીમાં એલિફન્ટા(ઘારાપુરી)ની વિખ્યાત ત્રિમૂર્તિની કલ્પના કરવામાં આવી છે.(જે શ્રી ખંડાલાવાળાના મતમુજબ પંચમુખ મહેશ્વરની મૂર્તિ છે.) મારા મત મુજબ શામળાજીની જ એ કલ્પના તથા કલા દક્ષિણમાં સોપારા (મુંબાઇ) પાસેની આ ઘારાપુરીની ગુફાઓ સુધી ફેલાયાં એ સ્પષ્ટ છે. આ કલ્પનાનું બીજું સ્વરૂપ પરેલમાંથી મળેલી વિશાળશિવમૂર્તિ (સંભવતઃ શિવની અષ્ટમૂર્તિ) છે.(જુઓ ઉપર ચિત્ર ૧૫) એટલે હવે આપણે ચોક્કસ કહી શકીએ કે મુંબાઇ સુધી ફેલાએલી એ કલાશૈલીનાં શિલ્પો પ્રચુર પ્રમાણમાં ઉત્તર ગુજરાતમાં શામળાજીમાં મળ્યા હોવાથી, તેમજ વલભીમાં પણ એ શૈલીનાં કેટલાંક શિલ્પો મળ્યાં તેથી આ કલા પશ્ચિમ ભારત–ગુજરાત-કાઠિયાવાડમાં ઠીકઠીક ફેલાએલી હતી.

આ યુગનાં બીજાં પણ શિલ્પો આપણને ગુજરાત–મારવાડમાંથી મળ્યાં છે. એ બધાંની વિગતવાર ચર્ચા કે નોંધ આપવાનું અહીં શક્ય નથી. માત્ર જે સમૃદ્ધિ પશ્ચિમ ભારતમાં ઉપેક્ષિત પડેલી છે તેના ગુપ્તકાલીન અંશોની કંઈક ઝાંખી અહીં કરાવી છે. આ પછીના સમયનાં ધાતુ ને પાષાણ-શિલ્પો ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ ને રાજસ્થાનમાંથી પ્રચુર પ્રમાણમાં મળ્યાં છે. જે હવે પછી રજૂ કરવાની આશા છે.*

* આ લેખ સાથે રજૂ કરેલા ચિત્ર નં.૨(વલભીપુરમાંથી મળેલા શ્રીકૃષ્ણ)ના ફોટોગ્રાફ માટે 'આર્કીઑલૉજિકલ ડીપાર્ટમેન્ટ,ગવર્નમેન્ટ ઑવ ઇન્ડિયાનો આભારી છું. શામળાજીની પ્રતિમાઓના ફોટોગ્રાફ લેવા દેવા માટે વડોદરા મ્યૂઝિયમના સંચાલકનો આભારી છું. મહાવિષ્ણુ(શામળાજી)ની પ્રતિમાના ફોટોગ્રાફ માટે વડોદરા યુનિવર્સિટીના ઑર્કિયોલૉજી વિભાગના સંચાલકનો આભારી છું.

ટિકિટસંગ્રહ

દક્ષિણ આફ્રિકાની નવી ટિકિટો

ગયા માસ(ઑકટોબર)ની ૧૪મી તારીખે દક્ષિણ આફ્રિકાએ બહાર પાડેલી ૧૪ ટિકિટોનો સમૂહ આ સાથે આપ્યો છે. આફ્રિકા ચિત્રવિચિત્ર જંગલી પ્રાણીઓ માટે પ્રખ્યાત છે. અને આ





અગાઉ અવારનવાર એમનાં ચિત્રો ટિકિટો પર આવ્યાં છે. પરંતુ ટિકિટોનો આખાયે પ્રાણીઓનો સેટ તો દક્ષિણ આફ્રિકાએ આ પ્રથમવાર જ કાઢ્યો છે. પ્રાણીઓના ચાહકો તેમજ 'થીમૅટિક' (એટલેકે અમુક વિશિષ્ટ વિષયની જ ટિકિટો) સંઘરનારાઓ પૈકી પ્રાણીઓની ટિકિટો સંઘરનારાઓને આ સેટ અત્યંત પ્રિય થઈ પડશે. ટિકિટ–સંગ્રહનું ક્ષેત્ર આજે એટલું વિશાળ થઈ ગયું છે કે શરૂઆત કરનારાઓ તો એમ વિષયવાર જ ટિકિટો સંઘરવાનું રાખે છે: વિમાનો, ફૂલો, પંખીઓ, પ્રાણીઓ, માછલાં, નકશા વગેરે. ઉપર આપેલી દરેક ટિકિટની કિંમતો તેના પર છાપેલી છે. તેના પરનાં પ્રાણીઓનાં નામ અનુક્રમે નીચે મુજબ છે: મથાળેથી ડાબી બાજુથી (૧) સિંહ (૨) સ્પ્રિંગ-બૉક હરણ (૩) વાર્થૉગ નામનું ભૂંડ જેવું દાતરડીવાળું પ્રાણી (૪) વાઈલ્ડ બીસ્ટ નામનો કાળો ભયંકર ગોધો (૫) ચિત્તો (૬) ઝિબ્રા (૭) ગેંડો (૮) હાથી (૯) હીપોપોટેમસ (૧૦) કુડુ નામનું મોટું હરણ (૧૧) જેમ્સ બૉક (૧૨) ન્યાલા (૧૩) જિરાફ (૧૪) સેબલ હરણ.

નિવૃત્તિ

પ્રબોધ જોષી

કોઈ પણ માણસ ભાગીદારીમાં ધંધો શરૂ કરે છે ત્યારે હું એ વખતે બીજા મિત્રોને કહું છું કે ભવિષ્યમાં નારાજીથી છૂટા પડવા માટે આ લોકો અત્યારે રાજીખુશીથી ભેગા થયા છે. ભાગીદારીમાં ધંધો એ તો એક ઉપરછલ્લો દાખલો છે, બાકી જીવનના દરેક પ્રસંગમાં આમ જ બને છે. મૈત્રી અને દુશ્મનાવટ આ બે અંગો લ્યો તો પ્રથમ મૈત્રી થાય પછી જ દુશ્મનાવટ થાય. મૈત્રી વિના દુશ્મનાવટ શક્ય નથી. એ જ પ્રમાણે પ્રેમ અને વિરહ. એમાં પ્રથમ સ્નેહ થાય પછી વિરહ. પ્રેમ વિના વિરહ શક્ય નથી. હર્ષ અને આંસુ, એમાં પણ પ્રથમ હર્ષ આવે. આંસુ હમેશાં આગળના હાસ્યને પ્રોપોર્શનલ હોય છે.

મારી આ માન્યતાઓ હું મારા મિત્રોમાં કહેતો આવ્યો છું, કહું છું અને કહેવાનો છું. આથી મારી એક દશા એ થઈ છે કે જ્યાં ને ત્યાં મને રસહીનની ઉપમા છડેચોક અપાય છે. પણ લોકો મને રસહીન કહે છે ત્યારે હું કહું છું કે આનો અર્થ એ જ કે તમે અસલમાં મને રસથી ભરપૂર માનતા હતા. ત્યારે મને લોકો દલીલબાજ કહે છે; અને ત્યારે હું કહું છું કે આ હિસાબે તમે મને પૂર્વે શાંત માનતા હતા. એ સાંભળી લોકો મને તકરારિયો માને છે, અને ત્યારે તેઓ મને પૂર્વે સૌમ્ય માનતા હતા એમ હું માની લઉં છું.

હું આ જે બધું તેમને કહું છું, તમને કહું છું, મારી જાતને કહું છું તેની પાછળ અનુભવ છે. મેં તમને અગાઉ કહ્યું જ છે કે મારો અનુભવ મ્હણજે મારી ભૂલો.

તો આટલી બધી લાંબી વાતનો સાર કહું તો એ, કે તમે જે કંઈ આનંદથી શરૂ કરો તે કરુણાથી બંધ કરવા માટે. અને આવું મેં પણ કર્યું છે, એટલે આજે હું તમને મારો અનુભવ —વૉટ ઈઝ ભૂલ—અહીં કહેવાનો છું.

અમે મૂળ અમદાવાદના છીએ, છતાં અમદાવાદના અમે દુશ્મન છીએ એવું ઘણા માને છે; પણ અમે સાચું કહીએ છીએ કે અમદાવાદમાંથી અમને જે મળ્યું છે એ બીજેથી નથી મળ્યું. અમદાવાદ અમે જ્યારે જ્યારે જઇએ છીએ ત્યારે સ્ટેશનને ઊતરતાં જ જે પહેલો પરિચિત મળે છે તે પૂછે છે કે 'કેમ, ક્યારે જાઓ છો?' મુંબઇ પાછા ક્યારે જઇએ છીએ એ પ્રશ્ન મુંબઈથી આવતાંની સાથે પુછાય છે ત્યારે જીવનની ફિલસૂફીનો હું વિચાર કરું છું; અને ત્યારે મને લાગે છે કે મારા જન્મ વખતે જન્માક્ષર કઢાવવા આવ્યા પછી જ્યોતિષીને એમ પુછાયું હશે કે આનું આયુષ્ય કેટલું છે. આ પ્રશ્ન સ્વાભાવિક છે, પણ તેના હાર્દમાં જે પ્રશ્ન છે તે આમ છે કે આ મરશે ક્યારે? તો અમદાવાદમાં મને એ શીખવા મળ્યું કે પ્રવૃત્તિ એટલે નિવૃત્તિની પ્રસ્તાવના.

હું જ્યારે કોઇ પત્રમાં લખવા માંડું છું ત્યારે વિચારું છું કે એ દિવસ આવશે જ્યારે આમાં હું નહિ લખતો હોઉં. હું ટ્રેઇનમાં બેસું છું ત્યારે વિચારું છું કે હમણાં જ એ સમય આવશે જ્યારે આ ડબ્બામાંથી હું ઊતરીશ. બસમાં બેસતાં વિચારું છું કે હમણાં જ આ બસમાંથી હું ઊતરીશ. બસ, આવા જ વિચારો આવે છે.

અમારાં લખાણ નિયમિત વાંચનારો એક મોટો વર્ગ છે. આઈ ઍમ સૉરી! 'મોટો વર્ગ' લખતાં બીક લાગે છે, કેમકે વર્ગ પાછો નાનો થશે! એટલે કહીશ કે એક વર્ગ છે. (જોકે એ વર્ગ પણ નહિ રહે!) હવે એ વર્ગના લોકો મને જુદીજુદી વાત કહે છે. આમાંથી એક બાળાએ કમાલ કરી. એ બાળા નૃત્ય સરસ કરે છે. એ કનકબહેને કમાલ એ કરી કે અમારો પરિચય થયા પછી તેમણે કહ્યું: 'તમારો "કુમાર"માં લેખ છે.' એમણે પહેલો લેખ જોયો હશે. પછી છએક મહિના બાદ કનકબાળા ફરી મળી અને કહ્યું: 'તમારું દર વખતે કૈં ને કૈં "કુમાર"માં હોય છે, ખરું?' અને હમણાં છેલ્લાં મળ્યાં ત્યારે કહ્યું કે આ "કુમાર"માં તમારા લેખ આવે છે તે ક્યાં સુધી આવશે?' ટૂંકમાં ક્યારે બંધ થશે એ તેમણે પૂછ્યું હતું. માનવીની સમગ્ર જિંદગીની સમગ્ર ફિલસૂફી કનકબહેને આ ત્રણ વિધાનમાં પતાવી.

તમને લાગતું હશે કે અત્યાર સુધી મેં આડીઅવળી વાતો કરીને તમને હેરાન કર્યા છે. પણ જી ના. મેં એ બાળાને કહ્યું કે 'બસ, હવે હું લખવાનું બંધ કરું છું.' તો બાળાએ પૂછ્યું: 'પણ ધારો કે તમારા લેખો પડ્યા હશે તો?' મેં કહ્યું 'હું તંત્રીને એક લાંબો કાગળ લખી સમજાવીશ કે હું લખવાનું બંધ કરું છું, માટે મારો કોઈ લેખ હવે છાપશો નહિ.' તો બાળાએ કહ્યું 'તો એ કાગળ છપાશે અને અમારા જેવા તેમ તમારી એક નવી કૉમેડી માની હસશે.' જો આબરૂ જમાવી છે અમે!

પણ હું સાચું કહું છું, હું લખવાનું બંધ કરવાનો છું. નાટક નથી કરતો, હકીકત કહું છું. તમને ખબર છે, હું શા માટે લખું છું? તમને ખબર છે, હું શા માટે બંધ કરવાનો છું? તમને કશી ખબર નથી.

હું શા માટે લખું છું? મેં લખવા કેમ માંડયું? આ બે પ્રશ્નો હું મારી જાતને ઘણી વાર પૂછું છું અને જવાબ આવે છે: 'બાળા!'

સાહેબ, જો તમે કોઇને કહો નહિ તો એક વાત કરું. અમારે બી એક બાળા છે. હવે આ જે 'છે' છે, તે જરા ટેમ્પરરી છે. આપણે અંતમાં ક્રિયાપદ બદલીશું; અત્યારે છો રહ્યું. અચ્છા, તો અમારી એક બાળા છે. અમે પણ જરા સ્નેહક્ષેત્રે પટ્ટાબાજી કરી છે. અમે પ્રેમ શરૂ કર્યો તે વિરહ માટે, કે લખવાનું શરૂ કર્યું તે બંધ કરવા માટે, આ બે વિધાન તમે માની લો તો મારે આગળ કશું લખવાનું રહેતું નથી. પણ વાત એમ છે કે આ પ્રેમ તથા લેખનને અને વિરહ તથા નિવૃત્તિને સંબંધ છે.

વાત જાણે એમ છે, કે અમે એક બાળાને જોઈ. આમ તો અમે ઘણી બાળાને જોઇ છે, પણ આ બાળાએ તો અમને પણ જોયા છે (એના શબ્દોમાં કહું તો જોઈ લીધા છે). અમને તેની ઓળખાણ થઈ, તેને અમારી ઓળખાણ થઈ. અમે જરા પલળ્યા. એના ઉપર શી અસર થઈ એ તો જ્યારે મરીશું ને ચિત્રગુપ્તના દરબારમાં બાળાની આત્મકથા લાયબ્રેરીમાંથી વાંચવા મળશે ત્યારે ખબર પડશે.

ટૂંકમાં અમે જોવું, મોહવું, સ્મરવું ને રટવું એ ચાર પગથિયાં સામે આવીને ઊભા. બાળાએ અમને કહ્યું, 'મને તો વાચનનો ખૂબ શૉખ. સારાં લખાણ વાંચવાં મને બહુ ગમે.'

હવે જો એ બાળાએ એમ કહ્યું હોત કે 'મને તો ખરીદી કરવી બહુ ગમે, મને તો પૈસા ખરચવાનો ખૂબ શૉખ' તો હું શેર બજારમાં જાત, રેસમાં જાત, શબ્દરચના-હરીફાઇ ભરત, કાળાં બજાર કરત, મારી ખાવાનું મળે એવી નોકરી લેત. પણ એણે કહ્યું કે મને વાચનનો શૉખ. હવે એમાં એનો વાંક નહોતો. મૂળ વાત એમ કે એને આપણે પસંદ જ નહિ. એટલે એણે વિચાર કર્યો કે પૈસાની વાત કરીશ તો પૈસા તો ગમે તે માણસ મહેનત કરે તો કમાઈ શકે છે, એટલે આ ચક્કર કમાશે. માટે

એવું કંઈ કહું કે જે તે કરી શકે જ નહિ.

એણે મને સંગીતનું કહ્યું હોત, પણ તે જાણતી હતી કે ગામમાં સંગીતની શાળાઓ ચાલે છે. તેણે મને ચિત્રકલાનું કહ્યું હોત, પણ તે જાણતી હતી કે ચિત્રકલા શીખવા માટે તો સરસમાં સરસ સગવડ છે. તેણે જોયું કે લખતાં શીખવનારી કોઈ શાળા-પાઠશાળા-મહાશાળા નથી, માટે આ ઠીક છે.

અને મૂર્ખ એવો હું. મને થયું કે બાળાને વાચનનો શૉખ મ્હણજે 'લેખક' ગમે, એટલે આપણે કહ્યું કે 'હું લેખક બનીશ!' બાળા બિચારી કેટલી સારી કે એણે કહ્યું: 'લેખકબનવું મુશ્કેલ છે.' મેં કહ્યું 'તો પણ બનીશ.' એણે છેલ્લી વાર મને [illegible]તાં કહ્યું, 'તમે લેખક નહિ બની શકો. તમારામાં લેખક બનવાનો એકે ગુણ નથી, એકે નિશાની નથી. નથી તમારી પાસે વાચન, નથી લાગણીની સચ્ચાઈ, નથી નિરીક્ષણ, નથી અનુભવ.' તો યે આપણે તો હઠ પકડી અને કહ્યું કે 'જુલિયેટ સાથે પરણવા રોમિયોએ ઝેર પીધું હતું, ચિંતામણિ સાથે પરણવા બિલ્વમંગળે સાપના સહારે ચઢાણ કર્યાં હતાં, શીરીંને પરણવા ફરહાદે પહાડ કાપ્યો હતો...' અમારું આ કથન બાળાને ખૂબ ગમ્યું. કેમ ગમ્યું, ખબર છે? ખબર હોય તો કહોને, કેમકે મને ખબર નથી કે કેમ ગમ્યું.

અમે લખવા માંડ્યું.

તમે કોઈ દિવસ પ્રેમ કર્યો છે? હંઅ. કર્યો હોય તો યે તમે કહો શાના? કંઈ નહિ. તમારો જવાબ ભલે ગમે તે હોય, પ્રેમનાં પગથિયાં આમ હોય છે: તમે પહેલાં ૫૦ આંટા મારો તેમાંથી માંડ ચાર વખત તમને બાળા દેખાય. એવી જ્યારે પચાસ વખત દેખાય ત્યારે તેમાંથી માંડ ચાર વખત તે તમને જુએ. એમ પચાસ વખત તમને જુએ ત્યારે એમાંથી માંડ ચાર વખત તે હસે. અને પચાસ વખત હસે ત્યારે તેમાંથી માંડ ચાર વખત ઊમળકાથી હસે. એમ પચાસ વખત ઉમળકાથી હસે તેમાંથી માંડ ચાર વખત તે બોલે. એમ પચાસ વખત બોલે તેમાંથી માંડ ચાર વખત ઉત્સાહથી વાત કરે. હવે એમ પચાસ વખત ઉત્સાહથી વાત કરે ત્યારે તેમાંથી માંડ ચાર વખત એ સ્નેહની વાત કરે,—પરણવાની વાતને તો આપણે બાજુએ જ મૂકીએ.

તમે તો ચાર, આંખો કાઢો છો. તો જવા દો. બીજો દાખલો આપું. તમે ધંધો કર્યો છે? કર્યો છે ને? ઓ. કે. તો તમારી દુકાન આગળથી પચાસ માણસ જાય તેમાંથી ચાર દુકાન સામે જુએ. એવા પચાસ દુકાન સામે જોનારમાંથી ચાર ઊભા રહીને જુએ. એવા પચાસ ઊભા રહીને જોનારમાંથી ચાર દુકાનમાં આવે. એવા પચાસ દુકાનમાં આવનારમાંથી ચાર વસ્તુઓ કઢાવે ને જુએ. એવા પચાસ વસ્તુ કઢાવીને જોનારમાંથી ચાર વસ્તુઓના ભાવ પૂછે. એવા પચાસ ભાવ પૂછનારામાંથી ચાર ભાવ માટે રકઝક કરે. એવા પચાસ રકઝક કરનારામાંથી ચાર ખરીદી કરે,—કેટલો નફો કરાવે એ વાતને આપણે બાજુએ મૂકીએ.

આવું જ મારે લેખક બનતાં થયું. પચાસ પાનાં લખું એમાંથી ચાર પાનાં રહે. એવાં પચાસ રહેલાં પાનાં થયાં તેમાંથી ચાર પાનાં મારા હિસાબે 'લખાણ' ગણાય. એવાં પચાસ 'લખાણ'નાં પાનાં થાય તેમાંથી ચાર પાનાં મોકલું. એવાં પચાસ પાનાં મોકલું તેમાંથી ચાર પાનાં પસંદ થાય. એવાં પચાસ પસંદ થાય તેમાંથી ચાર છપાય. એવાં પચાસ છપાય તેમાંથી ચાર જ સારાં છાપામાં છપાય. એવાં પચાસ સારાં છાપામાં છપાય તેમાંથી ચાર વંચાય. એવાં પચાસ વંચાય તેમાંથી ચારની લોકો વાતો કરે. એવાં પચાસની લોકો જે વાતો કરે તેમાંથી ચાર જ વખણાય,—બાળા કેટલાં વાંચે એ પ્રશ્ન બાજુએ મૂકો.

આમ કરતાં કરતાં અમે લેખક બન્યા. અમને લેખક બનવા પાછળ પૈસાની કે કલા ખાતર કલાની કે કીર્તિની ઝંખના હતી કે છે એમ માનતા નહિ. અમે તો બાળાને બતાવવા માગતા હતા કે લેખક અમે બી થઈ શકીએ.

આમ ચારે બાજુ લખતા થયા, છપાવતા થયા, વંચાવતા થયા, વખણાવતા થયા, એટલે બાળાને મળ્યા. બાળાની માંગણી અને ઇચ્છા કરતાં બી અમે આગળ વધ્યા હતા.

અમે બાળાને મળ્યા. હવે તમે મને એ કહો કે તમે જ એ બાળા હો તો શું કરો? અમારો સ્વીકાર કરો? અમારી કીર્તિની ભાગીદાર છો એવાં બણગાં ફૂંકો?

બોલો, તમે શું કરો? 'અમે બાળા માટે લખતા હતા' અને 'નિવૃત્ત થવાના છીએ' એ બે ચાવીઓ છે, ઉકેલ શોધી કાઢો. વિચાર કરો; વિચાર કરવાનો ટાઈમ આપું છું.

હવે ઉકેલ જુઓ. અમે બાળાને મળ્યા. અમે કહ્યું: 'અમે લેખક થયા.'

જવાબ આવ્યો 'જાણું છું.'

અમે કહ્યું: 'અમે સારું લખીએ છીએ.'

બાળા ઉવાચ: 'વાચું છું.'

અમે કહ્યું: 'અમારાં વખાણ થયાં છે.'

બાળા સેઈડ: 'સાંભળું છું.'

અમે હિંમત કરીને કહી દીધું: 'તારી ઇચ્છા કરતાં પણ સારો લેખક...'

બાળાએ અમારો ડાયલૉગ કટ કરી કહ્યું: 'એ જ તો હું વિચાર કરું છું.'

હજુ સાહેબ, બુદ્ધિ દોડાવી શકો છો કે બાળાએ શો વિચાર કર્યો હશે? દોડાવી? તો હવે તાળો મેળવો.

બાળાએ કહ્યું: 'મને લેખન ઉપરથી માન ઊતરી ગયું. વાચનનો શૉખ જતો રહ્યો, લેખકો માટે જે બહુમાન હતું તે ઘટી ગયું.'

લે! પણ કારણ?! આ બાળા તો સાવ વિચિત્ર નીકળી! એ એના મનમાં સમજે છે શું? ના, ના; આમ તે કંઈ ચાલતું હશે?

મેં આ બધા પ્રશ્નો ઈન્વર્ટેડ કૉમામાં નથી મૂકયા એટલે એમ ના માનતા કે હજુ સુધી એને મેં આ બધા પૂછ્યા નથી. પૂછ્યા છે, ભાઈ, પૂછ્યા છે. અને જવાબ આવ્યો છે કે:

'મને તો એમ હતું કે લેખન એ મોટી સાધના, આઈમીન સિદ્ધિ હશે. લેખકો જન્મતા હશે. એ કુદરતી બક્ષિશ હશે. એમાં મહત્તા હશે. પણ તમે કે જેનામાં લેખક બનવાનો ગુણ નહોતો, એક નિશાની નહોતી, વાચન નહોતું, લાગણીની સચ્ચાઈ નહોતી, નિરીક્ષણ નહોતું, અનુભવ નહોતો, તે પણ સારું લખી શકે તો એ કલા કંઇ અગત્યની ન કહેવાય.'

થયું! પેલા એક ચિત્રને એકસામટાં બે થીએટરમાં રીલીઝ કરે છે તેમ બાળાએ અમને પ્રેમ ને લેખન બંનેમાંથી નપાસ કરી નાખ્યા!

તમને થતું હશે કે અમે દલીલમાંથી કેમ ગયા? સાહિત્ય માટે કેમ કશું કહ્યું નહિ? અમે કહ્યું જ હતું. અમે કહ્યું હતું કે 'પણ, કોઇ પણ કલા જો તમન્ના હોય, ઇચ્છાશક્તિ હોય તો સાધી શકાય છે. તું કોઈપણ વસ્તુ કહે, મારામાં એટલી ઇચ્છાશક્તિ છે કે હું ગમે ત્યારે આટલા જ ઉત્સાહથી કરી બતાવીશ.'

અને ત્યારે એ જ સંવાદ મારા માથે મારતાં તે બોલી હતી કે 'હા, એ જ પ્રમાણે પસંદ ન હોય તે છોકરાને જો ઇચ્છાશક્તિ હોય, તમન્ના હોય તો ના પાડી શકાય છે. તું કોઇ પણ વસ્તુ કહે, મારામાં એટલી ઇચ્છાશક્તિ છે કે હું ગમે ત્યારે આવાં જ બહાનાંથી ના પાડી બતાવીશ.'

ના, ના; તમે જ કહો. મેં પ્રેમની પ્રવૃત્તિ કરી તો નિવૃત્તિનો વખત આવ્યો ને? ના, ના; મેં લેખન-પ્રવૃત્તિ પ્રારંભી તો નિવૃત્તિનો વખત આવ્યો ને!? લેખન સુસાધ્ય છે એમ સાબિત કરવા તો મેં લખવા નહોતું જ માંડયું ને?

હવે તો હું જેમ નિર્ણય કરી બેઠો છું તેમ તમે પણ નક્કી કરો કે પ્રવૃત્તિ કરવી એટલે નિવૃત્તિ નક્કી કરવા બરાબર છે. અમે લખવાનું બંધ કરવાનું શરૂ કરવાનાં છીએ.

(એટલે એમ, કે જતે દિવસે તમે પાછા લખવાનું બંધ કરવાનું બંધ કરવાના છો.—તંત્રી)

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

માગશર '૮૭
અંક ૭૨

'મારી જન્મભૂમિને સદાકાળને માટે છોડી દેવી એના કરતાં જેલમાં સડીસડીને મરવું મને વધારે પ્રિય છે. એવા મોતનો મને લેશ માત્ર ડર નથી. મારા આત્માને આજે પરમ સંતોષ છે કે પ્રભુએ મારી કસોટી કરવા ધારી ને આપણા દેશનાં પાપો માટે પ્રાયશ્ચિત્ત કરવા મને પસંદ કર્યો છે. મારી ખાતરી છે કે હું એમાંથી પાર ઊતરીશ. મારી એ પણ ખાતરી છે કે અમે મરીશું પણ અમારા પ્રગટાવેલા વિચારો નહિ મરે. પ્રજાના સ્મૃતિપટ ઉપરથી તે કદી ભૂંસાવાના નથી; ને ભાવી પ્રજા અમારાં સેવેલાં સ્વપ્નોની અધિકારી બની જરૂર તેને સફળ કરશે.'

માંડલેની જેલમાં ગોંધેલા સુભાષચન્દ્ર બોઝને ૧૯૨૭માં લાગુ પડેલા ક્ષયે ભયંકર સ્વરૂપ પકડયું હોવા છતાં સરકારે તેમને ન છોડતાં ઊલટું એવી જાહેરાત કરી કે 'એમની હવાફેરની ઇચ્છા હશે તો એમને સ્વિટ્ઝર્લૅંડ જવા દેવામાં આવશે, પરંતુ એમની સ્ટીમરને હિંદના કોઈ પણ બંદરે થોભવા દેવામાં નહિ આવે.' આનો અર્થ એ થયો કે સરકાર તેમને મુક્ત કરવા નથી ઇચ્છતી, પણ જેલમાં બીમાર દશામાં મૃત્યુ અથવા સ્વિટ્ઝર્લૅંડની દેશપારી એ બેમાંથી એકની પસંદગી સૂચવે છે. આ અપમાન સામે ઊકળી ઊઠેલા પુણ્યપ્રકોપથી સુભાષબાબુએ પોતાના ભાઇને લખેલા પત્રમાં જે નિરધાર જાહેર કર્યો તે શબ્દો આ લેખના આરંભમાં ટકાયા છે.

'નેતાજી'ને નામે અમર થઈ ગએલા એ તેજસ્વી દેશભક્તની કારકિર્દીનો આજથી પચ્ચીસ વર્ષ પર જ્યારે ઊગમકાળ હતો ત્યારે 'કુમારે' શ્રી નટવરલાલ દવેની લખેલી એમની જીવનરેખા આપેલી. તેનો સાર ભાગ, તથા શ્રી રવિશંકર રાવળે આલેખેલો એમનો સુંદર પેન્સિલ-સ્કેચ આ સાથે પ્રકટ કરીએ છીએ:

"કટકના સરકારી વકીલ રાયસાહેબ જાનકીનાથ બોઝના આઠ પુત્રોમાંના સુભાષચન્દ્ર એફ. ઈ. ૧૯૧૩માં સોળ વર્ષની વયે કટકમાં આખી યુનિવર્સિટીમાં બીજે નંબરે આવેલા. સુભાષચન્દ્ર કુમાર વયમાં પણ પોતાનો ઘણો સમય ગરીબ, માંદાં અને દુઃખીનાં દુઃખ કાપવામાં ગાળતા. ધીમેધીમે ધાર્મિકવૃત્તિ તરફ તેમનું મન ઢળતું ગયું ને ઇન્ટરમીડિયેટમાં હતા ત્યારે તો કોઇ 'ગુરુ'ની શોધમાં હરદ્વાર, કાશી, વૃન્દાવન વગેરે ધાર્મિક સ્થળોએ ફર્યા પણ ખરા. પરંતુ કોઈ પર અંતરની શ્રદ્ધા ચોંટી નહિ એટલે પાછા ફર્યા, અને ફિલસૂફી લઇને 'સ્કૉટિશ ચર્ચ કૉલેજ'માંથી પહેલા વર્ગમાં બી.એ. પાસ થયા. ઈ. ૧૯૧૯ની આખરમાં તેઓ વિલાયત ગયા ને આઇ. સી. એસ.ની પદવી મેળવી, સાથેસાથે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં 'મેન્ટલ ઍન્ડ મૉરલ સાયન્સિઝ' લઇને બી.એ.ની ઉપાધિ પણ ધારણ કરી.


પણ દેશ પાછા ફર્યા ત્યારે તો અસહકારનાં પૂર હિંદના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પૂર જોશમાં વહી રહ્યાં હતાં અને 'બત્રીસ લક્ષણા' યુવકોનાં સમર્પણની માગણી થઈ રહી હતી. પશ્ચિમનો સ્વાતંત્ર્ય-પવન ખાઈ આવેલો તેજસ્વી સુભાષ આ વખતે સરકારી નોકરીમાં પગ માંડે એ કેમ બને? દેશની હાકલને શિર ઝુકાવી તેણે તરત જ દેશબંધુની સરદારી નીચે સ્વદેશસેવામાં ઝંપલાવ્યું.

પહેલાં 'બંગાળ રાષ્ટ્રીય વિદ્યાપીઠ'ના આચાર્ય તરીકે 'ને પછી રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ના સેનાપતિ તરીકે તેમણે કામ કર્યું. જેલની છ માસની મહેમાનગતી ચાખી છૂટયા પછી ૧૯૨૨માં 'ઉત્તરબંગાળના પ્રલયપુર' વખતે એ કમિટીના મંત્રી તરીકે અત્યંત કાર્યદક્ષતા દાખવી રાતદિવસની રંજ ખેડી કામ કર્યું.

આ જ અરસામાં દેશબંધુએ પોતાના સ્વરાજ પક્ષનો સૂર પ્રકટ કરવા 'ફૉરવર્ડ' નામનું અંગ્રેજી દૈનિક શરૂ કર્યું. તેના કાર્યકર તંત્રી તરીકેનો બધો બોજો સુભાષ બાબુએ ઝીલી લીધો અને ટૂંક મુદતમાં એને પ્રજાનું માનીતું મુખપત્ર બનાવ્યું. તે પછી કલકત્તામાં મ્યુનિસિપલ કૉર્પોરેશનના 'ચીફ ઑફિસર' તરીકે માસિક માત્ર ૧૫૦૦ રૂપિયા લઇને એમણે કામ કર્યું. અહીં એમના પ્રામાણિક જીવન અને કર્મણ્યતાની લોકોને જાહેર પ્રતીતિ થઈ.



સુભાષચન્દ્ર બોઝ 'નેતાજી' નહોતા બન્યા ત્યારે : આજથી ૨૫ વર્ષ પહેલાં (સ્કેચ : રાવળ)



U.S. BUREAU OF FOREIGN & DOMESTIC COMMERCE

પણ ૧૯૨૪નાઑક્ટોબરની ૨૫મીતારીખે સરકારે નવા બેંગાલ ઑર્ડિનન્સની રૂએ તેમને જેલમાં નાખ્યા અને ત્યાંથી પછી થોડા જ માસમાં બ્રહ્મદેશની પ્રખ્યાત માંડલેની જેલમાં મોકલ્યા. માંડલેની ગરમી ને એકલતાએ તેમની તબિયત પર બહુ ખરાબ અસર કરી ને ક્ષયનાં ચિહ્ન જણાવા લાગ્યાં.

પણ અંતે તેમની સ્થિતિ ગંભીર જણાતાં તેમને સ્વિટ્ઝર્લૅંડ લઈ જવા નીકળેલું જહાજ કલકત્તા આગળ થોભ્યું હતું ત્યાંથી, અચાનક ૧૯૨૭ના મે માસની ૧૬મી તારીખે સોમવારે તેમને છૂટા કરવાનો હુકમ કર્યો, અને સ્વરાજનો એ સૈનિક ટૂંક મુદતમાં આરામ લઈ પાછો સ્વાતંત્ર્યયુદ્ધ માટે સજ્જ થઈ ગયો. તરત તે બંગાળ પ્રાંતિક સમિતિના પ્રમુખ નિમાયા. થોડા વખત પછી ભરાએલી ૧૯૨૮ની કલકત્તાની કૉંગ્રેસ વખતે સ્વયંસેવક દળના સેનાપતિ તરીકે એમણે સરસ વ્યવસ્થાશક્તિ દાખવી. એ આખું સ્વયંસેવક સૈન્ય અંગ્રેજ સૈન્યની ઢબે તૈયાર કર્યું હતું ને લશ્કરી પોશાકમાં સજ્જ થએલા જુવાન બંગાળી સ્વયંસેવકોની વ્યવસ્થિત ટુકડીઓએ લશ્કરી બૅન્ડના ઉત્તેજક સૂરો વચ્ચે સૈન્યની જે અદા, છટા અને રૂઆબથી કૉંગ્રેસના પ્રમુખ શ્રી મોતીલાલ નેહરુને માન આપ્યું તે જોતાં સૌને ઘડીભર લાગી ગયું કે હિંદીઓ સૈનિકો તરીકે તાલીમ કે વ્યવસ્થામાં ઊતરે એવા નથી.

અને એની સવિશેષ તથા સબળ પ્રતીતિ તો ત્યાર પછી ૧૯૪૨માં નેતાજીએ અદશ્ય થઈ બીજા મહાયુદ્ધ વખતે અગ્નિ એશિયામાં રચેલા 'ઇંડિયન નૅશનલ આર્મી'(ભારતીય રાષ્ટ્રીય દળ)ની કામગીરીથી પ્રજાને મળી ચૂકી.''

આરોગ્ય વિષેના શ્રી ચુનીભાઈ પટેલના એક લેખનો ટૂંક સારભાગ ઉતારીએ:

'આજે આપણે જોઈએ તે કરતાં એકીસાથે વધુ વાનીઓ જમવાની ટેવ પાડતા જઈએ છીએ, તેને શોભારૂપ માનતા થયા છીએ. એક તો અનાજની જ ઘણી વાનીઓ હોય; તે સાથે વળી ભાતભાતનાં કઠોળનાં ફરસાણ, જુદીજુદી જાતનાં શાકભાજી, બેચાર તરેહનાં ખારિયાં, લીંબુ, કેરી તથા બીજી જાતનાં મસાલેદાર અથાણાં, એકબે પ્રકારના પાપડ, જુદીજુદી જાતની ચટણી, એકબે જાતનાં રાયતાં! પણ અનેક જાતની વાનીઓના ખીચડા ઉપર હોજરીના પાચનરસો પોતાની અસર પૂરેપૂરી કરી શકતા નથી. આથી ઊલટું ગામડાના ખેડૂત ને મજૂર વર્ગ જે ઓછી વાનીઓ જમવા પામે છે, તેમનાં શરીર વધુ સશક્ત ને આયુષ્ય લાંબાં હોય છે. જુવારના ભડકાને છાશમાં રાંધી ખાનારા અથવા રોટલા અને મરચા ઉપર દિવસ કાઢનારા આ વર્ગની પાચનશક્તિ વધારે સતેજ હોય છે.

ખોરાકની ખરી કીમત વાનીઓની ગણતરી ઉપર નથી, પણ આપણી પાચનક્રિયાની અભિશોષણ શક્તિ ઉપર છે. આથી જ, સરખી ઉમરના અને એકસરખીરીતે ખાનારાઓનાં શરીર પણ સર્વથા એક વજનનાં હોતાં નથી, કારણકે તેમની પાચન તથા અભિશોષણ શક્તિ ભિન્નભિન્ન હોય છે.

જેમ બને તેમ રસકસવાળી, પોષણદાયક, ક્ષાર ને પ્રજીવનકોથી ભરેલી ઓછી વાનીઓ જમવાનો હમેશાં આગ્રહ રાખો. એથી તમારી પાચનશક્તિ વધારે સારી રહેશે.'

'આ ત્યારે નિશાળોમાં ચાલતા નકશા ભૂલવાળા છે, ને તે ઉપરથી ઘણાખરા દેશોના ક્ષેત્રફળની અને દેશદેશના પરસ્પર ભૌગોલિક સંબંધની સાચી માહિતી નથી મળતી એ જાણીને સૌને આશ્ચર્ય થશે! ઈ. સ. ૧૫૩૮માં જેરાર્દસ મર્કેટરે સપાટ ભોંય પર દુનિયાનો નકશો ચીતરી બતાવ્યો; અને વહાણવટીઓને તે બહુ ઉપયોગી નીવડ્યો એટલે એનો ખૂબ પ્રચાર થયો. આજનો નકશો તે એ. પણ એ રીતે 'ભૂ-ગોળ'નો સાચો ખયાલ આવતો નથી. યુનાઇટેડ સ્ટેટ્સ, ખરી ગણતરીએ બ્રાઝીલ કરતાં નાનો છે, છતાં નકશામાં તે બમણો દેખાય છે! ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકા ક્ષેત્રફળમાં લગભગ સરખા છે, છતાં નકશામાં ઉત્તર અમેરિકા દક્ષિણ અમેરિકાથી બમણો મોટો દેખાય છે! ગ્રીનલૅંડ કરતાં ઑસ્ટ્રેલિયા ત્રણ ગણો છે, છતાં નકશામાં ઑસ્ટ્રેલિયા કરતાં ગ્રીનલૅંડ મોટો દેખાય છે! આજના નકશા પરથી આવી સાચી(?)માહિતી મળે છે!

અમેરિકાના ભૂગોળ-નિષ્ણાતોએ પાંચવર્ષની મહેનત પછી આપણને સપાટ ભોંય પર ખયાલ આપે એવો સાચો નકશો આપ્યો છે.

મર્કેટરે તો માત્ર વહાણવટીઓને ઉપયોગી નીવડે એ હેતુથી નકશો ચીતર્યો હતો—નિશાળિયાઓને ભૂગોળનું સાચું જ્ઞાન આપવાને નહિ! એ નકશો આપણને ઉપયોગી નથી તે નીચેના ઉદાહરણથી સમજાશે: એક રબ્બરના ફુગ્ગા ઉપર દુનિયાનો નકશો ચીતરો એટલે ભૂગોળનો સાચો ખયાલ તો આવશે. હવે એ ગોળાકાર નકશાનો સપાટ ખયાલ લાવવા માટે સામાન્યરીતે ફુગ્ગાના ઊભા ચીરા કરી તેને લંબચોરસ આકારે ખેંચીએ એટલે ભોંય પર નકશો નજરે પડે. પણ એ રીત ખોટી છે, કેમકે તેથી તો ઉપલો ને નીચલો ભાગ વધારે ખેંચવા પડશે ને વચલો ભાગ–વિષુવવૃત્ત–જેમનો તેમ રહેશે. પરિણામે વચલા પ્રદેશોનો આકાર બરાબર રહેશે, પણ ઉત્તર ને દક્ષિણ પ્રદેશોનાં કદ પ્રમાણ બહાર વધી જશે.

અમેરિકન ઉસ્તાદોએ નવો નકશો કર્યો છે તો લગભગ એ જ સિદ્ધાંત ઉપર, પણ ફુગ્ગાના રબ્બરને ખેંચીને લંબચોરસ બનાવવાને બદલે તેમણે ચીરા મૂકવાની ચતુરાઈભરી રીત શોધી કાઢી. પાસિફિક અને આટલાંટિકમાં ગોળાકારે ઉપર નીચે બબ્બે ચીરા કરીને નકશો પાથર્યો કે બલુનના રબ્બરને જરા પણ 'આલ' આવ્યા વિના સ્વાભાવિક ખરા સ્વરૂપે જ નકશો સપાટ આકારે જમીન પર પથરાઈ રહે. સાથેના ચિત્રમાં નીચેના ભાગમાં આપેલો નકશો એ પ્રમાણેનો નકશો છે. તેની સાથે, ઉપરનો ચાલુ નકશો સરખાવી જુઓ.'

ફોટોગ્રાફિક ફિક્સિંગ-બાથ

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા
હપતો ૮મો

લેખક
ગોવિન્દ એસ. મેવાડા
(કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ ગુજરાત કૉલેજ)

ફિલ્મને ડેવેલપરમાં ધોવાથી પ્રકાશની અસર પામેલું સિલ્વર હેલાઈડ રિડ્યૂસ થઈ સિલ્વરમાં ફેરવાઈ જાય છે અને ત્યાર બાદ તેને સુરક્ષિત પ્રકાશ(safe-light)માં જોવાથી છબિ અંકિત થએલી દેખાય છે. આ છબિ સિવાયના ફિલ્મના ભાગમાં પ્રકાશની અસર થએલી નહિ હોવાથી ત્યાંનું સિલ્વર હેલાઈડ જેમનું તેમ પડી રહ્યું હોય છે; તેથી ફક્ત ડેવેલપરમાં જ ધોએલી આવી ફિલ્મને પ્રકાશમાં લાવીએ તો બાકીના સિલ્વર હેલાઈડ ઉપર પણ થઇને પ્રકાશની અસરથી આખી ફિલ્મ પર કાળાશ છવાઈ જાય અને છબિ જેવું કંઈ રહે જ નહિ. આમ થતું અટકાવવા માટે ફિલ્મને પ્રકાશમાં લાવીએ તે પહેલાં આ સિલ્વર હેલાઈડને ઓગાળી દૂર કરી શકે તેવા કોઈ દ્રાવણમાં ધોવી જોઇએ. આ ક્રિયાને 'ફોટોગ્રાફિક ફિક્સિંગ' અને તેને માટેના દ્રાવણને ફિક્સિંગ-બાથ (fixing-bath) કહે છે.

હાઇપો (સોડિયમ થાયોસલ્ફેટ), સોડિયમ તથા પોટૅશ્યમના સાયનાઈડ અને સલ્ફોસાયનાઈડ, સોડિયમ સલ્ફાઈટ, ઍમોનિયા, નવસાર (ઍમોનિયમ ક્લોરાઈડ) અને થાયોયુરિયાનાં દ્રાવણોમાં સિલ્વર હેલાઇડ ઓગળે છે; તેથી ફિક્સિંગ-બાથ બનાવવા માટે તે પૈકીનાં એક અથવા વધારે સાથે વપરાય છે. સાયનાઇડ તથા સલ્ફોસાયનાઇડ અત્યંત ઝેરી પદાર્થો હોવાથી તેમનો ઉપયોગ અનિવાર્ય હોય (ફોટો મિકૅનિકલ કામોમાં) તે સિવાય બીજાં કામોમાં થતો નથી. હાઇપો વાસ વિનાનો બિનઝેરી પદાર્થ છે; વળી બીજા પદાર્થોની સરખામણીમાં તે ખૂબ સસ્તો (લગભગ આઠ-બાર આને રતલ) હોવા ઉપરાંત ફિક્સિંગ માટે સારી કાર્યશક્તિ ધરાવતો હોવાથી ઘણા વખતથી ફોટોગ્રાફીનાં લગભગ બધાં જ કામોમાં તેનો ઉપયોગ વધી ગયો છે. ફિલ્મને હાઇપોના દ્રાવણમાં ધોવાથી શરૂઆતમાં સિલ્વર હેલાઈડનું સિલ્વર થાયોસલ્ફેટ (પાણીમાં અદ્રાવ્ય) બનતું હોવાથી ફિલ્મ દૂધિયા રંગની થઈ જાય છે. ત્યાર બાદ તેના પર હાઇપોની વધુ અસર થવાથી તેનું સિલ્વર સોડિયમ થાયોસલ્ફેટ (પાણીમાં સાધારણ દ્રાવ્ય) અને સ્હેજ વધુ ધોવાથી છેવટે સિલ્વર ડાઇસોડિયમ થાયોસલ્ફેટ બને છે, જે પાણીમાં સહેલાઇથી ઓગળી જઈ ફિલ્મના ઈમલ્શનમાંથી નીકળી જાય છે. આ ઉપરથી, ધોએલી ફિલ્મ પર પ્રકાશની વિપરીત અસર ન થાય તેવી કાયમી છબિ વિકસાવવા માટે હાઇપોના દ્રાવણમાં તેને **બરાબર ધોવી** તે કેટલું જરૂરનું છે તે સમજી શકાશે. સાધારણ નિયમ એવો છે કે 'ફિલ્મને હાઇપોના દ્રાવણમાં ધોતી વખતે તે પર આવતી દૂધિયા રંગની અસર નાબૂદ થતાં જેટલો સમય લાગે તે કરતાં કુલ બમણા સમય સુધી ધોવી જોઇએ.' ફિક્સિંગબાથ માટે પાણીમાં હાઈપોનું ઘણુંખરું ૨૫ ટકા દ્રાવણ (૧ ભાગ હાઇપો : ૪ ભાગ પાણી) સંતોષકારક કામ આપે છે. તે કરતાં વધુ ઝડપી કામ માટે વધારેમાં વધારે ૪૦ ટકા દ્રાવણ (૨ ભાગ હાઇપો : ૫ ભાગ પાણી) વાપરી શકાય, કારણકે તે કરતાં હાઇપોનું પ્રમાણ વધારવાથી ઝડપ વધવાને બદલે ઘટે છે. ક્ષ-કિરણોથી પાડેલા અને પત્રકારત્વ માટેના તાકીદના ફોટો ધોવા માટે હાઇપોના ૨૫ ટકા દ્રાવણમાં ચારપાંચ ટકા નવસાર નાખવાથી ઘણો ઝડપી ફિક્સિંગ-બાથ બને છે, પણ આમાં ધોએલી ફિલ્મ પર અમુક સમય પછી ઘણી વાર પીળા ડાઘ પડી નેગેટિવ બગડી જાય છે; તેથી ઝડપ અનિવાર્ય હોય તો જ નવસાર ઉમેરવો. આ ઉપરાંત ઝડપી ફિક્સિંગ બાથ તૈયાર પણ મળે છે જે આગળ જોઈશું.

સામાન્ય રીતે ડેવેલપર આલ્કલાઇન હોય છે; જ્યારે ફિક્સિંગ માટેનું દ્રાવણ ઍસિડિક અથવા શિથિલ હોય છે. આલ્કલાઇન ડેવેલપરમાં ધોએલી ફિલ્મને પાણીથી બરાબર સાફ કર્યા વિના સીધી શિથિલ ફિક્સિંગબાથમાં લઈ જવામાં આવે તો ફિલ્મ પર રહેલા ડેવેલપરની અસર તેના પર થાય છે અને પરિણામે ફિક્સિંગબાથની કાર્યશક્તિ ઘટતી જાય છે. વળી ફિલ્મ પર રહેલા આ ડેવેલપરને કારણે નક્કી કર્યા કરતાં વધુ સમય સુધી ફિલ્મ ધોવાય છે તેથી 'હાર્ડ નેગેટિવ' આવે છે તથા ફિલ્મ પર પીળા ડાઘ પણ પડી જાય છે. ફિક્સિંગબાથ ઍસિડિક હોય અથવા તેમાં ધોતાં પહેલાં ફિલ્મને ગ્લેશ્યલ ઍસેટિક ઍસિડના મંદ દ્રાવણ(૧ ભાગ ઍસિડ : ૫૦ ભાગ પાણી)માં ધોઈ હોય તો પરિસ્થિતિ સુધારી શકાય છે. તેમાં ફિલ્મ ધોઈ લેવાથી ડેવેલપમેન્ટની અસર અટકી જતી હોવાથી તેને સ્ટૉપ-બાથ (stop-bath) કહે છે. હાઇપોના દ્રાવણમાં સીધો ઍસેટિક ઍસિડ ઉમેરવાથી હાઇપોના સોડિયમ સલ્ફાઇટ તથા ગંધકમાં વિઘટન (decomposition) થતું હોવાથી દ્રાવણ દૂધિયા રંગનું થઇ જઇ ફિક્સ કરવાની કાર્યશક્તિ ગુમાવી બેસે છે; તેથી એકલો ઍસિડ ન ઉમેરતાં સોડિયમ સલ્ફાઇટના દ્રાવણમાં ઍસેટિક ઍસિડ ઉમેરી બનાવેલું દ્રાવણ નીચા ઉષ્ણતામાને ધીમેધીમે હાઇપોના દ્રાવણમાં ઉમેરવું. ગરમીમાં જિલેટીન નરમ પડી જતું અટકાવવા હાઇપોના દ્રાવણમાં ફિક્સ કરતાં પહેલાં ફિલ્મને પોટાશ ઍલમ (ફટકડી) અથવા ક્રોમ ઍલમ અથવા તૈયાર મળતા ૪૦ ટકા ફૉર્મેલીનના એક ભાગને વીસ ભાગ પાણીમાં ઓગાળી બનાવેલા દ્રાવણમાં ધોવી. ગરમીથી નરમ પડી ગએલું જિલેટીન આ દ્રાવણની અસરથી સખત થતું હોવાથી તેને 'હાર્ડનર (hardener)' કહે છે. આ પ્રમાણે ઍસિડ, ઍલમ અને હાયપોને ભેગાં ઓગાળી બનાવેલા દ્રાવણને 'ઍસિડ-હાર્ડનિંગ-ફિક્સિંગબાથ' કહે છે. આ દ્રાવણ બનાવવાની રીત તથા તે દરેકનું પ્રમાણ નીચે મુજબ છે :

(૧) (કોડૅક ઍફ-૫૪ પ્રમાણે) પાણી ૧૦ ભાગ : હાઇપો ૩ ભાગ.

(૨) (કોડૅક ઍફ-૫૫ પ્રમાણે)

(अ) પાણી ૧૦ ભાગ : સો સલ્ફાઇટ ૧ ભાગ : ૨૮ ટકાવાળો ઍસેટિક ઍસિડ ૧ ભાગ. (૩ ભાગ ગ્લેશ્યલ ઍસેટિક એસિડમાં ૮ ભાગ પાણી ઉમેરવાથી ૨૮ ટકાવાળો ઍસિડ બનશે.)

(ब) પાણી અઢી ભાગ : પોટાશ ઍલમ (ફટકડી) ૧ ભાગ. પાણીમાં સલ્ફાઇટ ઓગળી જાય એટલે તેમાં ધીમેધીમે ઍસિડ ઉમેરવો. ત્યારબાદ સાધારણ ગરમ પાણીમાં ફટકડી ઓગાળી તેને ઠંડુ પાડી દ્રાવણ (अ)માં ધીમેધીમે હલાવતા જવું અને રેડતા જવું. આ દ્રાવણ લગભગ ત્રણ માસ સુધી સારું રહી શકતું હોઈ જરૂર જેટલું બનાવી રાખવું.

ફિલ્મ ફિક્સ કરવી હોય તે પહેલાં ઉપર જણાવેલ પહેલા (૧) દ્રાવણના દર આઠ ભાગે બીજા (૨) દ્રાવણનો એક ભાગ ઉમેરવાથી 'ઍસિડ-હાર્ડનિંગ-ફિક્સિંગબાથ' તૈયાર થઈ જશે.

ઍસેટિક એસિડની જગ્યાએ કેટલીક વખત સાઇટ્રિક ઍસિડ (લીંબુનો તેજાબ) પણ વપરાય છે. બોરિક ઍસિડ ઉમેરવાથી દ્રાવણ લાંબા સમય સુધી કામ આપે છે. બોરિક ઍસિડ ભૂકા અથવા સ્ફટિક

એમ બે રૂપોમાં આવે છે. ભૂકા કરતાં સ્ફટિકમય બોરિક ઍસિડ જલદી ઓગળે છે. વળી ફિક્સિંગ-બાથ બનાવવા માટે કોડૅક, જ્હૉનસન્સ વગેરે કંપનીઓનાં તૈયાર પૅકેટો પણ આવે છે: તેમાં એક પૅકેટમાં હાઇપો (અ-સ્ફટિક), સો૦ સલ્ફાઈટ (અ-સ્ફટિક), સો૦ એસીટેટ ને બોરિક ઍસિડ હોય છે; જ્યારે બીજામાં સો૦ હાઇડ્રોજન સલ્ફેટ અને ફટકડી હોય છે. બન્નેને તે પર દર્શાવેલા ભાગે ગરમ પાણીમાં જુદાંજુદાં ઓગાળી ઠંડાં પાડી ધીમેધીમે ભેગાં કરવાં. હમણાં કેટલાક સમયથી મે ઍન્ડ બેકર કંપનીએ પ્રવાહી રૂપમાં 'ઍમ્ફીકસ' નામથી વેચાતો ખૂબ ઝડપી ફિક્સિંગબાથ બહાર પાડ્યો છે. તેમાં ફિલ્મ એકથી બે મિનિટમાં અને પેપર ત્રીસ સેકન્ડથી પણ ઓછા સમયમાં ફિક્સ થઈ જાય છે. તેની સાથે હાર્ડનર જુદું આવે છે.

ફિક્સિંગ-બાથમાં ફિલ્મ ધોવાની રીત ડેવેલપરમાં ફિલ્મ ધોવાની રીતના જેવી જ છે. તેમાં ફિલ્મ કેટલો સમય ધોવી તેનો આધાર ફિલ્મ પર રહેલા ઇમલ્શનના પડની જાડાઈ અને તેમાં આવેલા સિલ્વર હેલાઇડના પ્રકાર ઉપર રહે છે. સિલ્વર આયોડાઇડ કરતાં બ્રોમાઈડ અને બ્રોમાઇડ કરતાં ક્લોરાઈડ ઈમલ્શનવાળી ફિલ્મ જલદી ફિક્સ થાય છે. વળી ઝડપી તથા સામાન્ય ફિલ્મ કરતાં 'ફાઇન ગ્રેઈન' ફિલ્મ જલદી ફિક્સ થાય છે. આ ઉપરાંત ડેવેલપરની જેમ ફિક્સિંગ બાથને હલાવવાની ક્રિયા (agitation) તથા તેના ઉષ્ણતામાન પર પણ ફિલ્મને ફિક્સ થવાના સમયની મર્યાદાનો આધાર રહે છે. તાજું દ્રાવણ વાપરવાથી લગભગ 'પાંચથી સાત મિનિટમાં ફિલ્મ ફિક્સ થઈ જાય છે. ઘણા લાંબા સમય સુધી ધોવાય તો તેની બારીક વિગતો ઝાંખી પડવા માંડે છે. 'પ્રકાશની અસર ન થઈ હોય તેવો ભાગ કાચ જેવો તદ્દન પારદર્શક દેખાય એટલે ફિલ્મ બરાબર ફિક્સ થઈ ગઈ છે' એમ કહી શકાય.

ફિક્સિંગ-બાથ જેમ વપરાતો જાય છે તેમ તેમાં હાઇપોનું પ્રમાણ ઘટતું જાય છે અને તેથી ફિલ્મ ફિક્સ થતાં વધુ સમય લાગે છે. તાજું દ્રાવણ વાપરતાં જેટલો સમય લાગે છે તેનાથી બમણો સમય વપરાએલા દ્રાવણને ફરીથી વાપરતાં લાગે તો તે નકામું થઈ ગયું છે તેમ સમજી ફેંકી દેવું. તે માટે અગાઉથી નીચે જણાવેલા પ્રયોગો દ્વારા ખાતરી કરી લેવા ઠીક પડશે : (૧) તે ઍસિડિક હોવું જરૂરી છે. તે માટે ભૂરા લિટમસ કાગળની કાપલી તેમાં બોળી જોવી અને તે રાતા રંગની ન થાય તો તેમાં થોડું મંદ ઍસેટિક ઍસિડનું દ્રાવણ અથવા ઉપર પ્રમાણે (૨) બનાવેલું બીજા નંબરનું દ્રાવણ (ઍફ. ૫૫) ઉમેરવું. સફેદ શાહીચૂસ અથવા ગાળવાનો કાગળ લઈ તેના પર વપરાએલા ફિક્સિંગ-બાથનું ટીપું પાડી તડકામાં સુકાવા દેવું. સુકાયા બાદ તેના પર કાળો અથવા કાળી કિનારવાળો ડાઘ પડે તો બાથ નકામો થઇ ગયો માનવો.

ઇમલ્શનમાંનું લગભગ ૩૦-૪૦ ટકા સિલ્વર છબિ વિકસાવવામાં ભાગ લે છે. બાકીનું હાઇપોના દ્રાવણમાં આવી જાય છે. તેથી જ્યાં ઘણી મોટી સંખ્યામાં ફિલ્મો તથા છબિઓ ધોવાની હોય ત્યાં હાઇપોનું દ્રાવણ વપરાશ બાદ ફેંકી દેવું આર્થિક રીતે પોસાય નહિ તે સમજી શકાય તેમ છે. તેમાંથી ચાંદી મેળવી લેવી જોઇએ. તેમાં કેટલા ટકા ચાંદી છે તે ઝડપથી જાણવા માટે કોડૅક કંપનીએ argentometer (આર્જેન્ટોમીટર) નામનું એક યન્ત્ર શોધ્યું છે. ચાંદી છૂટી પાડવાની ઘણી રાસાયણિક રીતો છે, પણ વિદ્યુત્-પૃથક્કરણ (electrolysis)થી ચોખ્ખી ચાંદી મેળવી શકાય છે, એટલું જ નહિ પરંતુ બાકી રહેલા દ્રાવણમાંથી હાઈપો પણ પાછો મેળવી શકાય છે. વળી, વપરાએલા ફિક્સિંગ બાથનો ચાંદીનો ઢોળ ચડાવવામાં પણ ઉપયોગ કરી શકાય. પ્રયોગ ખાતર નીચેનો નુસ્ખો અજમાવી જોવા જેવો છે: વપરાએલો ફિક્સિંગ બાથ એક કાચના પ્યાલામાં લઇ, તેમાં બરાબર સ્વચ્છ કરેલી પિત્તળની ચમચી અથવા એવી ઝીણી ચીજ પાંચ મિનિટ સુધી મૂકી બહાર કાઢો: તેના પર ચાંદીનું પાતળું શ્વેત પડ ચડેલું જોવામાં આવશે. તેને બારીક કપડાથી સ્વચ્છ કરી લઈ બ્રાસોથી ચકચકિત કરી શકાય.

હાઇપોના દ્રાવણમાં ફિલ્મ બરાબર ધોવાઈ ગયા પછી તેને પ્રકાશમાં લાવવાથી પ્રકાશની તેના પર કંઇ જ વિપરીત અસર થઇ શકતી નથી. હવે તેને પાણીથી સારી રીતે ધોઈ તેમાંથી વધારાનો હાઇપો તથા બીજા ક્ષારો કાઢી નાખવા જોઇએ. તે માટે તેને અરધા કલાક લગી વહેતા ઠંડા પાણીમાં અથવા એક કલાક સ્થિર પાણીમાં રાખવી અને તે સમય દરમિયાન ચારપાંચ વખત પાણી બદલી નાખવું. હાઇપો તથા બીજા ક્ષારો જો પૂરેપૂરા કાઢી નાખવામાં ન આવે તો સુકાયા બાદ ફિલ્મ પર તે સફેદ ડાઘ રૂપે દેખાય છે. પોટાશ પરમૅન્ગેનેટ અથવા હાઈડ્રોજન પૅરૉક્સાઈડના અતિ મંદ દ્રાવણમાં ફિલ્મને ધોઇ લેવાથી હાઇપો જલદી દૂર કરી શકાય છે. છેવટે તેને ધૂળનાં રજકણો ન ચોંટે તેવી સલામત જગ્યામાં સુકાઈ જવા માટે લટકાવી દેવી. આ પ્રમાણે તૈયાર થએલી છબિને 'નેગેટિવ' કહે છે. [આવતે હપતે : ફોટોગ્રાફિક નેગેટિવ]

સુભાષિત

यथा काष्ठं च काष्ठं च समेयातां महोदधौ।
समेत्य च व्यपेयातां तद्वद्भूतसमागमः॥

(અનુવાદ)

લાકડાં બે મળે ભેગાં જેમ અર્ણવને વિષે;
ભેગાં મળી પડે છૂટાં તેવો મેળાપ ભૂતનો.

[વિવરણ: સંસ્કૃત ભાષા લઇ મૅટ્રિક્યુલેશન સુધી ગએલાને આ શ્લોક અજાણ્યો નહિ લાગે. મનમાં તરત ઊતરી જાય એવી સીધી ને સાદી ઉપમાથી કવિએ ઈશ્વરે સર્જેલા ભૂતમાત્રની સ્થિતિનું તત્ત્વદર્શન કરાવ્યું છે. દુનિયામાં અરધા લોકો પૂર્વજન્મ અને કર્મવિપાકમાં માને છે, જ્યારે અરધા માને છે કે પ્રલયને સમયે છેલ્લો ન્યાય થશે (કયામત અગર ડૂમ્સ ડે), તે દિવસે બધા મરેલા ઊભા થઈ ઈશ્વર સમક્ષ હાજર થશે. આ ગહન સિદ્ધાન્ત અને ભેદની ચર્ચામાં ઊતરવાનું અહીં સ્થાન નથી; પરંતુ દુનિયામાં જન્મ અને મરણ, સંસારમાં એક વ્યક્તિનું એક બીજી સાથે જોડાવું કે મળવું—જેને આપણાં ધર્મશાસ્ત્રો પૂર્વજન્મના ઋણાનુબંધ કહે છે—એ બધા પર શાંત ચિત્તે વિચાર કરતાં આ શ્લોકમાં કહેલી ઉપમા કેવી બંધ બેસે છે તે સમજાશે. મહાસમુદ્રમાં તરતાં તરતાં એક લાકડું બીજા લાકડા સાથે જોડાઇ જાય અને પછી એક જ છોળ આવતાં બન્ને જુદાં પડે! એમ જોડાવું ને છૂટા પડવું ચાલ્યા જ કરે. આ મૃત્યુલોકમાં અવતારી મહાપુરુષોને પણ આવો નિયમ લાગુ પડે છે. સંસારમાં આપણને લાંબો દેખાતો સમય—મહાકાલ—સર્વેશ્વરની દૃષ્ટિ એક્ષણ માત્ર છે. સમુદ્રમાં જોડાએલાં લાકડાં એક ક્ષણમાં છૂટાં પડે કે થોડો વધારે સમય ભેગાં રહે, પાછાં અપાર સમુદ્રમાં તર્યા કરે, તત્ત્વતઃ આ સંસારસમુદ્રમાં સ્નેહી કે સંબંધી ભેગાં રહી એ રીતે જ છૂટાં પડે છે. સંસારનો મોહ ઓછો કરી એની અસારતા સમજવા માટે આ શ્લોક બહુ જ સુંદર છે. ભૂતો શબ્દનો અર્થ પ્રાણી કરવાને બદલે ઈશ્વરે સર્જેલી બધી વસ્તુઓ એવો ઠીક લાગે છે. भूतानां प्राणिनः श्रेष्ठाः એ વચનથી (ભૂતોમાં પ્રાણીઓ—પ્રાણવાળાં ભૂતો શ્રેષ્ઠ) ભૂત અને પ્રાણીનો ભેદ સમજાશે.

—ર. ભી.]

તીન ૩ તેરા ૧૩ ઔર ૮ આઠ ૧૮ અઢારા

'તીન તેરા ઔર આઠ અઢારા' એ આપણે ત્યાંનો અપશુકનને લગતો એક જાણીતો રૂઢિબોલ છે. તીન-તેરા-આઠ-અઢારા એટલે ત્રણ, તેર, આઠ અને અઢારના આંકડા. આપણામાં કેટલાક આંકડા સાથે શુકન અને અપશુકન જોડવામાં આવ્યાં છે. દુનિયાના બધા દેશોની પ્રજા આંકડાનાં શુકન-અપશુકનમાં માને છે. એમાં વહેમ મુખ્ય ભાગ ભજવે છે. કેટલાક આંકડા શુભ અને કેટલાક અશુભ ગણાય છે. આંકડા ઉપરથી ભવિષ્ય-કથન કરવાનું એક આખું શાસ્ત્ર યોજાયું છે. એને અંગ્રેજીમાં ન્યુમરૉલૉજી કહે છે. પરંતુ અહીં એ શાસ્ત્રની ચર્ચાને સ્થાન નથી. માત્ર એટલો ઉલ્લેખ કરવો જોઇએ કે એ અંકશાસ્ત્રે આંકડાના કેટલાક વહેમોને પુષ્ટિ આપી છે.

આજે આપણામાં સામાન્ય રીતે ૩, ૧૩, ૮ અને ૧૮ના આંકડાઓ અપશુકનિયાળ ગણાય છે. અંકશાસ્ત્રવાળાઓ તો ૧૮ના આંકડાને ખૂબ ખરાબ ગણે છે. ૩ના આંકડાને આપણી સામાન્ય જનતા ઘણા વહેમથી જુએ છે: ત્રણ જણા સાથે બહાર નીકળે તો શુભ ગણાતું નથી. 'ત્રણ ત્રેખળ અને હળ મેખળ' એ કહેવત ગુજરાતીમાં જાણીતી છે. દક્ષિણના લોકોમાં ત્રણ બ્રાહ્મણો સાથે નીકળતા નથી. એ કદાચ **न गच्छेत् ब्राह्मण त्रयम्** એ સંસ્કૃત ઉક્તિ ઉપરથી થયું હશે. ૧૩નો આંકડો વળી પશ્ચિમના દેશોમાં ઘણો જ અપશુકનિયાળ ગણાય છે તે જાણીતી વાત છે. વહેમને સમર્થન મળે એવા દાખલા યે મળી રહે છે. એવા દાખલાની નોંધ બધા રાખે છે, પણ વહેમ ખોટા પડ્યાની નોંધ બહુ ઓછા રાખે છે. વહેમ તો આખરે વહેમ જ છે. તેરના વહેમના દાખલા તો અંગ્રેજોના સંપર્કમાં આવેલા ઘણા કહેશે. દક્ષિણમાં ત્રણ બ્રાહ્મણો સાથે જતાં બનેલો એક વહેમનો દાખલો મેં અનુભવેલો. એક બ્રાહ્મણ મિત્ર પોતાની મોટરગાડીમાં બીજા બ્રાહ્મણ મિત્રને રેલવે સ્ટેશને મૂકવા જતા હતા. હું પણ બહાર નીકળતો હતો. મને જોતાં ગાડી ઊભી રાખીને બેસાડી દીધો. પોતે મન વાળ્યું કે આપણે ત્રણ બ્રાહ્મણો છીએ, પણ ઘેરથી તો અમે બે જ નીકળેલા, એટલે વાંધો નહિ આવે. અમે ત્રણે પહેલા સ્ટેશને ગયા. ત્યાં ખબર મળી કે ગાડી એક મિનિટ પહેલાં જ ઊપડી ગઈ છે! પેલા મિત્ર બોલ્યા, 'જુઓ, ત્રણ બ્રાહ્મણો નીકળ્યા તેનું ફળ!' પછી એ મિત્ર ત્યાં જ ઊતરી પડ્યા. અમે બે આગળ ચાલ્યા અને એક દુકાન આગળ ગાડી ઊભી રાખી. ત્યાં તો ગાડીના એન્જિનમાંથી ધુમાડો નીકળતો જોયો. તપાસ કરતાં અંદર વીજળીના તાર અડવાથી બળતું હતું. પેલા મિત્ર કહે, 'જુઓ, ત્રણ સાથે નીકળ્યા હતા તેનું ફળ બરોબર મળ્યું! એન્જિન બળી જાત, પણ બચી ગયા.' મેં કહ્યું, 'બચી ગયા એ તો ઊલટું સારું ફળ મળ્યું!'

આઠના અંકનો વહેમ શાથી ઉત્પન્ન થયો તે સમજાય તેવું નથી. પરંતુ મને લાગે છે કે કદાચ જ્યોતિષમાં ત્રણ, છ, આઠ અને બારનાં સ્થાનો કુંડળીમાં સારાં ગણાતાં નથી તે ઉપરથી એ વહેમ ચાલુ થયો હશે. જ્યોતિષની કુંડળીમાં આઠમું સ્થાન મૃત્યુસ્થાન ગણાય છે અને 'છ આઠ ને બાર'મા સ્થાનને 'ખાડા' ગણે છે. એક ગ્રહથી બીજો ગ્રહ આઠમા સ્થાને પડ્યો હોય તો, તે બીજા ગ્રહથી પહેલો ગ્રહ છઠ્ઠે આવે છે. એટલે એ બે ગ્રહોનું ષષ્ઠાષ્ટક થયું કહેવાય છે, જે બહુ અશુભ ગણાય છે. એ 'ષષ્ઠાષ્ટક' ઉપરથી જ આપણામાં 'ખડાષ્ટક' શબ્દ પ્રચારમાં આવેલો છે તેનો અશુભ અર્થ સમાજમાં ડોશીઓ પણ સમજે છે. લાગે છે કે આઠના અંકને અશુભ ગણવાનું કદાચ આ પરથી ચાલુ થયું હોય.

પરંતુ ઉપર્યુક્ત ચારે આંકડાઓના વહેમો મૂળ ભારતીય સંસ્કૃતિમાં નથી, પણ પરદેશથી આવ્યા હોય એમ લાગે છે. ઉપરનું મથાળું પણ એ જ સૂચવે છે. આપણા ફલ-જ્યોતિષ ઉપર પણ પરદેશની અસર છે એ જાણીતી વાત છે. જ્યોતિષના મોટા આચાર્યોમાં એ શાસ્ત્રના ઇતિહાસનો ઉલ્લેખ કરનાર 'યવનાચાર્ય' છે. એ નામ જ કહી આપે છે કે પરદેશી અસર હોઈ શકે. પણ એ ચર્ચાને અહીં સ્થાન નથી.

આપણી આર્ય સંસ્કૃતિની પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે જોઇએ તો આ ચારે અંકો—૩, ૧૩, ૮ અને ૧૮ શુભ શુકનિયાળ ગણાય છે. એમાં ૩ અને ૮નો વિચાર કરતાં પહેલાં ૧૩ અને ૧૮નો વિચાર કરી લઇએ. જોકે ૧૩ અને ૧૮ એ ૩ ને ૮માં દસ ઉમેરતાં થએલાં માત્ર વિસ્તૃત અંગો જ કહી શકાય. આપણામાં ધનતેરશનો દિવસ બહુ જ શુકનિયાળ મનાય છે અને 'વગર પૂછ્યું મુહૂર્ત' ગણાય છે. તેવો જ દિવસ અખાત્રીજનો પણ ગણાય છે. કાંઈ પણ શુભ મુહૂર્ત ન જોવું હોય તો એક કહેવત સમાજમાં ચાલુ છે કે 'પૂનમનો પડવો ને અમાસની બીજ, અણધાર્યું મહુરત તે તેરશ ને ત્રીજ'. એમાં પડવો તે ધુળેટીનો, ને બીજ તે ભાઇબીજ; ત્રીજ તે અખ—અક્ષય તૃતીયા, ને તેરશ તે ધનતેરશ.

૧૮નો આંકડો તો કેવળ પરદેશીઓએ અને અંકશાસ્ત્રવાળાઓએ જ ખરાબ ગણાવ્યો લાગે છે; આપણામાં મૂળ એ ખરાબ નથી ગણાયો. આપણાં પુરાણો ૧૮, શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના અધ્યાય ૧૮, મહાભારતનાં પર્વો ૧૮, એ યુદ્ધ પણ ૧૮ દિવસ ચાલ્યું. ૧૮ ધાન્ય ને ૧૮ સ્મૃતિકારો, અઢાર ભુજા દેવી (જે લક્ષ્મીનું પણ સ્વરૂપ છે) ને ૧૮ વિદ્યા, એ બધાંનાં નામો સંસ્કૃત સાહિત્યમાં મળે છે. ૧૮ મહાદ્વીપો પૃથ્વી પર છે એમ તંત્રશાસ્ત્ર કહે છે. મૂળ ચાર વર્ણો ગણાય છે, છતાં ગુજરાતમાં 'અઢાર વર્ણ' ગણવાની પરંપરા છે અને તેનાં નામ પ્રાચીન સાહિત્યમાંથી મળે છે. આમ ૧૮નો આંકડો આપણામાં ખરાબ ગણાતો નથી.

હવે ત્રણ અને આઠના અંકનાં શુભ તત્ત્વોનો વિચાર કરીએ. એનાં શુભ તત્ત્વો તો વળી ઉપરના બે અંકો કરતાં પણ પ્રમાણમાં બહુ વધારે છે.

ત્રણના અંકનો વિચાર કરતાં પહેલાં એક વાતનો ખાસ વિચાર કરવો જોઇએ. સનાતન વેદ ધર્મમાંથી પૌરાણિક હિંદુધર્મ ઉત્પન્ન થયો ત્યારે એનો પાયો રચવામાં ત્રણના આંકડાએ સૌથી વધારે અગત્યનો ભાગ ભજવ્યો છે. આજે આપણે જેને 'હિંદુ ધર્મ' કહીએ છીએ તેનું મૂળ તો વેદમાં છે, પણ એ વેદના ધર્મથી જુદો પડે છે. આજના હિંદુ ધર્મનું—બ્રાહ્મણ ધર્મનું સ્વરૂપ પુરાણો પરથી સમજી શકાય છે. એ ધર્મનો પાયો આપણા પૂર્વજોએ બહુ જ બુદ્ધિપૂર્વક પ્રકૃતિનાં ત્રણ તત્ત્વો ઉપર રચ્યો છે. પરમાત્માની પ્રકૃતિનાં એમણે જ્ઞાન-વિજ્ઞાનની ખરી દૃષ્ટિથી 'સત્ત્વ, રજ અને તમ' એમ ત્રણ સ્વરૂપ યોજ્યાં. ઈશ્વરની સૃષ્ટિમાં એવી એક પણ વસ્તુ નથી કે જે આ ત્રિગુણથી બહાર હોય. એટલે સૌથી પહેલાં એમણે પરમાત્માના સગુણ સ્વરૂપનાં જ આ ત્રણ ગુણથી વ્યાપ્ત એવાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનાં ત્રણ રૂપ કલ્પ્યાં, અને આજના હિંદુધર્મના એ ત્રણ મહા દેવો થઇ ગયા. વેદના દેવો ગૌણ થઈ ગયા. આમ, ત્રણનો આંકડો આપણા ધર્મનો મહત્ત્વનો અંક થયો.

એ ત્રણનો અંક તો બીજી પણ મહત્ત્વની વસ્તુઓમાં યોજાયો છે. એ રીતે જોતાં ત્રિલોચન—ત્ર્યંબક (ત્રિ+અંબક) એ શિવ, આપણા ધર્મના મંત્રોનો મોટામાં મોટો બીજાક્ષર—ૐકાર તે ત્રિઅક્ષર કહેવાય છે. કાલનાં પણ ત્રણ સ્વરૂપ છેઃ ભૂત, ભવિષ્ય અને વર્તમાન. શિવનું

સેન્ટ્રલ રોડ-રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ • દિલ્હી

આપણી
વિજ્ઞાનસંસ્થાઓ
૧૧



કોઈ પણ દેશની આર્થિક ખિલવણીની પ્રવૃત્તિઓમાં કાર્યક્ષમ રસ્તાઓ મધ્યબિંદુ સમાન છે. દેશની ઔદ્યોગિક તેમજ ખેતીની પેદાશનો માલ હેરફેર કરવા સારા રસ્તાઓની જરૂરિયાત વિષે બે મત છે જ નહિ. ઉદ્યોગોમાં પ્રગતિ કરી ચૂકેલા દેશમાં રસ્તાઓ તો ધોરી નસ જેવા થઇ પડે છે. આપણો દેશ આ બાબતમાં ઘણો પછાત છે. દર ચોરસ માઈલે માત્ર ૦·૨૨ માઈલ જેટલા રસ્તા આપણે ત્યાં છે, અને તેમાંથી પણ માત્ર ત્રીજો ભાગ જ મોટર-વ્યવહાર માટે લાયક છે. પહેલી પંચવર્ષીય યોજનામાં રસ્તા સંબંધી વિચાર કરવામાં આવ્યો છે, પરંતુ એ તો 'પારેરામાં પેલી પૂણી' જેવું છે. ટૂંકમાં આપણા રસ્તાઓની સ્થિતિ અતિ કંગાળ છે એમ કહેવું અતિશયોક્તિ નહિ લેખાય.

રસ્તાઓનું વિજ્ઞાન વીસમી સદીમાં ખૂબ આગળ વધ્યું છે. રસ્તાઓ અંગે સંશોધન માટે પૂરતી સગવડો આપણો દેશ ધરાવતો નથી. રસ્તાના બાંધકામમાં વપરાતા પદાર્થો ને બાંધકામના કસબ અંગે વૈજ્ઞાનિક માહિતીની પણ આપણે ત્યાં ઊણપ છે. ગામડાંઓમાં તો રસ્તાઓ અંગે કાંઈ જ ખાસ કાર્ય થયું નથી. વર્ષાઋતુમાં ગામડાંઓનો વ્યવહાર લગભગ કપાઇ જાય છે. આ બધી ઊણપો પૂરવા એક સંશોધન-સંસ્થાની દેખીતી જરૂરિયાત આ સેન્ટ્રલ રોડ-રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ પૂરી પાડે છે.

૧૯૪૪માં C.S.I.R.ની ઔદ્યોગિકસંશોધન આયોજનસમિતિએ રસ્તાઓ અંગે સંશોધન હાથ ધરે એવી એક સંસ્થા કાઢવાની ભલામણ કરી, ને ૧૯૫૦ના સપ્ટેમ્બરમાં આ સંસ્થાનો પાયો સદ્ગત શ્રી ગોપાળસ્વામી આયંગરે નાખ્યો.

રોડ-રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટના કાર્યપ્રદેશમાં નીચેનાં કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે: (૧) રસ્તા બાંધવા માટે વપરાતા પદાર્થો અને રસ્તા બાંધવાની ક્રિયાઓ અંગે મૌલિક તેમજ વ્યવહારુ સંશોધન; (૨) રસ્તા-બાંધકામમાં વપરાતા માલની તપાસણી અને તેનું ધોરણ નક્કી કરવું; (૩) સડક–રસ્તાની સપાટીની અનિયમિતતાઓ, ઘસારો, રસ્તા પર વ્યવહારની નોંધણી વગેરે કામ માટે ઉપયોગી સાધનો યોજવાં અને યંત્રો બનાવવાં; (૪) જમીનની તપાસણી અને ગામડાંઓમાં દરેક ઋતુમાં કાર્યક્ષમ સસ્તા રસ્તા બાંધવા જમીન અંગે વૈજ્ઞાનિક અન્વેષણ; (૫) જુદીજુદી જાતના વાહન-વ્યવહાર અંગે રસ્તાઓની પરિસ્થિતિ પર અભ્યાસ; (૬) અકસ્માતો તેમજ સહીસલામતીનાં સાધનો અંગે સંશોધન. રસ્તાઓ અંગે ઉપયોગી આંકડા ભેગા કરવા; (૭) માહિતી ને પ્રકાશન ખાતું; અને (૮) નિષ્ણાતોને તાલીમ. અત્યારે નીચે પ્રમાણે વિભાગો છે: (૧) જમીન અંગે અન્વેષણનો; (૨) જુદીજુદી જાતના ચણતરવાળી સડકો અને રસ્તાઓ અંગે સંશોધનનો; (૩) સડક–રસ્તા અને વાહન-વ્યવહારનો; અને (૪) આર્થિક સંશોધનનો વિભાગ.

ગામડાંઓમાં રસ્તાઓની ખિલવણી માટે ખાસ ભાર મૂકવામાં આવે છે. આ રસ્તાઓ આજુબાજુમાંથી સહેલાઈથી અને સસ્તી કિંમતે મળતા પદાર્થોમાંથી ગામડાંઓની વસતિની મદદ વડે બાંધી શકાય, એ અંગે યોજનાઓનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

આ સંસ્થા દિલ્હી-મથુરા રોડના સાતમા માઇલ આગળ આવેલી છે. આ રસ્તા પર વાહન-વ્યવહારનો સખત મારો રહે છે, એટલે યોજનાઓની પરીક્ષા કરવા માટે એ વાહન-વ્યવહારને સંસ્થાના ૩૧ એકર વિસ્તારમાં વાળી શકાય એવી સગવડ છે. આ સંસ્થાના નિયામક ડૉ. અર્નેસ્ટ ઝિપ્કીઝ સ્વિટ્ઝર્લૅન્ડમાં ઝૂરીચના સુવિખ્યાત ફેડરલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેક્નૉલૉજીમાં રસ્તા-સંશોધનખાતાના ચાર્જમાં હતા.

દેશભરમાં ચાલી રહેલી યોજનાઓમાં ખિલવણીની યોજનાઓનું કુલ ખર્ચ ૩૧૬૫ કરોડ રૂપિયા આંકવામાં આવેલું છે, તેમાંથી ૧૧૫૯ કરોડ રૂપિયા એટલે કુલ ખર્ચના ૩૭ ટકા તો રસ્તાઓની જ ખિલવણી માટે કાઢવામાં આવ્યા છે.

નરસિંહ મૂ. શાહ

શસ્ત્ર તે ત્રિશૂલ. ભૂમિતિની મહત્ત્વની આકૃતિ ત્રિકોણ. ગૃહસ્થની ત્રણ મુખ્ય સાધના તે ત્રિવર્ગ અથવા ત્રિગુણ: ધર્મ, અર્થ અને કામ. સત્ત્વ, રજ અને તમ એ પણ ત્રિગુણ જ કહેવાય છે. દુર્ગા અને માયાને ત્રિગુણા કહે છે. ભુવન અથવા લોક પણ ત્રણ: સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ. ત્રિપાદ અથવા ત્રિવિક્રમ એ વિષ્ણુ. શરીરની મુખ્ય ધાતુઓ ત્રણ: વાત, પિત્ત અને કફ, અને એ ધાતુઓની વિષમતા એ ત્રિદોષ. ત્રણ મુખ્ય ઔષધિ: હરડાં, બહેડાં ને આમળાં એ ત્રિફળા. 'ત્રયી' એટલે ઋક્, યજુસ્ અને સામ એ ત્રણ વેદો, ને એનો ધર્મ તે 'ત્રયીધર્મ'. ચોથો અથર્વવેદ તો પાછળથી ઉમેરાયો. કર્મકાંડમાં ઘણીખરી ક્રિયા ત્રણ વાર કરવાની હોય છે. एवं त्रिः એમ બોલે છે. ત્રણ વેદ જાણનાર ત્રિવિદ્ય કહેવાય છે. જે સ્ત્રીનાં પતિ અને સંતાન હયાત હોય તે પણ 'ત્રયી' કહેવાય છે.

આઠનો અંક પણ આપણામાં એ રીતે શુકનિયાળ ગણાતો હતો. પહેલું તો આપણામાં લગ્નપ્રસંગે વરવધૂને માટે જે આશીર્વાદના શ્લોકો બોલાય છે તેને મંગલાષ્ટક કહે છે. અનેક કાર્યક્ષેત્રોમાં અષ્ટાંગ-આઠ અંગ મુખ્ય ગણવામાં આવે છે. શરીરનાં, યોગનાં, ઔષધનાં, વૈદકનાં, રાજાની મંત્રસભાનાં, અદાલત વગેરેનાં આઠ અંગ ગણાય છે. રાજાને અષ્ટપ્રધાન હોય છે. વૈદકમાં અષ્ટવર્ગ જાણીતા છે. આ બધાં અષ્ટાંગોની સંસ્કૃતમાં વ્યાખ્યાઓ પણ આપેલી છે. શરીરનાં અંગોમાં 'સાષ્ટાંગ પ્રણિપાત' શબ્દ તો બહુ જાણીતો છે. સંસ્કૃતનું મુખ્ય વ્યાકરણ અષ્ટાધ્યાયી કહેવાય છે. ઋગ્વેદને મંડળો ઉપરાંત અષ્ટકોમાં પણ વહેંચ્યા છે. ભૌમિતિક આકૃતિઓમાં ત્રિકોણ જેટલું જ મહત્ત્વ અષ્ટકોણનું છે અને સ્થાપત્યમાં તો તેનું ખૂબ જ મહત્ત્વ છે. તારિણી દેવીઓ આઠ ગણાય છે અને તેનાં નામ મળી આવે છે. અઢારની પેઠે 'અષ્ટભુજા' પણ દેવી છે. કમલના પુષ્પનું રૂઢ સ્વરૂપ 'અષ્ટદલ'નું છે. દિશા આઠ છે અને તેના પાલક દેવો પણ આઠ છે, જેનાં નામ મળે છે. એમાં રહેલા હાથીઓ–દિગ્ગજો પણ આઠ છે તેનાં પણ નામો છે. યજ્ઞમાં મુખ્ય દ્રવ્યો અષ્ટ છે તેનાં નામ પણ છે. મુખ્ય ધાતુઓ આઠ ગણાય છે, તેમાં સુવર્ણ મુખ્ય છે, તેથી સુવર્ણને પોતાને અષ્ટાપદ કહે છે. કુબેરના નિવાસ-

સ્થાન કૈલાસ પર્વતને 'અષ્ટપદ' કહે છે. કવિ જયદેવે જે સ્તુતિ ગાઇ પદ્માવતીને જીવતી કરી તેનું નામ ગીતગોવિંદમાં અષ્ટપદી છે. ભગવાન શંકરને અષ્ટમૂર્તિ કહે છે, તે માટેનો કાલિદાસનો શાકુંતલનો મંગળનો શ્લોક જગપ્રસિદ્ધ છે. એમાં શિવનાં આઠ સ્વરૂપ સમજાવ્યાં છે. કાવ્યના અષ્ટરસ મુખ્ય છે. નવમો શાંતરસ તો પાછળથી ઉમેરાયો છે. શુકનની મુખ્ય શુભ વસ્તુઓને પણ અષ્ટમંગલ કહે છે, જેને લગતો શ્લોક મળે છે. આ તો માત્ર આઠનો અંક આપણા પ્રાચીન સાહિત્યમાં મુખ્ય મુખ્ય બાબતોમાં શુભ અર્થમાં વપરાયો છે તેનો ટૂંકો ઉલ્લેખ કર્યો છે. આઠનો અંક બીજા તો અનેક શુભ અર્થમાં યોજાયો છે, પરંતુ તે બહુ પ્રચલિત ન હોવાથી ને લંબાણના ભયથી અહીં નથી ઉલ્લેખ્યો.

આ ઉપરથી જણાશે કે ત્રણ, આઠ, તેર અને અઢારના અંક અપશુકનિયાળ નથી પણ મંગલમય છે. એમને અમંગલસૂચક ગણવામાં આવ્યા તે વિદેશીઓના સંપર્ક પછી.

બીજા કેટલાક અંકનું મહત્ત્વ પણ આપણામાં ગણવામાં આવે છે. પણ તે આ ચાર અંકોના પ્રમાણમાં બહુ ઓછું છે. આઠના સંબંધીઓમાં ૧૬, ૩૨, ૪૦, ૪૮, ૫૬ અને ૬૪ને કોઈકોઈ સમાજ મહત્ત્વના ગણે છે. પણ તેના ઉલ્લેખો ઓછા છે. સોળ વિદ્યાદેવી, સોળ કળા (ચંદ્રની) અને ષોડશોપચાર પૂજા એ જાણીતાં છે. ૩૨, ૪૦, અને ૪૮નું મહત્ત્વ કર્મકાંડમાં છે. ૫૬ લોકકથામાં આવે છે. ૬૪ કલાઓ, વિદ્યાઓ, ૬૪ જોગણીઓ વગેરે ગણાવાઈ છે. આમ આઠને આઠે ગુણતાં ૬૪ આવે ત્યાં એ અંક અટકે છે. જોકે ગુજરાતમાં ૮૪ના અંકનું પણ કાંઈક મહત્ત્વ કહેવાય છે: ૮૪ જ્ઞાતિઓ, ૮૪ ચૌટાં, ચોરાશી બંદરનો વાવટો, લક્ષ ચોરાશીના ફેરા વગેરે.

અંકના આ ઉલ્લેખોમાં એક રસમય વાતનો ઉલ્લેખ ખાસ મહત્ત્વનો ન હોવા છતાં પ્રસંગને અનુસરીને કરવા જેવો છે. આપણામાં મનાય છે કે ઋષિઓ અને મહાકવિઓનાં વાક્યોમાંથી પ્રયત્ન કર્યા વિના લખાએલા અણધાર્યા-અર્થ નીકળે છે. એવા ઘણા દાખલા પ્રાચીન સાહિત્યમાંથી મળી આવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના કવિ ભગવાન વેદવ્યાસ ગણો કે બીજા કોઈ ગણો, પણ એ એક મહાન કવિ છે. ભગવાન્ શ્રીકૃષ્ણના મુખમાં અવતાર ક્યારે થાય છે તે વર્ણવતાં **परित्राणाय साधूनां, विनाशाय च दुष्कृतां, धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे.** એ શ્લોક મૂકેલો છે. એ શ્લોક કવિએ ગીતાના ચોથા અધ્યાયના આઠમા શ્લોક તરીકે મૂક્યો છે; બીજી બાજુ દસ અવતારોમાં કૃષ્ણાવતાર આઠમો અવતાર છે અને તે ત્રીજા યુગના અંતમાં અને ચોથા યુગની શરૂઆતમાં થયો છે. આમ, અકસ્માત રીતે આ પ્રમાણે શ્રીકૃષ્ણના મુખમાં એમનો આઠમો અવતાર એટલે આઠમો શ્લોક ચોથા યુગમાં એટલે ચોથા અધ્યાયમાં મૂક્યો છે! કેવો સુંદર યોગ! એટલે શાકુંતલના મંગલ પ્રમાણે અષ્ટમૂર્તિ ભગવાન શંકરને, અને આઠમા અવતાર ભગવાન શ્રીકૃષ્ણને પ્રણમીને આંકડાનો આ લેખ સમાપ્ત કરીએ!

રત્નમણિરાવ ભીમરાવ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: જીવનયાત્રાને છેવાડે', એન. વી. મીઠાણી-મુંબાઈ; બીજું ઈનામ: 'કુતુબઅને કોયલ', નરહરિ ગણેશ માવલંકર-અમદાવાદ; ત્રીજું ઈનામ: 'ઘર ભણી', કૌશિક ઝવેરી-અમદાવાદ. નોંધપાત્ર: (૧) 'કાળની પરસાળ', દેવકૃષ્ણ મણિયાર-પુના; (૨) અભિલાષા', હસનઅલી જાફરઅલી-મહુવા; (૩) 'ગભરુ', અશ્વિન મહેતા-મુંબાઇ.

હરીફાઈમાં આવેલા ૩૦ ફોટોગ્રાફોમાંથી ૬ ઈનામ અને નોંધને પાત્ર નીવડ્યા છે. એ છમાંથી ત્રણ હરીફોએ ચિત્રોનાં અંગ્રેજીમાં નામ આપ્યાં છે અને એકે નામ આપવાની જ તસ્દી લીધી નથી! ગુજરાતી માસિકની ફોટોહરીફાઈમાં ચિત્ર મોકલનાર તે જ ભાષામાં નામ લખવાની કાળજી ન રાખે એ આપણા માનસની શિથિલતા સૂચવે છે. આવા જ દુર્ગુણો બીજાં કાર્યક્ષેત્રોમાં પણ વિસ્તરતા હોય તો નવાઈ નહિ.


પહેલું ઈનામ જીતનાર ભાઈ મીઠાણીએ ભરવાડણના ચહેરા ઉપર વય વધતાં પડેલી કરચલીઓને આબાદ ઉતારી છે. આ પ્રકારની સરસ વાસ્તવિક તસવીરનું નામ અંગ્રેજીમાં 'Ending a Journey' પાડ્યું છે. નામનો શબ્દાર્થ તો એવો થાય કે જીવન પરવારી બેઠેલી ને મરણની રાહ જોતી વૃદ્ધાનું ચિત્ર. પરંતુ એવું કાંઈ ચિત્રમાં છે નહિ, ઊલટું, વૃદ્ધાના ચહેરા ઉપર જીવનના કડવામીઠા ઘૂંટડા ગળી જનાર વ્યક્તિની ઋજુતા અને સૌમ્યતા જોઈ શકાય. ભાઈ મણિયારે ચિત્રનું નામ 'Corridor of Time' પાડ્યું છે! ચિત્રનાં નામ ટૂંકાં, વસ્તુને સમજાવનારાં અને ચિત્રમાં વાચકનો રસ ઉપજાવનારાં હોવાં જોઈએ; નિરર્થક નહિ.

બળદગાડીના જમાનામાં માનવજીવનમાં આજના જેટલી ઝડપ, ચંચળતા અને અસ્થિરતા નહોતાં. ત્યારનો જીવનવ્યવહાર મહિનાના ત્રીસે દિવસ સામાન્યતઃ સરખો રહેતો. તેમાં અકસ્માત સિવાય ઝાઝા કે તાત્ત્વિક ફેરફાર ન થતા. પરંતુ તે સ્થિતિ પલટાઈ ગઈ છે. અગાઉનો કલાકાર છ મહિને-બાર મહિને એકાદું ચિત્રસર્જન કરતો. આ યુગનો ફોટોગ્રાફર એક દિવસમાં સેંકડો માઈલની મુસાફરી કરતાં કરતાં સેકંડના હજારમા ભાગની ગતિએ અસંખ્ય ચિત્રો પાડે છે. તેનું માનસ અજાણતાં યંત્રવત્ કામ કરે છે. આવાં કારણોસર સામાન્ય સ્નૅપશૉટસમાં સાચી ચિત્રદૃષ્ટિનો અભાવ દેખાય છે. માટે જ ફોટોકલાના જિજ્ઞાસુ અને અભ્યાસીએ ત્રણ વસ્તુ ધ્યાનમાં રાખવાની જરૂર છે: (૧) પહેલી વાત નજર અને મનની એકતા સાધવી તે. સારી ચિત્રવસ્તુ નજરે પડતાં તેને ક્યાંથી લેવી, આગળ-પાછળ શું આવે છે કે નડે છે, પ્રકાશ અને છાયા કેવાં છે, દૂરથી તેનું ચિત્ર લેવું કે જરા નજીક જવું,-આ બધું બહુ ઝડપથી વિચારી લેવું જોઈએ. આને અંગ્રેજીમાં Flexibility of mind કહે છે. આપણે તેને સમયાનુવર્તી મન કહીએ. (૨) બીજી વાત તે શક્ય ચિત્રને કચકડાની પટ્ટીમાં ઉતારતાં ધીરજ કેળવવી તે. (૩) ત્રીજી વાત તે, રખે ચિત્રવસ્તુ ચાલી જાય એ ભયના પરિણામે ચાંપ દાબવામાં-રઘવાટ ન કરવો તે. હરીફાઈમાં આવેલા પ્રત્યેક ચિત્રમાં સ્પષ્ટ જણાય છે કે આ ત્રણ ગુણોમાંથી એક યા બીજાનો અભાવ સૌ હરીફોમાં છે.

'જીવનયાત્રાને છેવાડે' ચિત્રને જરાક ઉપર-નીચેથી તથા બાજુથી છાંટ્યું હોય તો સારું. ભાઈ માવલંકરના ચિત્રમાં ડિઝાઈનનો આભાસ છે, પણ કુતુબમિનારના કદનો ખયાલ ચિત્રમાંથી મળતો નથી. જરા દૂરથી જમીન સાથે તેનો ફોટોગ્રાફ લઈ તેના ભોંયતળિયાના દરવાજામાં કોઈ સ્ત્રી-પુરુષ દાખલ થતાં હોય એવું એ મિનારનું ચિત્ર સુંદર બને એવું છે. ભાઈ મણિયારના ચિત્રમાં એક્સ્પોઝર સારું છે, છાયા-પ્રકાશ ચિત્રવસ્તુને ઉઠાવ પણ આપે છે, પરંતુ માનવાકૃતિ નહિ હોવાના કારણે ચિત્ર જડ લાગે છે. ભાઈ કૌશિક ઝવેરીના ચિત્રમાં જમણી તરફનું ઝાડ ઘણું માથાભારે ને નિરર્થક લાગે છે. ચિત્ર વસ્તુને તે ખાસ મદદરૂપ નથી. એક સારો વિષય નજરે પડતાં તેમણે ચાંપ દાબવાની ઉતાવળ કરી છે. ગાડા તરફ ચાલતી ગાય ગાડાની આકૃતિમાં ભળી જાય છે.

'અભિલાષા' ગતિચિત્ર (ઍક્શન પિક્ચર) ગણાય, પરંતુ કૂદકો મારતા માનવીના ચિત્રમાં 'અભિલાષા' કઈ વ્યક્ત થઈ છે તે સ્પષ્ટ થતું નથી. શું આપઘાત પ્રેરિત એ કૂદકો હતો? અને આપઘાતને 'અભિલાષા' કહી શકાય? ગઢવાલની દરિદ્રતા દાખવતું 'ગભરુ' બાળક કૅમેરા સામે જોઈ રહ્યું છે એવા સભાન ફોટો કલાત્મક નથી ગણાતા. બાળક કોઈ કાર્યમાં નિમગ્ન હોય ત્યારે ફોટો લેવાવો જોઈએ. **બલવન્ત ભટ્ટ**

સિલ્ક-સ્ક્રીન પ્રિન્ટિંગ પ્રોસેસ (અનુસંધાન પૃ. ૪૮૫થી)



લઇને ચિત્રની જગાએ તેને બરાબર ગોઠવવો. તે માટે નિશાની અથવા રજિસ્ટર માટે માર્ક કરવા કે જેથી દરેક છાપ સરખી કાગળ પર આવે. પછી તે જગાએ છાપવાનો કાગળ ગોઠવી, ફ્રેમની સોંસરું પાણી અથવા તેલના રંગ વડે છાપવું. ગુંદરથી ચિત્ર કર્યું હોય તો તેલનો રંગ વાપરવો અને વાર્નિશથી કર્યું હોય તો પાણીનો રંગ વાપરવો. રંગ લગભગ માખણ જેવો જાડો થવો જોઇએ. પછી તે રંગને સ્કવીઝી વડે ફ્રેમના એક છેડાથી બીજા છેડા સુધી દબાવીને ખેંચવો. ફ્રેમમાંનો જે ભાગ ગુંદર કે વાર્નિશ વગરનો હશે તેમાંથી રંગ નીકળીને નીચેના કાગળ પર ચોંટી જશે અને જે ડિઝાઈન પાડી હશે તેવી અનેક નકલો થઇ શકશે. આ રીતે જેટલા રંગનું છાપકામ કરવું હશે તેટલી વાર ફ્રેમમાં સ્ટેન્સિલ બનાવી તેવા રંગથી છાપવું પડશે. આને 'સિલ્ક-સ્ક્રીન-પ્રિન્ટિંગ-પ્રોસેસ' કહે છે. આ કામ કરનાર કલાકાર હોવો જરૂરી છે.

સોંસરી દેખાતી ચિત્રની રેખાઓ ઉતારો. પછી જે ભાગ છાપવાનો હોય તેટલો ભાગ એ કપડામાં ઉઘાડો રાખીને બાકીના ભાગ પર ગુંદર અથવા વાર્નિશ પીંછીથી ભરી દો. સાદા ગુંદર કે વાર્નિશથી જો ડિઝાઇન બરાબર દેખાય નહિ તો ગુંદર કે વાર્નિશમાં થોડો રંગ મેળવવો. એ સુકાઇ ગયા પછી ફ્રેમ નીચેથી ચિત્ર કાઢી લેવું ને ચિત્રના જેવડો કાગળ

આ સ્ક્રીન પ્રોસેસ ઘણાં નામથી જાણીતી છે. તેમાં સિલ્ક-સ્ક્રીન-પ્રિન્ટિંગ, સિલ્ક-સ્ક્રીન સ્ટેન્સિલ, પ્રિન્ટિંગ પ્રોસેસ, સેરીગ્રાફી, મેટ્રોગ્રાફી, ગ્લ્યુ-ગ્રેવ્યોર વગેરે છે. આપણે ત્યાં સ્ક્રીનોગ્રાફી તરીકે તે પ્રસિદ્ધ છે. અને એમાં થતું કામ હાથનું છાપકામ હોવા છતાં હાથથી જ ચીતરેલું હોય એવું સુંદર અને સફાઈદાર બની શકે છે.

[આ લેખ પરત્વેની પૂછપૂરછ માટે અમને ન લખતાં તેના લેખકને ૨૯ એ, સર ફિરોઝશાહ મહેતા રોડ, મુંબાઈ-૧, એ સરનામે લખવું.]

સર વિન્સ્ટન ચર્ચિલ (અનુસંધાન પૃ. ૪૮૮થી)

પામ્યો છે. એની નૈસર્ગિક શક્તિઓનો સ્રોત જરા યે ઝાંખો પડચો નથી. અને કશુંક અપૂર્વ કરી છૂટવાની એની વૃત્તિ હજી જાણે વણસંતોષી છે.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન લૉઇડ જ્યૉર્જે અને બીજા વિશ્વયુદ્ધના આરંભ પહેલાંનાં થોડાં વર્ષોના ગાળામાં બાલ્ડ્વિને તેને ઝાંખો પાડી દીધો હતો. બાલ્ડ્વિનનાં નિરભિમાની અને દંભરહિત વક્તવ્યો પર ચર્ચિલની પ્રખર વક્તૃત્વશક્તિની તેમજ બુદ્ધિમત્તાથી ભરપૂર વાક્બાણોની જાણે કે કશી જ અસર થતી નહોતી.

પરંતુ બીજા વિશ્વયુદ્ધના આરંભની સાથે જ 'ચર્ચિલની ઘડી' આવી પહોંચી. મહાન બનાવોથી ભરપૂર તે પછીનાં પાંચ વર્ષના ગાળામાં સર ચર્ચિલે બ્રિટનની જે સેવા બજાવી તેટલી તો ચૅથામે તેની કીર્તિની સર્વોચ્ચ પળે પણ નહિ બજાવી હોય. ચૅથામના જમાનામાં બ્રિટનની ભૂમિ સુરક્ષિત હતી અને ત્યાં શાન્તિ પ્રવર્તતી હતી. જ્યારે ચર્ચિલનાં પાંચ વર્ષમાં તો તત્કાળ આક્રમણનો ખરેખરો ભય હતો.

ઇંગ્લંડના ઇતિહાસમાં ચર્ચિલને એવા અપ્રતિમ યુદ્ધકાલીન વડા પ્રધાનનું પદ પ્રાપ્ત કરાવી આપનાર એ ઉત્તમ ગુણ કયા હતા? અડગ હિંમત એ તેનો સર્વોચ્ચ ગુણ છે. પરાજયની કલ્પના પણ કરવાનો તે સાફ ઇનકાર કરે છે.

બ્રિટનને મૅકડોનલ્ડ, બાલ્ડ્વિન અને ચેમ્બરલેઇનના અમલ દરમિયાન જે ઉત્તમ કોટિના નેતાની ખોટ સાલી હતી તે સર ચર્ચિલે પ્રદારૂઢ થતાંની સાથે જ પૂરી કરી દીધી.

યુદ્ધકાળનાં તેનાં વક્તવ્યોને અંગ્રેજી સાહિત્યમાં અવિચળ સ્થાન મળશે. ઉત્તમ વાક્પ્રતિભા વડે તેણે તદ્દન અદના માનવીના પણ હૃદયના તાર ઝણઝણાવી મૂકયા હતા. 'લોહી, પરિશ્રમ, આંસુ ને પરસેવા'થી શરૂ થતી પેલી જાણીતી આગાહીએ રાષ્ટ્રને કેટલી બધી પ્રેરણા પૂરી પાડી હશે તેનું સાચું માપ કદી પણ કાઢી શકાશે નહિ.

અને છતાં રાષ્ટ્રે વિજયના સર્જક આ માનવીને તત્કાળ બાજુ પર કાઢી નાખ્યો હતો અને દુનિયાને બ્રિટનના રાજકારણ વિષે બરાબર ખબર ન હોવાથી તે સ્તબ્ધ બની ગઈ હતી. ચર્ચિલે સામાન્ય ચૂંટણીને પ્રસંગે મતદારો પ્રત્યેના વર્તનમાં ડહાપણનો સદંતર અભાવ દર્શાવ્યો હતો એ હકીકતનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. તે વિષે ચર્ચિલે કંઈક કડવાશપૂર્વક લખ્યું છે કે 'મેં રાષ્ટ્રની પ્રમુખ સત્તા પ્રાપ્ત કરી અને યુદ્ધકાળનાં પાંચ વર્ષ ને ત્રણ મહિનાના ગાળામાં તેનો વધારે ને વધારે પ્રમાણમાં ઉપયોગ કર્યો, પરંતુ તેને અંતે શત્રુએ જ્યારે બિનશરતી શરણાગતી સ્વીકારી, તે ઘડીએ મતદારોએ મને શાસનના ક્ષેત્રમાંથી દૂર હડસેલી દીધો! તેમ છતાં દ્વેષબુદ્ધિનો તેનામાં સર્વથા અભાવ છે. ભારતમાં સમવાયતંત્રની સ્થાપનાને લગતા ઈ. ૧૯૫૩ના ખરડાનો ખૂબ જ કટ્ટર વિરોધ કર્યા પછી તેને જ્યારે કાયદાપોથીમાં સ્થાન પ્રાપ્ત થયું ત્યારે તેણે જાહેર કર્યું હતું કે 'કશા પણ રાગદ્વેષ વિના હું એનો સ્વીકાર કરું છું.'

તેનામાં દોષો પણ છે એ વાતની ના પાડી શકાય તેમ નથી; પરંતુ તેની જ્વલન્ત સિદ્ધિઓની સરખામણીમાં દોષો ઝાંખા મનાય છે. રાજકીય દૃષ્ટિએ, તે વિરોધપક્ષમાં હોય ત્યારે તદ્દન નિસ્તેજ બની જાય છે. ૧૯૪૫માં ચૂંટાએલી પાર્લામેન્ટમાં તેણે જરૂર જણાયે કેટલાંક મહાન ભાષણો કર્યાં હતાં એ સાચું, પણ બીજાં અનેક ભાષણો ઘણી જ ઊતરતી કોટિનાં હતાં. પરંતુ પુનઃ સત્તા પ્રાપ્ત થતાં ફરી પાછો તે પ્રતિભાસમ્પન્ન જણાય છે,—એવો કે વિરોધપક્ષ પણ તેનાં મહાન વ્યાખ્યાનો પર પ્રશંસાનાં પુષ્પો વેરે છે. પણ એટલું તો ચોક્કસ કે તેની આ ૮૧મી જન્મ જયન્તીએ સૌકોઈ પક્ષાપક્ષી ભૂલીને, વિવિધ ક્ષેત્રોમાં પોતાના દેશની ૬૦ વર્ષ સુધી એકધારી સેવા બજાવનાર તેમજ ગમે તેવી ગંભીર કટોકટીને પ્રસંગે પણ નિરાશાનો સૂર સુદ્દલ નહિ કાઢનાર એવી, વર્ચસ્વ ભોગવનાર, અને કેટલીક વાર તો વહાલ ઉત્પન્ન કરે તેવી વિચિત્રતાઓનું પ્રદર્શન કરનાર વ્યક્તિને ભાવાંજલિ અર્પશે.




માધુકરી


અભયની લઈ એક હાથે ધ્વજ, જયની બીજે,
અતટ રણના વિસ્તારો વા અમાપ હિમાનીને
અતલ દરિયે, ખારાં નીરે, 'થવા નભમાં ઊંડે,
ગિરિવર તણાં શૈલે, ગાઢાં વને, અતલાન્તિકે
અલભ્ય એવી પુરુષાર્થલક્ષ્મીને
જયે વરે પૌરુષ સિદ્ધ સર્વદા. હરિશ્ચન્દ્ર ભટ્ટ

શાંતિપ્રદ સાદગીનો કલાકાર હાંરી માતીસ—Henri Matisse

'કલાકારનું ખરૂં કામ તો આ દુનિયા અને જીવનનાં દુ:ખ તથા વિષમતાઓ ઉપર શિષ્ટતા અને આશ્વાસનનો પડદો નાખી, માનવીને શાંતિ અને આસાયેશ આપવાનો છે'—એવાં વચનો દ્વારા પોતાની કલાનું હાર્દ સમજાવનારો, અને ખરેખર એવાં માનસિક સુખ ને શાંતિ આપતાં મીઠાં ચિત્રો સર્જનારો એક જઇફ ફ્રેન્ચ કલાકાર ગયા (ઑક્ટોબર) માસની બીજી તારીખે ૮૫ વર્ષની પાકટ ઉંમરે ગુજરી ગયો. છતાં, એનાં છેક છેલ્લી ઘડી સુધીનાં ચિત્રોમાં એ જઇફી ક્યાંય જણાતી ન હતી. જેને 'મૉડર્ન આર્ટ'–અદ્યતન કલા–કહે છે એવી, આ યુગની નવતર કલાના સર્જકોના પિતામહ ગણાતા એ હાંરી માતીસનાં ચિત્રોમાં રંગોની કોઈ એવી શાંત ભભક અને ભાતની ફૂલગૂંથણી એ જમાવતો કે એમાંથી ભલે તમને કોઈ 'ભવ્ય સંદેશ' ન મળે, પણ એ ચિત્રો જોતાં જ તમારી થાકેલી આંખ ને વ્યગ્ર મન એક પ્રકારની પ્રસન્નતા ને આરામ પામે. અને એ કહેતો પણ એમ જ, કે 'મારાં ચિત્રો તો, થાકેલા વેપારીઓ કે કંટાળેલા કારકુનો ઘેર જઇને લાંબા થઇને આરામ ખુરશીમાં પડે ને જેવી શાતા મેળવે, એવી આરામ ખુરશીની આસાયેશ એના જોનારને આપે એટલો જ મારો ઉદ્દેશ છે. અને ખરેખર, એવા 'વ્યગ્ર વેપારીઓ કે કંટાળેલા કારકુનો' જ માત્ર નહિ પણ આ દુનિયાની આધિવ્યાધિથી વ્યસ્ત સર્વ સામાન્ય માનવીને એનાં ચિત્રોએ એ સુખ આપ્યું છે. અત્યારના કેટલાક 'મૉડર્ન કલાકારો'નાં ચિત્રોમાં જોવા મળે છે તેવાં ન સમજાતાં ગૂંચળાં અને કલાકારના મનનાં જ તોફાનોના પ્રતિબિંબરૂપ શંભૂમેળો એનાં ચિત્રોમાં ન હતો, પણ પ્રશાંત રંગાવટ અને સ્વસ્થ સંયોજના એમાં જણાતી. જાણે નિરાંતે બેઠા જોયા જ કરીએ એવું કોઈ 'જાદુ' એ મન પર કરી દેતાં. અને એ તાઝગી એ ગુજરી ગયો ત્યાં સુધીનાં એનાં છેલ્લાં ચિત્રો લગી કદી કરમાઈ ન હતી.



'કુમાર'ના વાચકોને એનું નામ છેક અજાણ્યું નથી. ગયા ઑગસ્ટ અંકમાં શ્રી ચન્દ્રવદન મહેતાએ પોતાની આપકથામાં 'કલાકારોની દુનિયામાં' એની રસમય ઓળખાણ આપી છે. ઈ. ૧૮૬૯માં જન્મેલો હાંરી માતીસ ભણતો હતો તો વકીલ થવા; પણ એની માને ચીતરવાનો શૉખ હતો ને ફુરસદે એ કુદરતનાં દૃશ્યો વગેરે ચીતરતી, એની અવ્યક્ત અસર નાનપણથી એના મન પર રહી ગએલી. એવામાં વીસ વર્ષની વયે એ સખત બીમારીમાં પટકાઈ પડ્યો. એમાંથી સાજો થઈએ આરામ લેતો હતો તે વખતે 'ચીતરતાં કેમ શીખવું' એ નામની એક જૂની ચોપડી એને



આપણાં જંતુઓ : ૧ કરોળિયો*

કોઈ પણ ધાતુમાંથી નથી નીકળી શક્યો એવો ઝીણો તાર કાઢી, તે વડે રચનાકુશળ ને સપ્રમાણ જાળ રચનાર આ અદ્દ્ભુત કારીગરને કોણ નથી ઓળખતું? તેની જાળ જેવી જ તેની શરીરરચના પણ અદ્દ્ભુત. શરીરના ધડ અને પેટ, એ બે જ વિભાગવાળા આ આઠપગા જંતુને, બે વચ્ચે તેમજ દરેક પડખે ત્રણ ત્રણ, એમ કુલ મળીને આઠ આંખો હોય છે. મોં અત્યંત સાંકડું, નક્કર આહાર ચાવી શકાય નહિ, પણ પી શકાય એવડું. કેડ દોરડી જેવી. એને છેડે ગોળ ને ચપટું, પાતળી નરમ રેશમ જેવી ત્વચાથી છવાએલું પેટ. તેની ઉપર રુવાંટી, ને છેડે રેશમ કાંતવાનાં યંત્ર. અનેક સાંધાવાળા પગે રુવાંટી અને તેને છેડે નહોર.

તે બોલી શકતો નથી, પણ તેનાં અંગો પર સ્વરોત્પાદક યંત્રો હોય છે: કરવતી પર લાકડી ફેરવતાં અવાજ ઉત્પન્ન થાય તે જાતનાં. શ્રવણશક્તિ ઘણી જ તીવ્ર. જડબાં ન હોવાથી તેના મુખ્ય શિકાર જીવડાંનો માત્ર માંસરસ જ ચૂસી શકે છે. તે ક્વચિત છુપાઇને, ખુલ્લો હુમલો કરીને કે અદ્દ્ભુત રચનાવાળી જાળ બિછાવીને શિકારનો કરુણ ફેંસલો કરે છે. તેને પોતાને ખાનાર વીંછી અને ભમરી.

સર્વવ્યાપી વિસ્તારવાળી આ જાત અરધો-અરધ જમીન પર રહેનારી. પરંતુ પાણીને તળિયે દરકરીને રહેનારી જાત પણ છે. સ્વભાવે નિશાચર વૃત્તિવાળો, પણ ચપળ, ને બીકણ પણ એવો.

કોઈ કોઈ કરોળિયા ૮૦૦ થી ૧૦૦૦ જેટલાં ઈંડાં મૂકે છે. ઘરની ભીંતે સફેદ ચાદર જેવી રૂપિયા જેવડી રેશમની જાળ બિછાવનાર કરોળિયા વળી ઈંડાંની કોથળી જ પેટે વળગાડીને તેનું જતન કરે છે. એમાંથી બચ્ચાં નીકળે ત્યારે માબાપ જેવાં જ સર્વાવયવ-સંપૂર્ણ હોય છે.

(શ્રી 'વનેચર'ના લેખ પરથી ટૂંકાવીને)

*આ કૉલમમાં આવતા પરિચયમાં પક્ષીઓ પછી પ્રાણીઓ શરૂ કર્યાં છે તેમાં હવે જંતુઓનો ઉમેરો થાય છે. હવેથી અનુક્રમે એ ત્રણે આપતા રહેવાની યોજના છે.





હાંરી માતીસનાં બે ચિત્રો જેની વિવેચના
આ નીચેના લેખમાં કરી છે.

હાથ ચડી. મનના સંસ્કારે જોર કર્યું, એણે રંગ ને પીંછી હાથમાં લીધાં અને તેના પછી શું પરિણામ આવ્યું તે દુનિયાએ પાંસઠ વર્ષ સુધી જોયું—ને માણ્યું.

કહેવાની જરૂર નથી કે ચિત્રકારીના જે પરંપરાગત નિયમો—છાયા, પ્રકાશ, વસ્તુની આબેહૂબતા, જેવું દેખાય તેવું જ હૂબહૂ ચીતરવું, દોરી-છંટ પર્સ્પેક્ટિવ—એ બધાં એનાં ચિત્રોમાં નહિ મળે. કોઈ પણ દૃશ્ય કે ચીજ જોવાથી મન પર તેની જે છાપ પડે એ સુખદ, રંગભર, સ્વપ્ન-છાયા જેવી સાદી છાપ, impression જ માત્ર ઉતારવી, એ શૈલીનો એ કલાકાર હતો. ફ્રાન્સમાં ઉદ્ભવેલી એ શૈલીએ એના ઊગમકાળે ત્યાં ઉહાપોહ પણ ખૂબ મચાવેલો. એનાં તથા એના જેવા મિત્રકલાકારોનાં એવાં ચિત્રોનું એક પ્રદર્શન ઈ. ૧૯૦૫માં પારીસમાં ભરાએલું. ચાલુ પ્રણાલિકાથી બહાર, અને વસ્તુની આબેહૂબતા છોડીને માત્ર તેનાં ઘાટઘૂટ તથા રંગભભકને જ લપેડા દ્વારા ઉતારનાર આ કલાકારોનાં ચિત્રોનું અવલોકન લખતાં એક વિવેચકે એ કલાકારોને 'ફૉવ' fauve-'જંગલી પશુઓ' કહેલા! પણ વસ્તુતઃ એમાં 'જંગલીપણું' કશું ન હતું. દિવસે જોએલાં દૃશ્યોની છાપ આપણું અવ્યક્ત મન રાત્રે સ્વપ્નમાં જે રીતે વ્યક્ત કરે છે તે રીતે, કુદરત કે વસ્તુઓની આપણા ચિત્ત પર પડતી છાપ પણ, તેની ઝીણી વિગતો કે આબેહૂબતા વિનાની, માત્ર રંગ અને રૂપની એક સ્વપ્નછાયા જેવી હોય છે. મનની એ છાપનાં એવાં જ ઘાટ અને રૂપ આ કલાકારો વ્યક્ત કરવા મથે છે. એમ કરવામાં તેઓ પોતપોતાની જે રીત અજમાવે એ શૈલી પૂરતી તેમની વ્યક્તિતા. અને એ શૈલીનો આધાર એમની પ્રેરણા પર રહેલો હોય છે.

હાંરી માતીસે તો ખાસ આપણા પૂર્વ તરફના દેશોની કલા-સરવાણીમાંથી ઘણી પ્રેરણા મેળવેલી. ઈરાની ગાલીચાની ભાત-ગૂંથણી તથા રંગમેળ અને ઉત્તર આફ્રિકાનાં કુદરતી દૃશ્યોની ભભક એના મનને બહુ જચી ગયાં; અને એની અસર એનાં ચિત્રો પર સ્પષ્ટ દેખાય છે. દાખલા તરીકે આ સાથેનું ચિત્ર જુઓ. એનો વિષય છે સાદો: 'એક સ્ત્રી ટેબલ પર ખાવાનાં ફળ ગોઠવે છે.' એ તો સ્પષ્ટ છે કે બૈરી, ફળ, કે બારીમાંથી દેખાતાં ઝાડ કુદરતી રીતે હોય તેવાં આબેહૂબ નથી. પણ કલાકારના મન પર આ આખા દૃશ્યની છાપ શી રીતે અને કેવી રચાઈ તે આપણે પ્રમાણી શકીએ. પશ્ચિમના દેશોમાં ભીંત પર શોભા માટે ચિત્રકામને બદલે 'વૉલ પેપર' ચોડવામાં આવે છે. આ ઓરડાની ભીંત ઉપર પણ એવો વૉલ પેપર ચોડેલો છે. એ વૉલ પેપરની ભાત અને ટેબલના ટેબલ ક્લૉથની ભાત, બંનેએ સાથે મળીને આ આખા દૃશ્યનું એક ભાતીગળ ચિત્ર કલાકારના મન પર ઉપજાવ્યું. અને એમાં ટેબલ પરનાં ફળ, સ્ત્રીનો દેહ, બારી બહારના દૃશ્યનાં ઝાડ, અને પાસે પડેલી ખુરશી સુદ્ધાં એવાં ઓતપ્રોત થઈ ગયાં કે આખું યે દૃશ્ય જાણે એક ઇરાની ગાલીચો હોય એવી છાપ કલાકારના મન પર પડી; અને તે એણે એવા ભાતીગળ રૂપે જ ઉતારી. એ ઉતારવામાં એણે પછી સ્ત્રીની, ઝાડની તથા ખુરશીની આકૃતિઓ પણ એમાં ભાત રૂપ જ બની જાય એવી સાદી જ રાખી. એમ કરવામાં સ્ત્રીના ચહેરાની આબેહૂબતા કે એના દેહની કુદરતી છટા ન સચવાય—બલ્કે વૉલપેપરની ભાત જોડે એક તાલ બનાવવા જતાં જરા 'બેડોળ' બની જાય તો બનવા દીધાં—જાણી જોઇને બનવા દીધાં; કેમકે એને સાધવું છે તે સમગ્ર ચિત્રનું સામંજસ્ય, ભાત અને રંગની ભભકનું એક ઇરાની ગાલીચા જેવું કાવ્ય. ભાત અને રંગની આવી સાદગી આપણને બાળકોનાં ચિત્રોમાં જોવા નથી મળતી? કેમકે બાળકો પણ વસ્તુની બારીકી નહિ, પણ જોએલા દૃશ્યની સમગ્ર છાપ જ ઉતારતાં હોય છે. પણ ફેર એ, કે આ કલાકારોની આલેખના પાછળ રંગ અને ઘાટની પાકટ સમજ હોય છે.

માતીસનું બીજું, એક સ્ત્રીનું ચિત્ર આ સાથે આપ્યું છે. આ સાદી છાપમાં પણ ઉપર કહી તેવી ભાતીગળ સાદગી જણાશે, પણ મૂળમાં 'મનને હાશ કરાવતી રંગની મીઠી ભભક' છે એ તો અહીં ક્યાંથી ઉતારી શકાય? પીળા, લીલા, લાલ, આસમાની ને નારંગી રંગની ઉજાણી જે તેણે એમાં પીરસી છે તે ખરેખર 'કંટાળેલા કારકુનને ઘેર જઇને આરામ-ખુરશી પર આડા પડતાં જે શાતા વળે' એવી છે. ચિત્રકલા ઉપરાંત શિલ્પ અને સ્થાપત્યમાં પણ એવી શાંતિપ્રદ સાદગી એણે ઉતારી છે જેના નમૂના ગયા ૩૬૮મા અંકમાં 'બાંધગઠરિયાં' વિભાગ સાથે આપ્યા જ છે.

એવો, 'થાકેલી આંખ અને મનને આસાયેશ આપનાર ચિત્રકારી-નો ગીતકાર' હાંરી માતીસ ભલે ચાલ્યો ગયો છે, પણ એની કલા તો આપણી વચ્ચે રહી જ છે.

—બ.રા.

હાથે કરીને તબિયત બગાડનારી આપણી કુટેવો

ભોજનની : પેટનો વિચાર કર્યા વિના બીજાનું આંધળું અનુકરણ કરવાની, ઉઘાડો ગંદો ખોરાક ખાવાની, કાચી ભૂખે ઉપરાઉપરી ખાવાની, ભૂખ લાગે ત્યારે નહીં ખાતાં ભૂખ મારવાની, ચાવ્યા વગર ઉતાવળે ખાધે રાખવાની.

ઊંઘની : મોં પર ઓઢીને સૂવાની, બધાં બારીબારણાં બંધ કરી સૂવાની, દિવસના જમ્યા પછી ઊંઘ્યા કરવાની, રાત્રે મોડે સુધી ઉજાગરા કરવાની.

સ્નાનની : શરીરને ચોળ્યા વિના એકદમ પાણી ઢોળી નાખી નાહવાની, નાહતી વખતે ભીંજાએલા વાળ બરાબર કોરા ન કરવાની.

કપડાંની : મેલાં પરસેવો લાગેલાં કપડાં દિવસો સુધી પહેરી રાખવાની, ગોદડાં-ગાદલાં કોઇ વખત તડકે ન નાખવાની.

સ્વચ્છતાની : જ્યાં ત્યાં થૂંકવાની, જાજરૂ જઇ આવી હાથ બરાબર સાફ ન કરવાની, નખને વધવા દેવાની, દાંત-મોં બરાબર સાફ ન કરવાની, હાથ ધોયા વિના જ જમવા બેસવાની, બીજાનું એંઠું પાણી પીવાની, દાંતથી નખ કરડવાની.

આચારની : મળ-મૂત્રાદિની હાજતના વેગને રોકી રાખવાની, મોં ઉઘાડું રાખી શ્વાસ લેવાની, ખોટીખોટી ચિન્તાઓ કરવાની, શરીર અસ્વસ્થ થતાં તે તરફ પૂરા બેદરકાર રહેવાની, જીવનનાં સર્વક્ષેત્રે સંયમને નેવે મૂકવાની. ('આયુર્વેદ વિજ્ઞાન')

ફુદીનો

આપણે ત્યાં મુખ્યત્વે ચટણી મારફત જ ખવાતો ફુદીનો વાતહર ઔષધ તરીકે બહુ જ પ્રખ્યાત છે. વળી તેના રસના સેવનથી કફનાં બાઝી ગયેલાં જાળાં તૂટી જઈ સસણી અને દમના દરદોમાં અતિ રાહત મળે છે. ફુદીનાનો અર્ક અથવા તાજો રસ કફ અને શરદીમાં ઘણો જ ઉપયોગી છે. ત્રિદોષજ્વર (ન્યૂમોનિયામાં) આ ઔષધિનો તાજો રસ મધ સાથે મેળવી દર બે કલાકે આપવામાં આવે તો ન્યૂમોનિયાથી થતા અનેક વિકારો થતા અટકી જઈ, ન્યૂમોનિયા ઘણી જ ઝડપથી મટી જાય છે. કફના કોઈ પણ દરદીને સાથોસાથ પેટનું દરદ હોય અથવા તો દમના દરદીને અને કફ સંબંધી બીજા કોઈ પણ જાતના દરદીને મોઢામાં ચાંદાં પડ્યાં હોય અને આંતરડાં ખરાબ થયાં હોય તે સમયે ફુદીનાના તાજા રસ સમાન બીજું કોઈ ઔષધ નથી. ફુદીનાના તાજા રસનું સેવન ખૂબ ભૂખ લગાડી શરીરમાં સ્ફૂર્તિ અને આરોગ્ય આપે છે. આંતરડાંની લાંબા સમયની ફરિયાદવાળા દરદીઓએ ફુદીનાના તાજા રસનું સેવન મધ સાથે કરવું અમૃત સમાન છે. ફુદીનાનો રસ મગજની તમામ શરદીઓ માટે અતિ ઉપયોગી છે અને શક્તિની ઔષધિઓમાં પણ વિશેષતઃ જાતીય તાકાત માટે આ ઔષધિનો ઉપયોગ અતિ પ્રચલિત છે. પૃથક્કરણની દૃષ્ટિએ તપાસતાં પણ (પ્રોટેઇન) પ્રદીપક તત્ત્વ એટલે પેટમાં અગ્નિ પેદા કરનાર તત્ત્વનું ઘણું મોટું પ્રમાણ ફુદીનામાં છે. આમ તે ભૂખ લગાડનાર ઔષધ છે. પ્રજીવક તત્ત્વની દૃષ્ટિએ તો ફુદીનાનું સેવન દુનિયાના તમામ રોગોમાંથી બચાવનાર જડીબુટી સમાન છે, કારણ કે પાંચ તોલા ફુદીનામાં ૧૯૪૦ એકમ પ્રજીવક તત્ત્વ 'અ' સમાએલું છે. આજના યુગના તબીબો પ્રજીવક તત્ત્વ 'અ'વાળી ઔષધિને શરીરના બાંધાના ઘડનાર સમી માને છે અને બાળકોને તેનું સેવન શરીરના તમામ સાંધાઓ અને મુખ્ય અવયવોને સુદૃઢ બનાવનાર સાબિત થએલું છે. ('વંદેમાતરમ્'માંથી)

આપણું રાષ્ટ્રગીત

રાષ્ટ્રગીત 'જનગણ-મન' કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે રચ્યું ૧૯૧૧-માં, અને ગવાયું પણ તે જ વર્ષના ડિસેમ્બરની ૧૧મીએ ભરાએલા કલકત્તાના કૉંગ્રેસ અધિવેશનમાં. તે પ્રથમ પ્રકાશિત થયું 'તત્ત્વબોધિની પત્રિકા'માં જેના તંત્રી તે વખતે કવિવર પોતે જ હતા. તે પ્રથમ ગ્રંથસ્થ થયું કવિના ૧૯૧૪માં પ્રકટ થએલા કાવ્યપુસ્તક 'ધર્મસંગીત'માં.

આ ગીતના અંગ્રેજી પાઠનો પણ રસિક ઇતિહાસ છે. ૧૯૧૧માં 'બંગાળી'એ તેનો પ્રથમ અંગ્રેજી અનુવાદ પ્રકટ કર્યો. કવિએ પંડે કરેલો અનુવાદ ૧૯૧૮માં 'મૉડર્ન રીવ્યૂ'ના ફેબ્રુઆરી અંકમાં પ્રકટ થયો, તેની સુધરેલી આવૃત્તિ ૧૯૩૪ના 'વિશ્વ ભારતી'માં પ્રકટ થઈ. આ જ પાઠ અત્યારે સત્તાવાર અંગ્રેજી પાઠ ગણાય છે. ૧૯૧૯માં ટાગોર જ્યારે દક્ષિણ ભારતના પ્રવાસે ગયા હતા ત્યારે મદનપાલીની થિયૉસૉફિકલ કૉલેજના પ્રિન્સિપાલ જેમ્સ કઝીન્સની વિનંતિથી તેમણે બીજો એક અંગ્રેજી અનુવાદ કર્યો હતો. આ મહાશાળાના પ્રાંગણમાં ટાગોરે એ ગીત જ્યારે મૂળ બંગાળીમાં ગાયું ત્યારે સૌ એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે ત્યાં ને ત્યાં જ તેના અંગ્રેજી પાઠની માંગણી કરવામાં આવી. પછી એ ગીત મહાશાળામાં રાષ્ટ્રીય પ્રાર્થના-ગીત તરીકે સમાવેશ પામ્યું. ટાગોરના હસ્તાક્ષરમાં અનુવાદિત થએલું આ ગીત મહાશાળાના જયંતીગ્રંથમાં છપાયું છે.

સુભાષબાબુએ જ્યારે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ત્યારે તેમણે આનંદમોહન સહાય અને હસન પાસે આ ગીતનું હિંદુસ્તાની કરાવી તેને રાષ્ટ્રગીત તરીકે અપનાવ્યું. મોડકની લડાઈ જીતી ભારતની ભૂમિ પર જ્યારે ત્રિરંગી ધ્વજ લહેરાવવામાં આવ્યો ત્યારે આ રાષ્ટ્રીય ગીત ગવાયું હતું.

હડકવા : ઓળખ અને ઉપચાર

હડકવાનાં ઝીણાં જંતુ કૂતરામાં દાખલ થાય છે અને તેથી કૂતરાને હડકવા એટલે કે એક પ્રકારનો લકવા થાય છે ને પરિણામે તે રિબાઇને મરી જાય છે. આ કૂતરું જ્યાં ત્યાં કરડે છે. માણસને કરડતાં હડકાયા કૂતરાની લાળ દ્વારા માણસના શરીરમાં દરદ પેસી જાય છે. આ દરદ ઉષ્ણ લોહીવાળાં જાનવરોને થાય છે, પણ ખાસ કરીને વિશેષ પ્રમાણમાં તો કૂતરાંઓને થાય છે. હડકવા લાગુ પડ્યા પછી હડકવા થએલ જાનવર ૮ થી ૧૦ દિવસમાં મરી જાય છે. દરદનાં જંતુ શરીરમાં દાખલ થયા બાદ ૧૩ દિવસથી ૧ વર્ષમાં હડકવા થાય છે અને છેવટે હાઇડ્રોફોબિયાના દરદથી દર્દી મરી જાય છે. કરડ્યા પછી વહેલું અથવા મોડું દરદ શરૂ થવું તે, કરડ કઈ જગ્યાએ થઈ છે તેના ઉપર આધાર રાખે છે. જો મોઢા અથવા ડોક ઉપર કરડ થઈ હોય તો દરદ જલદી લાગુ પડે છે. ઝાઝે અંશે કરડ પછી બે માસમાં દરદ લાગુ પડે છે, આ દરદનાં જંતુઓની સંખ્યામાં વધારો થતો જાય છે અને ખાસ કરીને મગજમાં આ જંતુઓ ચડી જાય છે.

આ દરદ લાગુ થયે કૂતરો કચરો, લાકડું અને પોતાના શરીરને પણ કેટલીક વખત બચકાં ભરે છે. તેને શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે અને ખોરાક ઉપર અરુચિ થાય છે આંખો લાલઘૂમ થાય છે અને ડોળા મોટા થઈ જાય છે. તે અકુદરતી રીતે ભસે છે, માઈલના માઈલ દોડે છે અને રસ્તામાં આવતા માણસ કે જાનવરને કરડે છે. આવું કૂતરું પાણી તથા ખોરાક ગળે ઉતારી શકતું નથી એટલે આ બે ચીજોથી તે દૂર રહે છે. આવા કૂતરાના મોઢામાંથી લાળ ઝરવી ચાલુ રહે છે, લકવા થઈ જાય છે અને દરદની શરૂઆતથી પાંચ દિવસમાં મરી જાય છે.

માણસમાં આ દરદના ત્રણ તબક્કા હોય છે: પહેલા તબક્કામાં કરડની આસપાસ ખરજ આવે છે, દુખે છે અને આસપાસની ચામડીમાં બહેરાશ પણ આવી જાય છે. બીજા તબક્કામાં ચેપ આગળ વધી મગજ સુધી પહોંચે છે અને દર્દીનો જીવ ગભરાય છે તથા ચીડિયો સ્વભાવ થઈ જાય છે. તેનો અવાજ ઘોઘરો થઈ જાય છે અને કંઈ પણ ચીજ

ગળવામાં તને મુશ્કેલી પડે છે. આમ બીજા તબક્કામાં કંઈ પણ ગળતાં ગળુ સંકડાય છે અને આંચકી આવવી શરૂ થઈ જાય છે. શરીરની ગરમી વધતી જાય છે અને તે વધીને ૧૦૩ ડિગ્રી સુધી જાય છે. આખરે આવી આંચકીઓ એટલી વધી જાય છે કે ત્રણથી વધારેમાં વધારે આઠ દિવસમાં દર્દી મરણ પામે છે. પછીના તબક્કામાં કાંઈ પણ સારવાર દર્દીને ફાયદો કરી શકતી નથી. એટલે જોઈ શકાશે કે હડકાયું કૂતરું કરડયું હોય તો તેને વિષે બેદરકાર રહેવું એ જોખમ ભરેલું છે.

કૂતરું કરડે એટલે માની લેવું કે હડકાયું જ કૂતરું કરડયું છે. ચેપ આગળ ન ફેલાય એટલા માટે કરડવાળી જગ્યાના ઉપરના ભાગમાં મજબૂત પાટો બાંધી દેવો. જખમને ખુલ્લો કરી નાંખવો અને સાબુ તેમજ પાણીથી ધોઈ નાંખવો. પાણીની ધાર જોરથી જખમ ઉપર નાખવામાં આવે તો તે વધારે સારું છે. બાદ કાર્બોલિક ઍસિડથી બોળેલું પૂમડું જખમ ઉપર મૂકવું. કાર્બોલિક ઍસિડ લગાડ્યા પછી સ્પિરિટથી વધારે પડતું કાર્બોલિક ઍસિડ લગાડાઈ ગયું હોય તો સાફ કરી નાંખવું. કૂતરું કરડે એટલે હડકવાનું દરદ ન થવા દેવા મરચાં-નો ભૂકો અથવા બળતી જ દવાઓ જખમ ઉપર લગાવ્યા કરતાં, કૂતરું કરડે કે તરત જ અથવા મોડામાં મોડા ૧૪ દિવસમાં પણ હડકવાનાં ઈન્જેકશનો દર્દીએ ડૉક્ટર પાસેથી લઈ લેવાં. ('સૌરાષ્ટ્ર')

જાણો છો?

ગરમી ને ભેજની અસરથી સાવ મુક્ત એવો કાચનાં અતિ સૂક્ષ્મ કણોનો એક નવી જાતનો કાગળ બનાવવામાં આવ્યો છે. તે ઘણો જ ટકાઉ, સખત અને લીસો હોય છે. છાપખાનાંઓ છાપકામ માટે આ કાગળ લાંબા કાળ માટે સંગ્રહી શકે કારણ કે તેને હવામાનની કશી અસર થઈ શકતી નથી.

આફ્રિકન લોકો પોતાનાં ભાલાંનાં ફળાં પર લગાડવા માટે ઝાડનાં મૂળિયાંમાંથી એક ઝેર તૈયાર કરે છે. હાડકું ભાંગી ગયા પછી સ્નાયુઓ વચ્ચે ગાંઠ બંધાઈ જાય તેને આ ઝેર ઢીલી પાડી શકે છે. અમેરિકન તબીબ ડૉ. લિપોએ ૫૦૦ જેટલા કિસ્સાઓમાં સફળતાપૂર્વક આ ઝેરનો ઉપયોગ કર્યો છે.

નેશનલ જ્યોગ્રાફિક સોસાએટી અને ફ્લૅગસ્ટાફની લૉવેલ વેધ-શાળા તરફથી દક્ષિણ આફ્રિકામાં છ મહિના સુધી કરેલા સંશોધન પછી જાહેરાત કરવામાં આવી છે, કે ઋતુ બદલવા સાથે મંગળનો રંગ બદ-લાતો રહે છે એ ઉપરથી સાબિત થાય છે કે ત્યાં જીવસૃષ્ટિ છે.

જેને બધા જ નિર્દોષ માને છે તે શરદી માટે સૂંઘવાની સુગંધી નાની શીશીઓ 'બેન્ઝેડ્રીન ઈનહેલર'ના અતિ ઉપયોગથી એક બાળક મરણ પામ્યાના સમાચાર આવ્યા છે. આવા નવા ઈનહેલરમાં બેન્ઝે-ડ્રીનના ૩૨૫ મિલિગ્રામ હોય છે જે ૬૫ બેન્ઝેડ્રીન ટીકડીઓ બરાબર છે. આવું મોટું પ્રમાણ બાળકો સૂંઘવામાં લે તે ભયાનક છે.

રખે ભૂલી જતા!

આવતે વર્ષે ગ્રાહક રહેવા—ન રહેવા બાબતનો આપનો નિર્ણય લખી મોકલવા માટે આ અંકમાં જોડેલું કાર્ડ ભરી મોકલતી વેળા **આપનો ગ્રાહક નંબર** તેમાં લખવાનો રખે ભૂલી જતા. આ અંકની કોથળી ઉપર આપના નામ સાથે એ લખેલો છે. એ જો આપે નહિ લખ્યો હોય તો સેંકડો સરનામાંમાંથી તે શોધવામાં સમય જશે, ને પરિણામે તેટલો તમારી સૂચનાનો અમલ મોડો થશે.

રાણીંગ જેઠવા (અનુસંધાન પૃષ્ઠ ૪૮૨થી ચાલુ) સામાન ઉપાડીને સ્ટેશને મૂકી જાય એમ વ્યવસ્થા કરવાની હતી. સૌ ન આવવા માટે બહાનાં કાઢતા હતા. કોઇનો છોકરો માંદો હતો, કોઇને દાણા માગવા જવું હતું, કોઇને હજામત કરાવવી હતી. મને ગુસ્સો આવ્યો.

'રાણીંગને બોલાવશું?' મેં લવાને પૂછયું. લવો એક તો આવવા તૈયાર હતો.

'સાયબ, પાછું ઈનું ઈ છે. દસ રૂપિયા દીધા'તા ને? માળે નવી પાણ-કોરાની ચોરણી ને ખમીસ સિવડાવ્યાં. છોકરાં માટે ય નવાં લૂગડાં લીધાં. કીયે, હોળી આવે છે ને? બાકી અફીણના ડોડવા લીધા. પાછાં બે ય માણસ બે દિવસથી અપવાસ કરે છે!'

'તો તો નહિ.' કહી બીજો મેં બાવાને પકડયો: 'આવવું જ પડશે.' એણે ઉપરથી તૈયારી બતાવી, અંદર બળતો હશે. અમે ઊપડયા.

અધૂરી વાતનો દોર સાંધતાં લવો બોલ્યો: 'બાકી, સાયબ, આ રાણીંગ બાપુ બે'ક રાઇવાળા, હો.' અમે ત્રણે મોલ વચ્ચેથી પસાર થતા હતા. જુવાર-બાજરીનાં ખેતર પાકથી લચી પડતાં હતાં. પાક બહુ સારો થયો હતો. 'માળો, પરમ દી માન્યો જ નઇં ને? ધરાર માન્યો નઇં!'

'શું?'

લવો ને હરીગર હસી પડયા. કહેલું કે નહિ એમ જાણે વિચા-રતા હોય તેમ.

'બોલો, બોલો.' હું એમની મૂંઝવણ કળી ગયો હતો.

'સા'બ, આંઈ તો અમારે ઇ રિવાજ જ છે. મજૂરાંને—અમ ઉભ-ડિયાંને—મજૂરી ન મળે તી રાતના મો'લમાં પડીને ભારી બાંધી આવ-વી, ડૂંડાની. ખેડુ ભાળી જાય તો કૈયેં કે પોંક માટે લીધાં છે. તી કાંઈ ભૂખ્યાં રે'વાય છે, સાયબ?'

'ચોરી કરો એમ ને!'

'સા'બ, સૌ કરે છે,... આ બધા ય. જેટલા આપણી ટુકડીમાં હતા ને ઈ બધા ય આમ કરે છે. નકર ખાય શું? મજૂરીના પૈસા તો, સાયબ, ખોટું નો લગાડતા, આવે તઇં ખરા. ન્યાં સુધી કાંઈ હવા ઉપર રે'વાય છે?'

હરીગર અટકી ગયો, કારણ કે માથે બિસ્તરાનો ભાર હતો. એટલે લવાએ ઉપાડી લીધું.

'તી સાયબ, બીજા બેચાર અમજેવા છાનામાના સમજાવા આઈવા, હો. બરાબર મોકો હતો. ને ઘરમાં દાણાનું નામ નઇં,—આ રાણીંગ બાપુના ઘરમાં, હો. ને કાઠિયાણી ને છોકરાં ભૂખે ટળવળે; ને પીલુડાં પાડે, હો, બોરબોર જેવડાં. અને અમથી જોવાય નઇં. અમે સૌ સમજાવીંયીં, હો.'

એ થાકી ગયો. હરીગરે ઉપાડી લીધું.

'બહુ જ સમજાવ્યો. કીધું, ભઈ હાલ્યને તારેય ફેરો મારવો હોય તો!'

'પણ સાયેબ, એકનો બે નો થ્યો. કીયે સાલા'વ કોઈની આગળ નઇં ને મારી આગળ વાત લાવ્યા? અનાજની ચોરી કરવાની! એલાવ, તમે અમારા બાપદાદાની વાત નથી સાંભળી લાગતી. અનાજના તો અમે રખેવાળાં કેવાઇ. ને છત્રીય (ક્ષત્રિય) ઊઠીને લીલુડાં અનાજની ચોરિયું કરવા જાવું. અફીણ ઘોળીને નો પી જઇં! ઘણો સમજાવ્યો, હો. પણ જક્કી ભારે. અમને તો કાઠિયાણીની દયા આવે. નકર....'

હુક્કાની નળીમાંથી ખેંચીખેંચીને ગળામાં ધુમાડા ઘૂંટતો રાણીંગ. ગાલમાં ખાડા. મોં પર ખુમારીની ઊજળી ઝાંય. પેટમાં વેંત એકનો ખાડો. કાઠિયાણીનાં હીબકાં. બે ભૂખ્યાં છોકરાંની હાવળુંના પડઘા. ને ધીર-ગંભીર મૂર્તિ જેવો રાણીંગ.

મારા મનમાં ઘોડા દોડતા હતા. સ્ટેશન આવી ગયું.

આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: સાને ગુરુજી



સાહિત્ય, સમાજસેવા, રાજકારણ, ચારિત્ર્યસંગઠન એમ વિધવિધ ક્ષેત્રોમાં પોતાના નિર્મલ આત્માનો મધુર-પુનિત પરિમલ મૂકી જનાર સાને ગુરુજીનું મૂળ નામ પાંડુરંગ સદાશિવ સાને. તેમનો જન્મ ૧૮૯૯ના ડિસેમ્બરની ૨૪મીએ એક સંસ્કારી પૈસાદાર મહારાષ્ટ્રીય કુટુમ્બમાં થયો હતો. પિતાને શિર ઘરના ભાગલા થતાં અસહ્ય હાલાકી આવી પડી. માતાએ પારકાં દળણાંદ્ળણી કરી પુત્રને ઉછેર્યો. આમ દુઃખને હસતાં હસતાં પચાવી જવાની તાલીમ તેમને નાનપણથી જ મળી. ત્યાં જ એમનાં વત્સલ માતુશ્રીનું અવસાન થયું. વિદ્યાભ્યાસના તીવ્ર અભિલાષી સાને ગુરુજી પિતાની અનુજ્ઞા લઇ ઔંધ ભણવા ગયા, જ્યાં તેઓ એક ઓરડી ભાડે લઈ જાતે કપડાં ધોતા અને એક ઓળખીતા કનેથી લોટ લાવી હાથે રાંધતા. ત્યારે એ કિશોરકાળે પણ જીવનનિષ્ઠાના એ અઠંગ ઉપાસકને તેમાં યે અપ્રામાણિકતા લાગતાં તેમણે હાથમાં માત્ર ઝોળી લઈ ભિક્ષા માગવાનું પસંદ કર્યું.

દરમ્યાન ૧૯૧૮માં મૅટ્રિક થઈ ૧૯૨૧ના અસહકારમાં જોડાવા તેમણે કૉલેજ છોડી, પણ પિતાના આગ્રહને વશ થઈ ફરી કૉલેજમાં જોડાયા અને ૧૯૨૨માં બી. એ. થયા તથા ફેલો નિમાયા. ૧૯૨૩માં તેઓ અમળનેરમાં તત્ત્વજ્ઞાનમંદિરમાં વિદ્યાર્થી તરીકે આવ્યા અને ૧૯૨૪માં એમ. એ. થયા. બાદ ૧૯૩૦ સુધી તેઓ ત્યાં જ શિક્ષક તરીકે રહ્યા.

નાનપણથી જ સાહિત્યના શૉખીન સાને ગુરુજીએ અંગ્રેજી ત્રીજા ધોરણથી કવિતા લખવાનું શરૂ કરેલું. ત્યારે તેઓ મિત્રોને કવિતામાં જ પત્રો લખતા. કૉલેજકાળ દરમ્યાન અંગ્રેજી કવિતા તેમણે સારી પેઠે વાંચી. એમનો પ્રિય કવિ વ્હિટમન એ જ અરસામાં એમને જડચો.

રાજકારણમાં સમગ્ર મહારાષ્ટ્ર ખાતે તેમણે આગળપડતું કામ કરેલું. ૧૯૩૦ની ચળવળ વખતે ૧૯મી મેએ તેઓ એરંડોલમાં પકડાયા ને પંદર માસની સખત કેદ પામ્યા. ૧૯૩૨માં ૧૭મી જાન્યુઆરીએ તેઓ ફરી પકડાયા. ત્યાંથી ઑક્ટોબર '૩૩માં છૂટી જાન્યુઆરી '૩૪માં તેઓ પાછા પકડાયા. પછી ૧૯૪૦ના સત્યાગ્રહ વખતે તેઓ પકડાયા અને બે વર્ષની સખત કેદ પામ્યા. ૧૯૪૨ની ૧૦મી ઑગસ્ટે તેઓ છૂટચા અને ભૂમિગત થયા. એ વેળાએ ક્રાન્તિની મશાલ હાથમાં લઇને તેમણે આખા મહારાષ્ટ્રને સ્વાતંત્ર્ય માટે જાગતુંજોધ કરી દીધેલું. મહારાષ્ટ્રે એમને આપેલા એક લાખ રૂપિયા, ઉપરાંત પોતાના લેખનમાંથી થતી આવક પણ એમણે એ કાર્યને જ સમર્પિત કરી. ૧૯૩૧માં એમણે ડાંગરીમાં આશ્રમની સ્થાપના કરી. અમળનેરમાં સૂતરની નિશાળ કાઢી અમળનેર તરફથી ૨૦ લાખ વાર સૂતર સૂત્રયજ્ઞમાં તેમણે આપેલું.

હરિજનો માટે પ્રાન્તે પ્રાન્તે ઘૂમીને મંદિરો ખુલ્લાં મુકાવનાર સાને ગુરુજીએ પંઢરપુરનું મંદિર હરિજનો માટે ખુલ્લું મુકાવવા આજીવન ઉપવાસો આરંભેલા. ગામેગામ 'સાને ગુરુજી કરે પુકાર, ખોલો પંઢરપુરકા દ્વાર'ની ઘોષણાઓ થઈ ને ૧૯૪૭ની ૭મી નવેમ્બરે એ મંદિર હરિજનો માટે ખુલ્લું થયું. ઉપરાંત ૧૯૩૮માં મજૂરોના પગાર-વધારા માટે અને અમળનેરમાં ૫૦૦ જેટલા ખાદીધારીઓ થાય તે માટે પણ તેઓ ઉપવાસ પર ઊતરેલા.




સત્ય, શિવ અને સુંદરના આવિષ્કારરૂપ એમનું સાહિત્ય વાંચતાંવેંત ગમી જાય એવું છે, કારણ કે તેમાં તેઓ કહે છે તેમ આડીઅવળી કૃત્રિમતાઓ વિનાનો પક્ષિસહજ સરળ ને અનિવાર કંઠ છે. રાતદિવસ લોકસેવામાં જ મચ્યા રહેનાર સાને ગુરુજી આજીવન અવિવાહિત રહેલા. ગાંધીજીની સેવાવૃત્તિ, રવીન્દ્રનાથની કવિવૃત્તિ અને રામકૃષ્ણ પરમહંસની ભક્તિ-પ્રેર્યા આ સંતનું ૧૯ જૂન ૧૯૫૦ના રોજ અવસાન થયું.

દિનવિશેષ


તા. ૧ ઇંગ્લંડની શાહી કલાસંસ્થા રૉયલ ઍકેડેમીની સ્થાપના, ૧૭૬૮.
તા. ૩ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકે સતી થવાનો ચાલ નાબૂદ કર્યો, ૧૮૨૯.
તા. ૪ શેઠ માણેકજી ખરશેદજી મુંબાઈમાં પહેલવહેલા શેરીફ નિમાયા, ૧૮૫૯.
તા. ૬ જરથોસ્તીઓ ઈરાનથી આવી હિંદમાં સંજાણ બંદરે વસ્યા, ૭૧૫.
તા. ૧૧ હિંદની પહેલવહેલી સ્વદેશી બૅંક, સેન્ટ્રલ બૅંકની સ્થાપના, ૧૯૧૧.
તા. ૧૨ માર્કોનીએ તેનો પહેલો આટલાન્ટિક પારનો વાયુસંદેશ સાંભળ્યો, ૧૯૦૧.
તા. ૧૫ ઓરિસ્સા તથા છત્તીસગઢનાં દેશી રાજ્યોનું હિંદ સાથે જોડાણ, ૧૯૪૮.
તા. ૨૫ ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાનો જન્મ, ૧૮૬૧.
તા. ૨૮ 'ઇન્ડીઅન નૅશનલ કૉંગ્રેસ'—હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના, ૧૮૮૫.


પ્રસંગવિશેષ: હૈદરઅલીનું મૃત્યુ · ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૭૮૨

અંગ્રેજોને ભારતવર્ષમાંથી હાંકી મૂકવા પોતાની તલવારથી જીવન પર્યન્ત પ્રયત્ન કરનાર આ સમર્થ પુરુષે ડગલે ને પગલે કપટ ખેલતી અંગ્રેજ સેનાને પોતાની અજોડ બાહોશીથી સતત હરાવતા રહી જે શૌર્ય દાખવ્યું તેને, હિંદને કમભાગ્યે, એ વખતે ચોમેર વ્યાપેલાં કુસંપ અને અ-રાષ્ટ્રીયતાનાં તત્ત્વોએ સફળ ન થવા દીધું. મરાઠાઓ હમેશ તેની વિરુદ્ધમાં રહ્યા હતા. હૈદરાબાદના નિઝામે તો મદદનાં વચન આપીને વારંવાર વિશ્વાસઘાતો જ કરેલા. છતાં હામ હાર્યા વિના હૈદરે અંગ્રેજો પાસેથી મેંગલોર જીતી લઈ મદ્રાસ તરફ કૂચ કરી અંગ્રેજોને નામોશીભરી સુલેહના કરારો કરવા ફરજ પાડી. મરાઠાઓએ મ્હેસૂર ઉપર હુમલો કર્યો ત્યારે હૈદરે સંધિના કરાર મુજબ અંગ્રેજોની મદદ માગી, તેની અંગ્રેજોએ ના પાડી. આ વખતે હૈદરે ટિપુને મહારાષ્ટ્ર પર ચડાઈ કરવા મોકલી ગુમાવાએલો મુલક પાછો મેળવ્યો. પછી તો કર્ણાટક પર વિજય મેળવી હૈદરે ફરી મદ્રાસ તરફ પોતાની કૂચ આગે ધપાવી. અંગ્રેજો પ્રથમ તો પૂરિમપાક નામની જગાએ તેની સામે લડતાં નામોશીભરી રીતે હાર્યા. એક પછી એક કિલ્લાઓ જીતતા જતા હૈદરે આર્કટનો કિલ્લો અને નગર તાબે કરી લીધાં. હૈદરઅલી દક્ષિણ ભારતમાંથી અંગ્રેજોને હાંકી મૂકશે એમ જ્યારે સ્પષ્ટ દેખાતું હતું ત્યારે—બરાબર અણીને વખતે જ—તેનું માંદગીને કારણે ૬૦ વર્ષની વયે અવસાન થયું. યુદ્ધમાં હૈદરના પુત્ર ટિપુનો વિજય તો થયો, પણ તે શૂરવીર છતાં બિનઅનુભવી સુલતાને અંગ્રેજોની કાકલૂદીને વશ થઈ તેમની સાથે સંધિ કરી અને તેમના મુલક પાછા સોંપ્યા. પછી તો ટિપુ વિરુદ્ધ મરાઠા, નિઝામ તથા અન્ય ભારતીય રાજાઓને ફોડી અંગ્રેજોએ એવી તો પ્રપંચજાળ બિછાવી દીધી કે શ્રીરંગપટ્ટણના યુદ્ધમાં લડતાંલડતાં ટિપુ સુલતાન મરતાં જ તેનું સમસ્ત રાજ્ય અંગ્રેજોના કબજામાં આવી પડચું.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (જુઓ પૃ. ૫૧૨) પહેલું ઇનામ : 'જીવનયાત્રાને છેવાડે': એન. વી. મીઠાણી-મુંબાઈ; બીજું ઇનામ: 'કુતુબ અને કોયલ', નરહરિ ગણેશ માવળંકર-અમદાવાદ; ત્રીજું ઇનામ : 'ઘર ભણી' કૌશિક ઝવેરી-અમદાવાદ. નોંધપાત્ર : (૧) 'કાળની પરસાળ'; દેવકૃષ્ણ મણિયાર-પૂના; (૨) 'અભિલાષા': હસનઅલી જાફરઅલી-મહુવા, (૩) 'ગભરુ' : અશ્વિન મહેતા -મુંબાઈ.





> કોયલ નવ દે કોઇને, હરે ન કોનું કાગ,
> મીઠાં વચનથી સર્વને કોયલ લે અનુરાગ.
>
> —દલપતરામ

તલવાર વડે ઇસ્લામનો પ્રચાર કરનાર હજરત અલી એક વિધર્મીને ગળે તલવાર મૂકી તેને ઈસ્લામ સ્વીકારવાનું કહી રહ્યા હતા, ત્યારે પેલો હજરત અલીના મોં પર થૂંક્યો. અલીએ તરત તલવાર હટાવી લીધી. એથી વિધર્મીએ આશ્ચર્યચકિત થઈ એનું કારણ પૂછતાં હઝરતે ગંભીર ભાવથી જવાબ આપ્યો: 'મારા પર થૂંકીને તેં મને ક્રોધિત કરી દીધો છે. હવે જો હું તને મારું તો મેં મારા ક્રોધ માટે તને માર્યો કહેવાય, ઈસ્લામ માટે નહિ.'

અનેકાર્થી શબ્દ: **'ઓટ'**: ચડેલ પાણી ઊતરી જવું તે-(ભરતી) ઓટ; પડદો, અંતરાય; ઊતરતી હાલત; ઘટાડો; પડછાયો; સંતાવાની જગ્યા; પૈડાની નીચે મુકાતું લાકડું; સામું થવું તે; એક જાતનું ઘઉંના છોડને મળતું ધાન્ય.

કહેવતોના અર્થ: 'એ પાણીએ મગ નહિ ચડે.'–ગમે તેટલા પ્રયત્નો છતાં યે કોઈ પાસેથી ધાર્યું કામ ન નીકળી શકે એમ હોય ત્યારે રસોઈના રૂઢિપ્રયોગવાળી આ કહેવત તેને ઉદ્દેશીને વપરાય છે. પ્રયત્નોનું મિથ્યાત્વ દર્શાવતી એવી બીજી કહેવતો: 'રેતીમાંથી તેલ કાઢવા જેવું'; 'બકરીના ગળાના આંચળમાંથી દૂધ કાઢવા જેવું'; 'પાણી વલોવવા જેવું' વગેરે.

ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૮૯	૯૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭૮	૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭	૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬	૬૫૪૩૨૧
૧૨૩૪૫	૫૪૩૨૧
૧૨૩૪	૪૩૨૧
૧૨૩	૩૨૧
૧૨	૨૧
૧	૧
૧૦૮૩૬૭૬૨૬૯	૧૦૮૩૬૭૬૨૬૯

ગણિતમાં વપરાતું=(બરાબરનું) ચિહ્ન રૉબર્ટ રેકર્ડ નામના માણસે શોધી કાઢ્યું. ૧૫૫૭ માં લખેલા પોતાના બીજ ગણિતના પુસ્તકમાં તે જણાવે છે કે 'બરાબર એ શબ્દ વારંવાર લખવાથી કંટાળીને મેં સરખી લંબાઇની બે ટૂંકી લીટી લખવાની રીત શોધી. બંને લીટી સરખી હોઈ રકમોનું સરખાપણું સૂચવે, અને વળી લેખનમાં સહેલી. (૨૫)



બોલીવિયા ને પેરૂ વચ્ચે ઍન્ડીઝ પર્વતોમાં આવેલા ટીટીકાકા સરોવરમાં દરિયાની સપાટીથી ૧૨૦૦૦ ફૂટ ઊંચે પણ મોટી સ્ટીમરો ચાલે છે! સ્કૉટલંડમાં બનાવેલી સ્ટીમરો અહીં લાવીને છૂટી કરી, પર્વત પર ચડાવી, ફરી જોડીને નાંગરવી પડે છે.

> ¶ નાણું સિંહની જેમ ગર્જના કરતું આવે છે, પણ સાપની જેમ ગુપચુપ સરી જાય છે.

ખુરશીના ઢીલા થએલા નેતરને તંગ કરવા માટે અરીઠાનાં ફીણ ચોળીને સુકાવા દેજો. ત્રણેક વાર આમ કરવું પડશે. (૨૫)

હનુમાનને તેલ શાથી ચડે છે? ઘી બહુ શક્તિદાયક ગણાય છે; પણ તેલનો માલિશ તેનાથી યે ચડે છે (૨૫)

જાયફળને દૂધમાં ઘસીને થોડા દિવસ લાગટ ખીલ પર લગાડી જોજો.

શાહીના ડાઘ ન જતા હોય તો રાંધેલા ભાત ઘસીને ધોઈ જોજો. (૨૫)

શિક્ષકે પૂછેલા અઘરા સવાલથી મૂંઝાઇને કનુ ગભરાતો ગભરાતો મૂંગો ઊભો રહ્યો. શિક્ષકે સમભાવથી પૂછ્યું, 'ગભરા નહિ, કનુ. બોલ, આ પ્રશ્ન તને કંઇ ગૂંચવે છે?'

કનુએ ધીમેથી કહ્યું, 'સાહેબ, સવાલ નહિ પણ તેનો જવાબ મૂંઝવે છે.'



કલાકણિકા: મદુરા(દક્ષિણ હિંદ)નું સુંદર ત્રાંબાનું દીપપાત્ર: જેનો હાથો શેષનાગ અને ગરુડની આકૃતિનો છે. પાત્રમાં તેલ ભરવામાં આવે છે અને આગળના ભાગની દીવીમાં દીપક પ્રકટાવવામાં આવે છે, જેના ઉપર પણ ગરુડ આદિની મૂર્તિઓ છે. આ દીપ-પ્રકાર નેપાળનો છે અને તેને ઘટ-દીપ કહે છે.


પાર્વતી-પરમેશ્વર
ગુપ્ત યુગનું
ગુજરાતનું શિલ્પ
(જુઓ આ અંકમાં-
ના લેખ)



વડોદરાની દક્ષિણ-પૂર્વે પાંચેક માઈલ દૂર આવેલા કપૂરાઈ ગામમાંથી મળેલી જગતનાં માતાપિતારૂપ પાર્વતી-પરમેશ્વરની આ આલિંગનમૂર્તિ ગુજરાતમાં ગુપ્તયુગમાં પાંગરેલી કલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. પ્રકૃતિ અને પુરુષનું એકાત્મ્યસિદ્ધ કરતી અર્ધનારીશ્વરની પ્રતિમા પણ આ જ કાળમાં ભારતે કલ્પેલી હતી. પણ માતાપિતાની આશ્લેષમય સહસ્થિતિની મૂર્તિઓમાં કલાકાર ઘણું રજૂ કરી શક્યો છે. જોકે આ પ્રતિમાનો ઉપરનો મસ્તકનો ભાગ હજી સુધી જડ્યો નથી, પણ બાકીની પ્રતિમા લગભગ અખંડિત છે ને ભારતમાંથી મળેલી આવી અન્ય પ્રતિમાઓમાં તે શ્રેષ્ઠ કોટિની પ્રતિમા છે. શિવ ને પાર્વતીનાં અંગોના સરળ વળાંકમાં કલાકારે જગતનાં માતાપિતાની સર્જકશક્તિ તથા તજ્જન્ય આનંદને જાણે નૃત્ય અને સંગીતની પરિભાષામાં રજૂ કર્યાં છે! ચિત્રકારની પીંછી જે સરળ ભાવે ફરી વળે, એટલી સરળતાથી કલાકાર આ પાષાણમાંથી આટલી સુંદર પ્રતિમા કંડારી કાઢે છે. પાછળ ઊભેલા નંદિની સ્થિર આકૃતિ પ્રકૃતિ-પુરુષના આ પ્રેમાલિંગનને, આ ભાવૈક્યને અને તેથી ઉપજતાં આનંદ અને નૃત્યને વધુ વેગ આપે છે. અને આ બધું થોડી પણ જોરદાર રેખાઓથી, થોડાંક જ અલંકરણોથી કલાકારે રજૂ કર્યું છે. ગુપ્ત યુગની પ્રજાનો આ આદર્શ હતો સંયમ. અને તે વિચારમાં, વાણીમાં, વર્તનમાં, કલામાં. એ ન હોત તો જે સ્વરૂપમાં આજે ભાગવત અને અન્ય પુરાણો, તર્કશાસ્ત્રો, સર્વશ્રેષ્ઠ ગ્રંથો, મહાકાવ્યો, શ્રેષ્ઠ નાટકો અને શ્રેષ્ઠ કલાકૃતિઓ મળ્યાં છે તે મળત નહિ. (જે બધાંનું આ સ્વરૂપ ગુપ્ત યુગમાંનું છે.) કવિકુલગુરુએ જે કહ્યું છે તે જ સૌંદર્યનો આદર્શ હતો—यदुच्यते पार्वति पापवृत्तये न रूपमित्यव्यभिचारि तद्वचः। ગુપ્તકાલીન સ્ત્રી અને પુરુષ સૌંદર્યપ્રેમી હતાં જરૂર, પણ સંયમની, આત્મનિગ્રહની લગામ હાથમાં રાખેલી હતી.



'જુઓ અલ્યા... જુઓ, પેલો પાછો આવે છે!' કાર્ટૂનિસ્ટ 'વિકી' જે દિવસે 'ડેઇલી મિરર' પત્રમાં જોડાયો તે પહેલે જ દિવસે પ્રસિદ્ધ થએલું કાર્ટૂન, જેમાં 'વિકી'એ પોતાના આગમનથી જગતના જુદા જુદા અગ્રણી નેતાઓમાં કેવી લાગણી પ્રવર્તશે તે દર્શાવ્યું છે. એ કાર્ટૂન-કલાકાર 'વિકી'નો પરિચય આપતો લેખ આ અંકમાં આપ્યો છે.



'રોકડો અને સણસણતો જવાબ': રાજદ્વારી પુરુષોના ભાષણ પાછળની ભાવનાને વ્યક્ત કરતા, 'ન્યૂ સ્ટેટ્સમૅન' પત્રમાં આવેલા આ કાર્ટૂનમાં, ભાષણ કરનારની યુદ્ધની ધમકી, તેના લાંબા થતા જતા મુખે અંતે તોપના લીધેલા રૂપ દ્વારા વ્યક્ત કરી છે. 'વિકી'ની ખૂબી વિષયનો શ્લેષ કરીને દર્શનાત્મક બનાવી તેનો હાસ્યમાં લોપ કરી નાખવામાં રહેલી છે.



તરંગ : કલાકાર· જગમોહન મિસ્ત્રી
આ અંકમાં અન્યત્ર સમજાવેલી 'સિલ્ક-સ્ક્રીન પ્રિન્ટિંગ પ્રોસેસ' નામની એક વિશિષ્ટ છાપકામ-પદ્ધતિ વડે મૂળ આઠ રંગમાં છાપેલા ચિત્રની ત્રિરંગી બ્લૉકમાં છાપ